માર્ચ-૨૦૨૬
વર્ષ : ૧૮
અંક : ૦૯
મુલ્ય : રૂ. ૪૦/-

સહ વીર્યં કરવાવહૈ

શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભા સંચાલિત સમાજનું મુખપત્ર

# સેતુ સમાજ સંદેશ

Unity is our Strength (માસિક)




શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય (મિસ્ત્રી) સમાજ - અંજાર વિશ્રાંતિ ભવન-૨ લાકોર્પણ સમારોહ પ્રસંગે ઉદ્‌ઘાટન કરતા મહાસભાના આદ. પ્રમુખ 'સમાજરત્ન' શ્રી વિનોદભાઇ પુરૂષોત્તમભાઇ સોલંકી, ઘટક પ્રમુખશ્રી વિનોદભાઇ મોહનલાલ ખોડિયાર તથા સર્વે મહાનુભાવશ્રીઓ....



ગોવર્ધન પર્વત મધ્યે આયોજિત આધ્યામિક પ્રવાસમાં દીપ પ્રાગટ્ય પ્રસંગે ઉપસ્થિત મહંત શ્રી ત્રિકમદાસજી મહારાજ, મહાસભાના વરિષ્ઠ ઉપપ્રમુખ ડો. મનોજભાઈ સોલંકી, આયોજક બ્ર.કુ.બાબુભાઈ પરમાર, વક્તાઓ બ્ર.કુ. ગિરીશભાઈ, બ્ર.કુ. ગીતાબેન, મહિલા પ્રાદેશિક પ્રમુખ શ્રીમતી રીટાબેન ચૌહાણ, હોદ્દેદારો તથા કચ્છના મહિલા મંડળના પ્રમુખશ્રીઓ..

## શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભા

**અર્ધવાર્ષિક અધિવેશન એવં અ.ભા.સ્તરનું વિરાટ સગપણ સંમેલન**

**તારીખ : ૦૬ અને ૦૭ જુન-૨૦૨૬, શનિવાર, રવિવાર - દેવભૂમિ દ્વારકા**

*If undelivered please return to :*
Setu Samaj Sandesh
C/o. Shree K.G.K. Samaj Bhavan
Nr. Townhall,
ANJAR - KUTCH 370 110.
Ph. : (02836) 246511

RNI NO. GUJ GUJ / 2008/25938
Postal Registration No. G-KCH-185/2026-2028
Posted at S.O. BHUJ on 2nd of Every Month.







Late Karmsinh Madhavji Tank
(Sinogra)

**Mr. Prafulchandra K. Tank**
Mob: +91 9825053258

**Mr. Kishan P. Tank**
Mob: +91 9925811599

KCI

# KARMA CHEMICAL INDUSTRIES

Manufacturer of : BASIC DYES
**RHODAMINE B 540%**
**Basic Violet 10 & Other Qualities**
**BASIC RHODAMINE B BASE**
BASIC DYES FOR
**Paper, Textile Printing & Leather**

**Factory** : 67/6, Phase 1, G.I.D.C ,Vatva.
Ahmedabad-382445 , ph:079-25890110

**Residence** : 21,22/D Ramkrishna Soc; Near Aavkar hall; Maninagar;
Ahmedabad-380008. ph:079-25462812

**E-mail** : karmachemical@gmail.com, tankishan5115@gmail.com


|| વિદ્યાદાન મહાદાન || || પરમ પૂજ્ય શ્રી ગંગા મૈયા ધ્રુવ સ્મૃતિ || || સા વિદ્યા યા વિમુક્તયે ||

# શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય કન્યા છાત્રાલય – કુકમા (કચ્છ)

ટ્રસ્ટ રજી. નં. ૧૧૭૪ (કચ્છ) સ્થાપના : તા. ૩૦/૭/૧૯૯૪) પો. કુકમા (તા. ભુજ - કચ્છ) ૩૭૦ ૧૦૫. ફોન નં. (૦૨૮૩૨) ૨૭૧૩૫૪

કન્યા કેળવણીના ક્ષૈત્રે ભારત વર્ષમાં આપણા સમાજનું એકમાત્ર છાત્રાલય કુકમા (કચ્છ) મુકામે સમાજબંધુઓના સહયોગથી બંધારણીય રીતે સ્થાપવામાં આવેલ છે. દેશ-પરદેશ વસતા શુભેચ્છકો તથા ઉદાર દિલ દાતાશ્રીઓના સહયોગથી તેમજ નિષ્ઠાવાન કાર્યકર્તાઓની જહેમતથી છાત્રાલયનું સંચાલન સુચારૂ રૂપે થઇ રહ્યું છે. હાલે ધો. ૫ થી કોલેજકક્ષા સુધીની વિદ્યાર્થીનીઓને છાત્રાલયમાં પ્રવેશ આપવામાં આવે છે.

આપના દાનની રકમ બેંક ઓફ બરોડા - માધાપર એકાઉન્ટ નં. **09460100003842**માં જમા કરાવી માનદ્ વ્યવસ્થાપક શ્રી મોહનલાલ કુંવરજીભાઇ ચૌહાણ મો. **09427767810**ને છાત્રાલયના સરનામે જાણ કરવાથી રસીદ મોકલી આપવામાં આવશે.



દર મહિનાની ૨જી તારીખે પ્રસિદ્ધ થતું માસિક

(Subject To Anjar Jurisdiction Only)

: પ્રેરણા સ્ત્રોત :

સમાજના શીલ, શિક્ષણ અને સહકારનું માસિક

# સેતુ સમાજ સંદેશ

સંસ્થાપક અને આદ્યતંત્રીશ્રી : વૈદ્યરાજ સ્વ. પ્રાગજીભાઈ મોનજીભાઈ રાઠોડ

માલિક એવં પ્રકાશક :
'સમાજરત્નશ્રી'
વિનોદભાઇ પુરૂષોત્તમભાઇ સોલંકી
પ્રમુખશ્રી, મહાસભા (માધાપર-કચ્છ)

વર્ષ : ૧૮ અંક : ૦૯ માર્ચ-૨૦૨૬

'સમાજરત્ન'



સ્વ. હિરજીભાઈ ખીમજીભાઈ ચૌહાણ
રત્નાગીરી (મહારાષ્ટ્ર)

'સમાજ સંરક્ષક'



શ્રી ભરતભાઈ કાંતિલાલ સાવરિયા
રાયપુર (છત્તીસગઢ)

:: માનદ્ તંત્રી ::



ડૉ. મનોજભાઈ પુરૂષોત્તમભાઈ સોલંકી
ચિંતન ફાર્મ, પો. કુકમા, તા. ભુજ (કચ્છ)
M. 9825428100

:: મેનેજીંગ તંત્રી ::



હિતેશ ભોગીલાલ ચૌહાણ
63-65 / B, બંસરીવિલા, ગામ : મેઘપર કુંભારડી,
અંજાર (કચ્છ) 370 110.M. 9067292827

:: પ્રિન્ટીંગ, પોસ્ટીંગ અને ખાતાકીય કાર્ય ::



વિનોદભાઈ લીલાધરભાઈ ચૌહાણ
ભુજ (કચ્છ)

:: આર્થિક સલાહકાર ::



વિનોદભાઈ શાંતિલાલભાઈ જેઠવા
અંજાર (કચ્છ)

:: માર્ગદર્શક - સંયોજક ::



વિનોદભાઈ કેશવજીભાઈ પઢિયાર
અંજાર (કચ્છ)


## સાંપ્રત સમયમાં આપણી સામાજીક ફરજ

દરેક સમાજ તેની ભૂમિકાના પ્રયોજનથી રચના પામેલ છે અને તેનો હેતુ સમાજ સંગઠન અને સમાજ ઉત્કર્ષ માટે નિરંતર પ્રયાસ કરવો એજ સમાજની ભૂમિકા. સમયાંતરે બંને હેતુની પૂર્તિ માટે પ્રયાસો બદલાતા હોય છે. પ્રયાસોનો આધાર જે-તે સમયની સમાજની સ્થિતિના આધારે નિશ્ચિત થાય છે. ઉદાહરણ રૂપ આ વાતને સમજીએ તો આપણા પૂર્વજોને સમાજ ઉત્કર્ષ માટે આવેલ વિચાર અને તેને માટે કોઇ એક વ્યક્તિના પ્રયાસ પર્યાપ્ત નથી માટે સામુહિક પ્રયાસ થવા જોઇએ તે માટે સમાજ સંગઠનની અને સમાજને એક તાંતણે બાંધે તેવી સામાજીક સંસ્થાની રચના કરવામાં આવી. આ સંસ્થામાં સમાજના દરેક વ્યક્તિને જોડવા માટે ત્રિ-સ્તરીય રચનાનો વિચાર કરીને રચના ઉભી કરવામાં આવી. આ સામાજીક રચનાની શક્તિ અને સામર્થ્યથી સમાજની હાલની સ્થિતિનું મુલ્યાંકન કરી સમાજને જે પણ સ્થિતિમાં છે તેનાથી સારી સ્થિતિમાં કઇ રીતે લઇ જવો અને કઇ દિશામાં લઇ જવો તેના માટે ક્યા ક્યા પ્રકારના પ્રયાસોની જરૂર છે તે માટે શું કાર્યક્રમો કે કાર્ય કરવા તેની યોજના બનાવી તેના અમલીકરણ માટેના સાતત્યપૂર્ણ પ્રયાસ માટે સમાજનો એક સમુહ પ્રતિબદ્ધ બની કાર્યમાં લાગ્યો અને આજે એ તમામ વિચારો અને પ્રયાસોનું મીઠું ફળ આપણે ચાખી રહ્યા છીએ.

આજે અન્ય સમાજની સાપેક્ષમાં સામાજીક પરિસ્થિતિના માપદંડોથી સરખામણી કરીએ તો આપણો સમાજ ઘણો આગળ પડતો જોવા મળે છે. આપણે અન્ય સમાજથી ૨૫ થી ૩૦ વર્ષ આગળ ચાલી રહ્યા છીએ. સમાજને કુરીવાજોથી, કુસંસ્કારોથી, વ્યસનોથી બચાવી અને આર્થિક સુવિધા, શૈક્ષણિક, વ્યવસાયીક ક્ષેત્રમાં આગળ પડતા જોવા મળીએ છીએ. તેની પાછળ ૫૦ વર્ષ પહેલાનું વડીલો, આગેવાનોનું નક્કી કરેલ લક્ષ્યનું ફળ છે. આજે આ વાત કરવા પાછળનો હેતુ એ છે કે, આજે આપણે સૌ પદાધિકારીઓ સમાજનું નેતૃત્વ અને આગેવાનીની જવાબદારી લીધી છે ત્યારે આજે આપણે આપણા વડીલોની પરંપરા અને ઇતિહાસથી પ્રેરણા લઇ આપણું કર્તવ્યનો વિચાર કરી સાંપ્રત સમયમાં અને આવતા વર્ષોમાં સમાજનું સંગઠન બની રહે અને સમાજનો ઉત્કર્ષ ઉતરોત્તર વધુ થાય તે માટેની યોજના બનાવવા કેટલાક આમુલ બદલાવની આવશ્યકતાને સમજી આજના યુગમાં રહેન-સહેન, જીવનશૈલી, રીત-રીવાજ, પારીવારીક અને સામાજીક સંબંધો અને આર્થિક સ્થિતિમાં આવનરા નવા પ્રકારના ચેલેંજો કે મુશ્કેલીઓનો અભ્યાસ ઉંડાણપૂર્વક કરી અને આવતા ૨૫ વર્ષ માટે સમાજની શક્તિ, સામર્થ્ય આધારે આગામી કાર્ય યોજનાઓનો વિસ્તૃત વિચાર કરી આવનાર પ્રશ્નોના સમાધાનરૂપી પરિણામ લેવા ઉગ્ર આરોગ્યની ગંભીર સ્થિતિ, નીતિ અને માનવીય મુલ્યોનો હાર્સ, સંબંધો તૂટવા અને રોજગારી અને નોકરીની સતત બદલાતી સ્થિતિમાં ટકી રહેવા માટે આગામી દિશા આપવાના પ્રયત્નનો પ્રારંભ કરવામાં આવ્યા છે અને આ બાબતની ગંભીરતા લઇ સમાજના દરેક લોકોનો સહયોગ પણ મળી રહ્યો છે. જેમ કે કેળવણીની દિશામાં વોકેશનલ એજ્યુકેશનથી નાના-મોટા કૌશલ્યના કોર્ષો, મોટીવેશનલ કાર્યક્રમો, સંસ્કાર શિબિરો, સગપણ સમસ્યા માટે શક્ય તેટલ તમામ પ્રયત્નોનો સઘન પ્રયાસ થી આમ સામાજીક કતવ્યને જાગૃત કરી આપણી આવતી ભાવી પેઢીને સંપતિના વારસાની સાથે સારા સ્વસ્થ, સામાજીક અને માનવીયતા પૂર્ણ વ્યક્તિત્વનો વારસો મળી રહે તેવા શુભ વિચારને વાસ્તવીક્તામાં પરિપૂર્ણ કરવા માટે કટીબદ્ધ બનવાનો એક સહીયારો પ્રયાસ કરવો એજ આજના સાંપ્રત સમયની આપણી સામાજીક ફરજ છે.

- તંત્રી


મુખ્ય કાર્યાલય :
શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય (મિસ્ત્રી)
સમાજ ભવન,
ટાઉન હોલ પાસે,
અંજાર (કચ્છ) ૩૭૦ ૧૧૦

વાર્ષિક લવાજમ : ₹ ૫૦૦
આજીવન લવાજમ : ₹ ૩૦૦૦

મહાસભા વેબસાઇટ
app.kgksamaj.org

રકમ કોઇપણ HDFC Bank - Anjar ની શાખામાં
"Shree K G K Samaj Mahasabha - Setu Samaj" ના
Saving A/c. No. 50100707870901 IFSC Code -HDFC0008795 માં ભરી શકાય છે.
E-mail : setusamaj@gmail.com

ખાસ નોંધ : ★ સરનામામાં ફેરફાર અથવા સુધારા-વધારા તેમજ વિજ્ઞાપન બાબતે જાણકારી મેળવવા માટે 9067292827 નંબર પર S.M.S. / Whatsapp કરવા વિનંતી. મેસેજમાં ગ્રાહક નંબર, પુરૂ નામ - સરનામું લખવું અનિવાર્ય છે. ★ સેતુ સમાજ સંદેશમાં પ્રકાશીત થતા અહેવાલ, વિચાર, પત્ર, જાહેરખબર, લેખ વગેરેની વિગત સાથે તંત્રીશ્રી, મહાસભાના પદાધિકારીઓ સહમત હોય એ જરૂરી નથી. વિગતને લખનારના વ્યક્તિગત વિચારો સમજવા.

Reg. No. : S/12386 of 1972-73 West Bengal Societies Act - XXVI of 1961

# શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભા




પ્રમુખશ્રી મહાસભા
'સમાજરત્ન'
શ્રી વિનોદભાઈ પુરૂષોત્તમભાઈ સોલંકી
જુનાવાસ, પો. માધાપર, તા. ભુજ (કચ્છ) 370 020
Mob. 9925229079

સહ વીર્યં કરવાવહૈ

વરીષ્ઠ મહામંત્રીશ્રી મહાસભા
શ્રી વિનોદભાઈ મોહનલાલ ખોડિયાર
'ખોડિયાર કૃપા' પ્લોટ નં. 8,
કામધેનુ સોસાયટી-1, અંજાર (કચ્છ) 370 110
Mob. 09408244644




## પ્રમુખ સ્થાનેથી...



શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભાની આગામી **અર્ધવાર્ષિક બેઠક અને સગપણ સંમેલન**નું આયોજન ગુજરાત પ્રાદેશિક સમિતિ અંતર્ગત આવતા **દેવભુમિ દ્વારકા** મધ્યે **તા. ૬ અને ૭ જુન-૨૦૨૬**ના બે દિવસ દરમ્યાન આયોજીત કરવાનું નક્કી કરવામાં આવેલ છે. ગુજરાત પ્રાદેશિક સમિતિના હોદ્દેદારશ્રીઓ અને ઓખા મંડળ ટ્રસ્ટની અદમ્ય ઈચ્છા અને ભગવાન દ્વારિકાધીશની પાવન ભુમી પર યોજાઇ રહેલ અર્ધવાર્ષિક બેઠકમાં વધુમાં વધુ કાર્યવાહક સભ્યશ્રીઓ ઉપસ્થિત રહે તેવી વિનંતી કરૂં છું. સાથે સાથે સગપણ સમસ્યાના હલ માટે પરણવાલાયક કુમાર-કુમારીકાઓ તેમજ તેમના માતા-પિતા જરૂરથી આ સંમેલનમાં ભાગ લઇ આપના બાળકોને પુરતી પસંદગી મળી રહે અને તેમનું સુખમય જીવન વધુ ઉન્નત બને તેવા પ્રયત્નો કરવા આહવાન કરૂં છું.

સગપણ સમસ્યા તેમજ પાત્રોની પસંદગી માટે સામાજીક સ્તરે થઇ રહેલ પ્રયત્નોમાં કચ્છ પ્રાદેશિકની ટીમ ખુબજ સારી રીતે પરિણામલક્ષી કાર્યક્રમ કરી રહી છે. ગઇ તા. ૩૦-૦૧-૨૦૨૬ના ગોવર્ધન પર્વત - સતાપર મધ્યે એક સમિતિની ઘોષણા કરી ૨૦ ઘટકમાં લગભગ ૪૫ મેન્ટર ભાઇ-બહેનોની નિમણુંક કરવામાં આવી હતી.

તા. ૧૬-૦૨-૨૦૨૬ના રોજ કુકમા મધ્યે મેન્ટરશ્રીઓની એક દિવસીય કાર્ય શાળાનું આયોજન પણ ખુબજ સફળતાપૂર્વક કરવામાં આવ્યું હતું. દરેક ઘટકોના મેન્ટરશ્રીઓ પ્રારંભીક તબક્કામાં પોતાના ઘટકના સગપણલાયક પાત્રોના ડેટા તૈયાર કરી તેને ઉંમર, અભ્યાસ, આર્થિક સદ્ધરતા, પાત્રની પસંદગી જેવા અલગ-અલગ કેટેગરીમાં વિભાજીત કરી પુરી પ્રાદેશિકની માહિતિ એકત્ર કરવા અને લીસ્ટેડ કરવામાં આવશે. આ માહિતિને આધારે દરેક ઘટકના મેન્ટરશ્રીઓ તેનો અભ્યાસ કરી પોતાના ઘટકના પાત્રોને અનુરૂપ પાત્રનું લીસ્ટ બનાવી પાત્રોના મા-બાપનો તેમજ અનુરૂપ પાત્રના મેન્ટરશ્રીનો સંપર્ક કરી પ્રબળ માધ્યમ બની રહેશે અને અસર-પરસના સંપર્ક દ્વારા આ સમસ્યા બની શકે તેટલી હદે ઉકેલવા પ્રયત્ન કરશે.

મિત્રો, મહાસભાની દરેક પ્રાદેશિક સમિતિઓ માટે આ એક પાયલોટ પ્રોજેક્ટ બની રહેશે આપણે કેટલા સફળ થઇશું એ તો સમય જ બતાવશે. પરંતુ પરિણામને બાજુ પર મુકી સામાજીક કાર્યકર્તા તરીકેનું આપણું કર્મ સારી રીતે કરશું તો પરિણામ તો આપણા બધાના હૃદયમાં બીરાજમાન પ્રભુ શ્રીરામ આપણને સફળતા અપાવશે જ તેમાં કોઇ શંકાને સ્થાન નથી. અપેક્ષા રહિત કર્મ જ મનુષ્યને ઉન્નત બનાવવામાં મુખ્ય ભાગ ભજવે છે અને પરમકૃપાળુ પરમાત્મા સફળતા અપાવશે તે પણ નિશ્ચિત છે. માટે દરેકે દરેક પ્રાદેશિકના સગપણલાયક પાત્રોના ડેટા બધાને મળી રહે તેવા પ્રયત્નો કરવા પ્રાદેશિક સમિતિઓના દરેક હોદ્દેદારશ્રીઓને આહવાન કરૂં છું.

સાથે સાથે ઘટક પ્રમુખશ્રીઓ અને તેની બંને પાંખોના હોદ્દેદારશ્રીઓ અને કાર્યકર્તાઓ પોતાના ઘટકના સગપણલાયક પાત્રોના ડેટા એકઠા કરવ માટે પ્રાદેશિક સમિતિને મદદરૂપ થાય. આમ સૌના સહિયારા પ્રયાસોના ફળ સ્વરૂપ આ સમસ્યાને હલ કરવા સૌના સાથ વડે ભગવાન આપ સૌને સફળતા અપાવે તેવી શુભેચ્છા વ્યક્ત કરૂં છું.

# શ્રી ગુર્જર ક્ષત્રિય ગુજરાતી સમાજ, દુર્ગ ઘટક

રજી.નં. 1944

## દુર્ગ ઘટકના
## નવા ભવ્ય, બહુઉદ્દેશિય સુસજ્જીત સમાજ ભવન નિર્માણ હેતુ દાનદાતાઓંની યાદી



**₹ 3,51,000**



સ્વ. ધીરજલાલભાઈ રૂડાભાઈ સોલંકી
ની પુણ્ય સ્મૃતિમાં હસ્તે
ગં.સ્વ. પુષ્પાબેન ધીરજલાલભાઈ સોલંકી
દેશમા ગામ- વીડી, હા.મુકામ- દુર્ગ

**રૂ. 51,000/-**
**સ્વ.મણી બેન વલમજી ભાઈ સોલંકી**
ની પુણ્ય સ્મૃતિમાં હસ્તે
શ્રી યુવરાજભાઈ વલમજીભાઈ સોલંકી
દેશમા ગામ-વીડી, હા.મુકામ- દુર્ગ

**રૂ. 5,551/-**
**શ્રી હર્ષભાઈ આત્મારામભાઈ ટાંક**
દેશમા ગામ- ખંભરા, હા.મુકામ- દુર્ગ

## નિર્માણ સ્થલનાં વાસ્તવિક ચિત્રોં










સર્વે ભામાશાહો,
ઉદાર દિલ દાનદાતાઓં, સેવાભાવી સમાજ બાંધવોંને
હ્રદયનાં અંતઃકરણથી નમન-વંદન-અભિનંદન અર્પિત કરીયે
છીએ... આપ સર્વેના આ મહાદાનનેં અમારા દુર્ગ ઘટક વતી
આભાર... આભાર..... આભાર.....

બહુઉદેશીય-ભવ્ય સમાજ ભવનના
નિર્માણનુ કાર્ય પણ વૃહદ છે...
ફુલ અને ફુલની પાંખડ઼ી રૂપી
આર્થિક સહાયની અપેક્ષાઓં સાથે....

**....પીસેગાંવ, દુર્ગ સમાજ ભવન નિર્માણ સમિતિનાં સમસ્ત સભ્યગણોં.....**

**વિશેષ-** બહાર ગામથી કાર્ય હેતુ આવતા સમાજ બાંધવો માટે દુર્ગ સમાજ ભવનમા વ્યાજબી શુલ્ક સાથે રોકાવાની સગવડ ઉપલબ્ધ છે

માનવંતા દાનદાતાઓંની શેષ યાદી આવતા અંકમા સાદર જાહેર કરવામાં આવશે.....(યાદી અપૂર્ણ)

RAJUL #8839402752

# Congratulations




## Meenal Rajesh Rathod

for her Master's Graduation

For this wonderfull achievement on her Master's Graduation in Public Administration !

*We are so proud of her completing her Master's degree. Her hardwork, dedication, have truly paid off, and today marks a very special milestone in her journey.*

*As a family, we have watched her grow with confidence and purpose, and it brings us great joy to see Meenal reach this goal.*

*Her choice to serve society reflects her compassion, strength, and commitment to making a positive difference in the world. May this achievement open door to new opportunities with meaningful impact. We wish Meenal success and happiness in everything She pursues.*

*We are incredibly proud of her, no matter how far she goes, she will always carry the love, prayers, and support of her family. We celebrate her today, and we will continue to stand beside her in every step that follows.*

*With Love & Best Wishes....*

| | | | | | |
|---|---|---|---|---|---|
| **Amrutben Dayaram Rathod** | Grandmother | **Kenya** | **Induben Himatlal Chauhan** | Fai | **Madhapar** |
| **Rajesh Dayaram Rathod** | Father | **Kenya** | **Hansaben Vrajlal Chauhan** | Fai | **Madhapar** |
| **Sheelaben Rajesh Rathod** | Mother | **Kenya** | **Jayshreeben Vinod Rathod** | Fai | **Anjar** |
| **Rakshit Rajesh Rathod** | Ygr. Brother | **Kenya** | **Ashaben Ramesh Chauhan** | Masi | **Bangalore** |
| **Ruchi Kaushal Rathod** | Sister | **Kenya** | **Bhartiben Kantilal Thacker** | Masi | **Bhuj** |
| **Janki Kaushal Rathod** | Niece | **Kenya** | | | |



# શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભા

# મહાસભા મેરેજ બ્યુરો સમિતિ

પ્રભારી : શ્રીમતી અમિતાબેન વિજયભાઈ સોલંકી – ભુજ

**શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભા** દ્વારા માર્ગદર્શિત

**મેરેજ બ્યુરો સમિતિ** દ્વારા સહકારિત

**શ્રી ક.ગુ.ક્ષ. સમાજ ગુજરાત પ્રાદેશિક સમિતિ** દ્વારા પ્રેરિત

**શ્રી ક.ગુ.ક્ષ. સમાજ દ્વારકા ઘટક** દ્વારા આયોજીત

## અખિલ ભારતીય વિરાટ સગપણ સંમેલન – દેવભૂમિ દ્વારકા

**તા. ૦૬, ૦૭ જુન–૨૦૨૬, શનિવાર, રવિવાર**

આત્મિય સર્વે સમાજબાંધવો,

અત્યંત હર્ષનો વિષય છે કે, મહાસભાના આદ. પ્રમુખ 'સમાજરત્ન' શ્રી વિનોદભાઈ પુરુષોત્તમભાઈ સોલંકીના માર્ગદર્શનમાં મહાસભા મેરેજ બ્યુરો સમિતિ દ્વારા ગુજરાત પ્રાદેશિક સમિતિ અંતર્ગત દ્વારકા ઘટકના આતિથ્ય આંગણે વિરાટ તથા બહુ ઉદ્દેશીય મંગલ પરિચય સંમેલનનું આયોજન થવા જઈ રહ્યું છે. આ બહુ ઉદ્દેશીય મંગલ પરિચય સંમેલનમાં જોડાવવા સમસ્ત ભારત ભરના લગ્ન ઈચ્છુક યુવક-યુવતીઓને તેમજ સમસત સમાજબંધુઓને હાર્દિક નિમંત્રણ પાઠવવામાં આવે છે.

**ઓનલાઈન રજીસ્ટ્રેશન ફોર્મ ભરવાની લીંક, કાર્યક્રમની રૂપરેખા તેમજ સગપણ સંમેલનની વિશેષ માહિતિ સમાજનાં વિવિધ વોટ્સએપ ગ્રુપમાં મેસેજ કરવામાં આવશે તેમજ સેતુ સમાજ સંદેશના આવતા અંકમાં પ્રકાશિત કરવામાં આવશે.**

# ઓસ્ટ્રેલિયા ઘટક દ્વારા આયોજિત દિવાળી સ્નેહ મિલનનો અહેવાલ



શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ ઓસ્ટ્રેલિયા ઘટક દ્વારા દિવાળી સ્નેહ મિલન સમારોહનો કાર્યક્રમ તારીખ ૧-૧૧-૨૦૨૫ના શનિવારે ઓસ્ટ્રેલિયા ઘટકના ઉપપ્રમુખ શ્રી હિમાંશુભાઈ રાઠોડના નિવાસ સ્થાને રાખવામાં આવ્યું હતું.

દિવાળી સ્નેહ મિલન સમારોહમાં ઓસ્ટ્રેલિયા ઘટકના સમસ્ત બાંધવોની પુર્ણ રૂપે ઉપસ્થિતિ રહી હતી. દિવાળી સ્નેહ મિલન સમારોહની શરૂઆત દિવાળીના દીપ પ્રગટાવીને કરવામાં આવી હતી, ત્યાર બાદ બાળકોએ ભજન અને સ્તુતિ પ્રસ્તુત કર્યા બાદ આબુરોડ ઘટકના પ્રમુખ દ્વારા ઓસ્ટ્રેલિયા ઘટકના ઉપપ્રમુખ શ્રી હિમાંશુભાઈ રાઠોડનો આભાર વ્યકત કરવામાં આવ્યો હતો ત્યાર બાદ સમસ્ત બાંધવોએ હાઉજી રમી હતી અને જીતની રકમ ઓસ્ટ્રેલિયા ઘટકના ફંડમાં જમા કરાવી હતી. સ્નેહ મિલનના સમાપન પછી બધા સમાજબાંધવોએ ગ્રુપ ફોટો પડાવ્યો હતો, ત્યાર પછી સ્વરૂચી ભોજનનો આનંદ લઇ વિદાય લીધી હતી.

# શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભા



**કોષાધ્યક્ષ, મહાસભા**
શ્રી હિતેશભાઇ મગનભાઇ વરૂ
રમણ મંદિર વોર્ડ, કુમ્હાર પારા,
ફાફાડીહ, પો. રાયપુર (છ.ગ.)
મો. ૯૩૦૦૬૮૮૭૬૩

સહ વીર્યં કરવાવહૈ

**સહ કોષાધ્યક્ષ, મહાસભા**
શ્રી પાર્થ જશવંતરાય ચાવડા
જુના વાસ, પો. ચંદીયા,
તા. અંજાર (કચ્છ)
મો. ૯૯૯૮૦૮૭૩૩૯
Pjchavda94@gmail.com



## રાયપુર કાર્યાલય

| આવક | જાન્યુઆરી-૨૦૨૬ | જાવક | |
|---|---|---|---|
| એફ.ડી. વ્યાજ | ૧૩,૬૩૨.૦૦ | સેલરી | ૨૩,૦૦૦.૦૦ |
| લગ્ન લાગા | ૪,૬૦૦.૦૦ | મહિલા ઉત્કર્ષ સમિતિ | ૨૦,૦૦૦.૦૦ |
| | | લગ્ન લાગા (ઘટક) | ૨,૩૦૦.૦૦ |
| | | ન્યાયપંચ સ્ટેમ્પ ડ્યુટી ખર્ચ | ૪૮૦.૦૦ |
| | | ન્યાયપંચ મીટીંગ ખચ | ૬૭૫.૦૦ |
| | | પોસ્ટેજ ખર્ચ | ૫૨.૦૦ |
| | | કુલ બચત | -૨૮,૨૭૫.૦૦ |
| કુલ | ૧૮,૨૩૨.૦૦ | કુલ | ૧૮,૨૩૨.૦૦ |

## અભિલાષા

| આવક | ડિસેમ્બર-૨૦૨૫ | જાવક | |
|---|---|---|---|
| 'સમાજરત્ન' શ્રી વિનોદભાઇ પી. સોલંકી - માધાપર | ૧૧,૦૦૦ | --- --- | --- |
| શ્રી બાબુલાલ સામજીભાઇ ચૌહાણ - માધાપર | ૨,૧૦૦ | | |
| શ્રી દિલીપભાઇ કેશવજીભાઇ ચાવડા - રાયપુર | ૨૫,૦૦૦ | | |
| શ્રી જીતેન્દ્રભાઇ રણજીતભાઇ પરમાર - બાલાઘાટ | ૨,૧૦૦ | | |
| શ્રી સુરેશભાઇ બલરામભાઇ ટાંક - અંજાર | ૧૧,૦૦૦ | --- --- | --- |
| ડૉ. શ્રી બકુલચંદ્ર ચાવડા - હૈદ્રાબાદ | ૨,૧૦૦ | | |
| શ્રી હર્ષદભાઇ કેશવજીભાઇ - રાયપુર | ૫૦૦ | | |
| કુલ | ૧૩,૬૦૦ | | |

| આવક | જાન્યુઆરી-૨૦૨૬ | જાવક | |
|---|---|---|---|
| 'સમાજરત્ન' શ્રી વિનોદભાઇ પી. સોલંકી - માધાપર | ૧૧,૦૦૦ | સુરેન્દ્રનગર ઘટક : લાભાર્થી - ૩ | ૩૦,૦૦૦ |
| શ્રી બાબુલાલ શામજીભાઇ ચૌહાણ - માધાપર | ૨,૧૦૦ | અંજાર ઘટક : લાભાર્થી - ૧ | ૧૫,૦૦૦ |
| ડૉ. શ્રી બકુલચંદ્ર હરીરામ ચાવડા - હૈદ્રાબાદ | ૨,૧૦૦ | રાઉરકેલા ઘટક : લાભાર્થી - ૧ | ૧૦,૦૦૦ |
| | | અમદાવાદ ઘટક : લાભાર્થી - ૧ | ૧૦,૦૦૦ |
| | | સિનુગ્રા ઘટક : લાભાર્થી - ૨ | ૧૦,૦૦૦ |
| | | ઓખા ઘટક : લાભાર્થી - ૧ | ૫,૦૦૦ |
| | | કુલ : લાભાર્થી - ૯ | ૮૦,૦૦૦ |

# સંજીવની-અન્નપુર્ણા

## આવક (સંજીવની) (જાન્યુઆરી-૨૦૨૬)

| ક્રમ | રકમ | નામ | પહોંચ નંબર |
|---|---|---|---|
| ૧ | ૬,૦૦૦ | શ્રી નવિનભાઇ પ્રેમજીભાઇ યાદવ - હાજાપર | ૫૦૧ |
| ૨ | ૧,૦૦૦ | શ્રીમતી અનસુયાબેન જેરામભાઇ પરમાર - કુકમા | ૫૦૨ |
| ૩ | ૬,૦૦૦ | ગં.સ્વ. માયાબેન ભરતભાઇ વાઢેર - અંજાર | ૫૦૩ |
| ૪ | ૧૧,૦૦૦ | 'સમાજરત્ન' શ્રી વિનોદભાઇ પી. સોલંકી - માધાપર | ૫૦૪ |
| ૫ | ૨૫૦ | શ્રી નિશાંતભાઇ નિલેશભાઇ રાઠોડ - હૈદ્રાબાદ | ૫૦૫ |
| ૬ | ૧,૦૦૦ | શ્રીમતી બબિતાબેન વિજયભાઇ ચૌહાણ - મુંબઇ | ૫૦૬ |
| ૭ | ૫૦૦ | શ્રી પ્રતિકભાઇ નિતિનભાઇ વરૂ - રાઉરકેલા | ૫૦૭ |
| ૮ | ૨,૦૦૦ | શ્રી રાઘવ અશોકભાઇ ટાંક - નાગપુર | ૫૦૮ |
| ૯ | ૫૦૦ | શ્રીમતી પાર્વતીબેન જયંતિલાલ જેઠવા - કલ્યાણ | ૫૦૯ |
| ૧૦ | ૧,૦૦૦ | શ્રી સુભાંષુભાઇ સાવરીયા - પુના | ૫૧૦ |
| ૧૧ | ૨,૧૦૦ | કર્નલ સત્યાન ડી. રાઠોડસર - અમદાવાદ - પુના | ૫૧૧ |
| ૧૨ | ૨,૧૦૦ | શ્રીમતી લેખાબેન બકુલભાઇ ચાવડા - હૈદ્રાબાદ | ૫૧૨ |
| ૧૩ | ૩,૦૦૦ | શ્રી ગોપાલભાઇ પી. ચાવડાસર - હૈદ્રાબાદ | ૫૧૩ |
| ૧૪ | ૧,૫૦૦ | શ્રીમતી હર્ષદાબેન રાઠોડ | ૫૧૪ |
| ૧૫ | ૫૦૦ | શ્રી હર્ષદભાઇ કેશવજીભાઇ ચાવડા | ૫૧૫ |
| ૧૬ | ૫૦૦ | શ્રી ચીમનલાલભાઇ રાઠોડ - રાજનાંદગાંવ | ૫૧૬ |
| | | **આવક (અન્નપુર્ણા) (જાન્યુઆરી-૨૦૨૬)** | |
| ૧ | ૫,૦૦૦ | 'સમાજરત્ન' શ્રી વિનોદભાઇ પી. સોલંકીજી - માધાપર | ૫૫૧ |
| ૨ | ૫,૦૦૦ | શ્રીમતી સુરભીબેન મનોહરભાઇ ટાંક - અમદાવાદ | ૫૫૨ |
| ૩ | ૩,૦૦૦ | ડૉ. કાંતિલાલ પરસોત્તમભાઇ ચાવડાસર - જયપુર | ૫૫૩ |
| ૪ | ૬,૦૦૦ | શ્રી દિપેશકુમાર મગનલાલભાઇ જેઠવા - કલ્યાણ - યુએસએ | ૫૫૪ |
| ૫ | ૧,૫૦૦ | શ્રી ભુપેન્દ્રકુમાર ચંદ્રકાન્તભાઇ ચાવડા - રાયપુર | ૫૫૫ |

### જાવક - (સંજીવની)

| | | |
|---|---|---|
| ૧ | ૩,૦૦૦ | કુમ્હારી ઘટક |
| ૨ | ૧,૦૦૦ | ગળપાદર ઘટક |
| ૩ | ૨,૦૦૦ | સેવા શુલ્ક |

### જાવક - (અન્નપુર્ણા)

| | | |
|---|---|---|
| ૧ | ૪૫,૦૦૦ | ગોંદિયા ઘટક |
| ૨ | ૯,૦૦૦ | કટક ઘટક |
| | ૯,૦૦૦ | કટક ઘટક |


સૌજન્ય

Cell : 94242 12886

**શ્રી હંસરાજભાઈ વૃજલાલભાઈ રાઠોડ**

સેવા નિવૃત્ત - એચ.ઓ.ડી. જલ સંસાધન વિભાગ, સભ્ય - છત્તીસગઢ ઑબિટ્રેશન ટ્રીબ્યુનલ

પૂર્વ પ્રમુખ - શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ સેવા ટ્રસ્ટ

રાયપુર (છ.ગ.)

શ્રીમતી અનુસૂયાબેન હંસરાજભાઈ રાઠોડ

શ્રી યતિનકુમાર હંસરાજભાઈ રાઠોડ

(IRSE) CHIEF ENGR. SEC Rly. Nagpur
METRO PHASE - II G.M. (Design)

શ્રીમતી હીનાબેન યતિનકુમાર રાઠોડ

શ્રી આર્યન યતિનકુમાર રાઠોડ Bangalore

(B.Tech. Comp.Sc.- IIT (Gauhati-Assam)
Occupation : Designer - I in NUTANX
U.S. Based Co-oncloud Computing

।। ॐ શાંતિ ।।

# શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભા

# 'સંજીવની-૫'

*The Lifeline.....*



**શ્રી વિનોદકુમાર શાંતિલાલભાઈ જેઠવા - અંજાર**

(વરીષ્ઠ ઉપપ્રમુખ : શ્રી ક.ગુ.ક્ષ. સમાજ મહાસભા, વિશેષ પ્રભારી : 'સંજીવની'

માહિતિ...
માર્ગદર્શન...
મદદ...

**Sanjivni A/c :- Shri K.G.K. Samaj Mahasabha - IFSC Code PUNB0654100 A/c. No. 6541000100020441 P.N.B. - ANJAR (Kutch-Guj.)**

**Office : C/o. Shantilal Gopalji & Sons, Railway Station Road, Po. Anjar (Kutch-Guj.) 370 110. Mob. 9825163288**

## 'સંજીવની સંકલ્પધારી પરિવાર'

**:: પ્રતિમાસ રૂા. ૧૧૦૦૦ ના પ્લેટીનમ દાતાશ્રી ::**

**'સંજીવની સમ્રાટ' સમાજરત્ન શ્રીમાન વિનોદભાઈ પરસોત્તમભાઈ સોલંકી પરિવાર – માધાપર (પ્રમુખશ્રી મહાસભા)**

**:: પ્રતિમાસ રૂા. ૫૦૦૦ ના પ્રિમિયમ દાતાશ્રી ::**

શ્રી સુનિલભાઈ વિશ્રામભાઈ ચાવડા પરિવાર - હૈદ્રાબાદ
શ્રી ભોગીલાલભાઈ દેવસીભાઈ ચાવડા પરિવાર - મુન્દ્રા
શ્રી કાંતિલાલભાઈ જીવરામભાઈ જેઠવા (મહાત્માજી) પરિવાર - અંજાર
સ્વ. શ્રી મણીલાલભાઈ કેશવજીભાઈ ચાવડા પરિવાર - રાયપુર
સી.એ. શ્રી મુકુન્દભાઈ પુરૂષોત્તમભાઈ ચૌહાણ પરિવાર - સુરત
શ્રી જીગ્નેશભાઈ મગનલાલભાઈ જેઠવા પરિવાર - કલ્યાણ
શ્રી રાજેશભાઈ દયારામભાઈ રાઠોડ પરિવાર (માધાપર) નૈરોબી-કેન્યા-આફ્રિકા
શ્રી સંદિપભાઈ પ્રભુલાલભાઈ ચાવડા - પુના

**:: પ્રતિમાસ રૂા. ૨૧૦૦/૨૦૦૦/-ના માનદ્ દાતાશ્રી ::**

કર્નલ સત્યેન ડી. રાઠોડસર - અમદાવાદ
શ્રી ભુપેશભાઈ શ્યામસુંદરભાઈ ચાવડા - પૂના
શ્રીમતી હેમલતાબેન ચાવડા - પૂના
શ્રી દિપકભાઈ નાનાલાલભાઈ ચૌહાણ પરિવાર - અમદાવાદ
શ્રીમતી મીનાબેન અશોકભાઈ ટાંક (નાગલપર) નાગપુર
શ્રીમતી મીતાબેન અશોકભાઈ રાઠોડ - લાતુર (પ્રભારી : મ.ઉ.સમિતિ - મહાસભા)
સ્વ. માયાબેન લક્ષ્મણભાઈ અરજણભાઈ પરમાર પરિવાર (રેહા) આદીપુર
માતૃશ્રી મંજુલાબેન પોપટભાઈ રાઠોડ (ખંભરા) પરિવાર - રાજકોટ
શ્રી રાજેશભાઈ સુર્યકાન્તભાઈ ચાવડા - ટાટાનગર
શ્રી અનિલભાઈ જીવરામભાઈ ચૌહાણ - કુમ્હાર-રાયપુર ઉપપ્રમુખશ્રી મહાસભા

**:: પ્રતિમાસ રૂા. ૧૫૦૦/૧૦૦૦/-ના સહયોગી દાતાશ્રી ::**

પ્રો. શ્રી ગોપાલભાઈ પી. ચાવડાસર - હૈદ્રાબાદ
શ્રી શાંતિલાલભાઈ પ્રેમજીભાઈ જેઠવા - અંજાર
શ્રી ભરતભાઈ જીવરામભાઈ ચૌહાણ - આદીપુર (બી.જે. ચૌહાણ એસોસીએટ્સ - આદીપુર)
શ્રી ત્રિલોકેશભાઈ લીલાધરભાઈ ચાવડા પરિવાર - પૂના
શ્રી હરીરામભાઈ દાનાભાઈ રાઠોડ - જબલપુર (પૂર્વ ઉપપ્રમુખશ્રી મહાસભા)
શ્રી બ્ર.કુ. બાબુભાઈ અરજણભાઈ પરમાર - માધાપર (ઉપપ્રમુખશ્રી મહાસભા)
શ્રી લીલાધરભાઈ રતિલાલભાઈ ખોડિયાર - શહડોલ (પ્રમુખશ્રી : મહાકૌશલ પ્રાદેશિક સમિતિ)
શ્રીમતી અનસૂયાબેન જેરામભાઈ પરમાર - કુકમા
શ્રી દયારામભાઈ પરબતભાઈ ચૌહાણ - વિશાખાપટ્ટનમ
શ્રી રામજીભાઈ નાનજીભાઈ જેઠવા પરિવાર - ખડગપુર (બાલાઘાટ)
શ્રી અનિલભાઈ પુરૂષોત્તમભાઈ ખોડિયાર પરિવાર - અંજાર
શ્રીમતી કાન્તાબેન કિશોરભાઈ કોન્ટ્રાકટર પરિવાર - અમદાવાદ
શ્રીમતી બબીતાબેન વિજયભાઈ ચૌહાણ પરિવાર - મુંબઈ
'સંજીવની સરતાજ' શ્રી જગદીશભાઈ રાજાભાઈ રાઠોડ - ધનબાદ
શ્રીમતી આરતીબેન જગદીશભાઈ ચૌહાણ - ઉદયપુર (રાજ.)
હ. જુગલ ચૌહાણ - વડોદરા
શ્રીમતી ચંદ્રિકાબેન કાંતિલાલભાઈ જાદવજીભાઈ રાઠોડ - નાગપુર
શ્રીમતી લેખાબેન ગોવિંદભાઈ પ્રાગજીભાઈ ટાંક - મોરબી
શ્રી પથિકકુમાર નિતિનભાઈ ટાંક - લંડન (આદિપુર)
શ્રી મનોહરભાઈ વિરામભાઈ ટાંક - અમદાવાદ
શ્રી નિરંજનભાઈ પ્રાગજીભાઈ રાઠોડ - રાયપુર
શ્રી પરેશભાઈ ગોવિંદભાઈ ચૌહાણ - રાજકોટ ઉપપ્રમુખશ્રી મહાસભા

**:: પ્રતિ માસ રૂા. ૫૦૦-૨૫૦/-ના સ્નેહી દાતાશ્રી ::**

સ્વ. ભરતભાઈ વલમજીભાઈ વાઢેર - અંજાર (પૂર્વ તંત્રીશ્રી સેતુ સમાજ સંદેશ)
શ્રી પ્રતિક દિનેશભાઈ ટાંક - અંજાર (મહામંત્રીશ્રી, અ.ભા.યુવા મહામંડળ)
શ્રી કિશોરભાઈ વાલજીભાઈ પરમાર - ધનબાદ (પ્રમુખશ્રી કોલફીલ્ડ પ્રા.)
શ્રી વિજયભાઈ પ્રાગજીભાઈ પઢિઆર - અંજાર
શ્રીમતી તારૂલતાબેન ગોવર્ધનભાઈ રાઠોડ - આદિપુર
શ્રી વિનોદભાઈ અમરશીભાઈ રાઠોડ (ખંભરા) અંજાર
શ્રી નિશાંતભાઈ નિલેશભાઈ રાઠોડ - હૈદ્રાબાદ
શ્રી નવીનભાઈ પ્રેમજીભાઈ યાદવ - પ્રમુખશ્રી હાજાપર ઘટક
શ્રી ગીરીશભાઈ પુરૂષોત્તમભાઈ ચાવડા - રાજનાંદગાંવ
શ્રી પ્રકાશભાઈ હિરજીભાઈ ટાંક - રાજનાંદગાંવ
શ્રીમતી ભૂમિકાબેન નિતિનભાઈ માધવજીભાઈ વરૂ - રાઉરકેલા
શ્રી જૈનેન્દ્રભાઈ કાંતિલાલભાઈ જેઠવા - જબલપુર

(વિનંતી : ઉપરોક્ત દાતાશ્રીઓના નામ, ગામ, રકમ, વિગત વગેરેમાં જો કંઇ વિસંગતતા જણાય તો ધ્યાન દોરવા વિનંતી.)

(નોંધ : ઉપરોક્ત યોજના હેઠળ સહયોગ રાશી ચાલુ ન રાખવાના સંજોગોમાં ત્વરીત જાણ કરવા વિનમ્ર વિનંતી.)



## શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભા

# અભિલાષા-૫

**॥ શિક્ષણ દાન એજ મહાદાન ॥**



શ્રી વિનોદભાઈ ચૌહાણ
પ્રભારીશ્રી

સંપર્ક : 'મુક્તાંગન', પ્લોટ નં. ૧૪૬ થી ૧૪૮/બી, યોગેશ્વરધામ, ન્યુ M.E.S. રોડ, R.T.O. રીલોકેશન પાસે, ભુજ (કચ્છ) ભુજ (કચ્છ)
મો. ૯૮૭૯૧ ૫૦૧૧૩ E-mail : vinodchauhan48@yahoo.in

Abhilasha A/c :- Shri K.G.K. Samaj Mahasabha - A/c. No. 30646325251 S.B.I. - Katcheri Branch, Raipur (C.G.) IFSC Code : SBIN0003314

નમસ્કાર... માર્ચ મહિનો આવે એટલે વિદ્યાર્થીઓની પરિક્ષાની સિઝન શરૂ થાય. જે લગભગ ઓગષ્ટ મહિના સુધી ચાલે. પોતાની શૈક્ષણિક કારકિર્દીને મજબુત બનાવવાની નેમ સાથે પરિક્ષામાં બેસનાર તમામ ભાઈ-બહેનોને અભિલાષા સમિતિ તરફથી હાર્દિક શુભકામનાઓ... કઠોર પરિશ્રમનો કોઈ વિકલ્પ જ નથી, આ સુત્રને આપ સૌ યાદ રાખી પરિક્ષાઓ આપશો.

ચાલુ માસે આપણને માસિક દાનદતા રૂપે મહાસભાના **આદ. પ્રમુખ 'સમાજરત્ન' શ્રી વિનોદભાઈ સોલંકી તરફથી પ્રતિ માસ દાનદાતા રૂપે માસ ફેબ્રુઆરી-૨૬ના દાન પેટે રૂા. ૧૧,૦૦૦**નું દાન પ્રાપ્ત થયેલ છે. એવી જ રીતે અન્ય માસિક દાનદાતાશ્રીઓ રૂપે **કચ્છ પ્રાદેશિક સમિતિના પ્રમુખ શ્રી બાબુભાઈ ચૌહાણ તરફથી રૂા. ૨૧૦૦** તથા **શ્રી ડૉ. બકુલચંદ્ર હરીરામભાઈ ચાવડા - હૈદ્રાબાદ તરફથી રૂા. ૨૧૦૦** નું દાન પ્રાપ્ત થયેલ છે.



જીવન અને સંસારમાં આવતી ખુશીઓને સેવા કાર્યો સાથે જોડવી એ પણ એક અદ્ભૂત કાર્ય હોય છે. આપણી રાષ્ટ્રીય મહાસભાના ઉપપ્રમુખ તથા **રાયપુર જેવા ખુબજ સક્રિય ઘટકના પ્રમુખ શ્રી હેમંતભાઈ હરિરામભાઈ ગોહિલ તરફથી તેમના સુપુત્ર ચિ. વિનિતકુમારના ચિ. અંશિકાકુમારી સાથે થયેલ લગ્ન (તા. ૧૪-૦૨-૨૦૨૬)ની ખુશાલીમાં રૂા. ૫૦૦૧ નું ખુશાલી દાન પ્રાપ્ત થયેલ છે.** ખુશીઓને કઈ રીતે બાટલી તેનું ઉત્તમ ઉદાહરણ શ્રી હેમંતભાઈ પરિવારે પુરૂં પાડેલ છે. નવદંપતિને હાર્દિક શુભકામના સાથે દાતાશ્રીનો ખુબ ખુબ આભાર આ સમિતિ દ્વારા માનવામાં આવે છે. પોતાના દરેક જન્મદિવસે ખુશાલી દન આપતા મહાસભાના શિક્ષણ પ્રેમી કાર્યવાહક સભ્ય **શ્રી અશોકભાઈ ચૌહાણ, ગાંધીધામ** તરફથી તેમના જન્મદિન (૧૧/૨)ના રોજ **રૂા. ૫૦૦/-**નું દાન આપવામાં આવેલ છે.

આ કોલમના માધ્યમથી ફરી એક વખત યાદ અપાવીએ કે શિક્ષણ સહાય મેળવી જીવનમાં પગભર થયેલા છાત્રો આગળ આવે અને પોતે લીધેલી શિક્ષણ સહાય આ સમિતિને દાન રૂપે પરત કરે. **રૂા. ૫૦૦૦ તથા વધુ દાન આપનાર છાત્રને આ સમિતિના દાતાશ્રી તરીકે સમાજના વોટ્સએપ ગ્રુપોમાં અને આ કોલમમાં અમે જરૂરથી તેમના ફોટા સાથે પ્રસિદ્ધ કરીશું.** આપણો ઉદ્દેશ એ છે કે "**દીપ સે દીપ જલે...**" તમારૂં દાન કોઈ અન્ય જરૂરતમંદ છાત્રની શૈક્ષણિક કારકિર્દી ઘડવાને માટે મદદરૂપ બનશે અને તમને એક સારા અને સેવાના કાર્યમાં સહભાગી બનવાનો આત્મસંતોષ મળશે. આમ પણ આપણો સમાજ એક સંસ્કારી અને ઉદાર સમાજ છે. અસ્તુ.. જય સમાજ...

વિનોદ લીલાધર ચૌહાણ - પ્રભારી અને ઉપપ્રમુખ



## શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભા

# મહિલા ઉત્કર્ષ

**બહેનોની દરેક સમસ્યામાં એમને સાથ-સહકાર અને સ્નેહભર્યું માર્ગદર્શન**

**પ્રભારી : શ્રીમતી મીતાબેન અશોકભાઈ રાઠોડ** **સહપ્રભારી : શ્રીમતી પુનમબેન મુકુન્દભાઈ ટાંક - રાયપુર**
રાઠોડ બિલ્ડીંગ, સોમાની હોસ્પીટલ સામે, ૨/૭ તિલકનગર, પો. લાતુર (મહા.) મો. ૯૦૯૬૫૯૮૯૪

જય સમાજ.... ગૌરવવંતી માતૃસંસ્થા રાષ્ટ્રીય મહાસભાની મહિલા ઉત્કર્ષ સમિતિ દ્વારા બહેનોના આર્થિક ઉત્કર્ષ માટે સ્વયં રોજગાર તરફ પ્રેરિત કરીને આત્મનિર્ભર બનાવવાના ઉદ્દેશ સાથે ''લર્ન એન્ડ અર્ન'' અંતર્ગત ૨૨મો પ્રોજેક્ટ ''લીંપણ આર્ટ અને મડવર્ક'' તા. ૦૭-૦૨-૨૦૨૬, શનિવારના રોજ ગુજરાત પ્રાદેશિક સમિતિ અંતર્ગત આવતા જામનગર ઘટકના શ્રીમતી ભુમીબેન ટાંક દ્વારા ફેસબુક પેજ પરથી લાઇવ બહેનોની બહોળી સંખ્યામાં સફળતાપૂર્વક લેવામાં આવેલ.

શ્રીમતી ભુમીબેન મોહીતભાઇ ટંકએ શ્રીમતી જ્ઞાનેશ્વરીબેન બીપીનભાઇ વાઢેર (સિનુગ્રા)ના સુપુત્રી અને શ્રીમતી રશ્મિબેન મનોજભાઇ ટાંકના પુત્રવધુ (ગાંધીધામ) છે.

શ્રીમતી ભુમીબેન બી.કોમ.બી.એડ.નો અભ્યાસ કરેલ છે અને અભ્યાસની સાથે સાથે એમને પોતાની રચનાત્મક અને કલાત્મક વૃતિ દ્વારા મહેંદી અને અન્ય ઘણી કલાઓમાં નિપુણતા મેળવી છે. તેમને મહેંદી અને લીંપણ આર્ટના સર્ટીફીકિટ કોર્સ કરેલા છે. શરૂઆતમાં મહેંદીની કલાને ડેવલપ કરીને પોતાનું પ્રોફેશન બનાવ્યું હતું. મહેંદીના ઇવેન્ટ્સ માટે ઓર્ડર લેતા અને સાથે સાથે ૫૦-૬૦ સ્ટુડન્ટ્સની બેચના મહેંદી ક્લાસ પણ લેતા હતા. પરંતુ લગ્ન બાદ ઘર-પરિવાર-બાળકોની જવાબદારીસાથે તેમણે મહેંદી સાથે કચ્છની વર્ષો જુની કલા મડવર્ક-લીંપણ આર્ટમાં પણ નિપુણતા હાંસલ કરી. હાલમાં તેઓ મહેંદી અને લીંપણ આર્ટ દ્વારા રોજગારી મેળવી રહ્યા છે. જામનગરના ઘણા પ્રાઇવેટ અને ગર્વમેન્ટ એક્ઝિબીશનમાં તેઓ પોતાની કલા પ્રદર્શિત કરીને, કલાત્મક આઇટમોનું વેચાણ કરીને ખુબ સરસથી કમાણી કરી રહ્યા છે.

મહિલા ઉત્કર્ષ સમિતિના ''લર્ન એન્ડ અર્ન'' ના આ પ્રોજેક્ટમાં ભુમીબેને આપણા સમાજના બહેનોને જુની પરંપરાગત કલા દ્વારા આજના આધુનિક યુગમાં કઇ રીતે અર્નિંગ કરી શકાય, રોજગારી મેળવી શકાય તેનું શ્રેષ્ઠ ઉદાહરણ પુરૂં પાડ્યું હતું. આ પ્રોજેક્ટમાં તેમણે લીંપણ આર્ટની કલામાં કઇ રીતે લેટેસ્ટ ડિઝાઇન બનાવવા, કઇ રીતે ક્લેનું ફોર્મેશન કરવું, ક્લેને કેવી રીતે ચોંટાડવું, આભલાનું, કલરનું સિલેકશન જેવી ઘણી બધી માહિતી પુરી પાડી. સાથે જ કચ્છી વર્ક ફ્રેમ, ફોટોફ્રેમ, કીચેન, કી-હોલ્ડર અને કાર હેગીંગ જેવી સુંદર વસ્તુઓ બનાવતા શિખવાડી હતી. અંતમાં શ્રીમતી ભુમીબેને મહિલા




ઉત્કર્ષ સમિતિનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, આ સમિતિ દ્વારા આયોજીત ''લર્ન એન્ડ અર્ન'' પ્રોજેક્ટ વાસ્તવીક રીતે મહિલાઓ માટે એક ખાત્રીપૂર્વક અર્નિંગ પ્રોજેક્ટ છે. આ પ્રોજેક્ટમાં આર્ટ, ક્રાફ્ટ, કુકીંગ-બેકીંગના વિવિધ કલાઓના માધ્યમથી ઘરબેઠા થોડી મહેનત કરીને રોજગારી મેળવી શકાય છે.

મહાસભા મહિલા ઉત્કર્ષ સમિતિના આ રાષ્ટ્રીય મંચ દ્વારા સમાજની મહિલાઓને પોતાની કલાને સમાજ સમક્ષ પ્રસ્તુત કરવાનો મોકો મળે છે અને સમાજની અન્ય મહિલાઓ સાથે સંપર્ક થાય છે. આત્મવિશ્વાસ વધવાથી પોતાની પર્સનાલીટી ડેવલપ થાય છે. શ્રીમતી ભુમીબેન કહે છે કે આ પ્રોજેક્ટને પૂર્ણ કરવા માટે અધ્યક્ષા શ્રીમતી મીતાબેન રાઠોડ દ્વારા ખુબજ સારો સહકાર મળેલ છે તેમજ આત્મીય સહકાર અને માર્ગદર્શનથી જ આજે આ પ્રોજેક્ટ સરળતાથી સારી રીતે પૂર્ણ કરેલ છે. હૃદયથી મીતાબેન તથા સમસ્ત ટીમનો આભાર વ્યક્ત કરૂં છું.

મહાસભા મહિલા ઉત્કર્ષ સમિતિ શ્રીમતી ભુમીબેન ટાંક જેવા કલાગુણ સંપન્ન, બહુમુખી પ્રતિભા ધરાવતા, ખુબજ પ્રેમાળ-લાગણીશીલ મધુરભાષી, વિનયશીલ સમાજસેવાની ભાવનામાં સમર્પિત વ્યક્તિત્વ ધરાવતા ભુમીબેનને હૃદયથી સેલ્યુટ આપી, શબ્દસુમનોથી બિરદાવી, અભિનંદન આપી તેમના ઉજ્વલ ભવિષ્યની મંગલમય શુભકામનાઓ સાથે જીવનમાં ઉત્તરોત્તર પ્રગતિ કરે તેવી પ્રભુચરણોમાં પ્રાર્થના કરી ખુબ ખુબ ધન્યવાદ આપે છે. અસ્તુ... જય સમાજ...

– અધ્યક્ષા – શ્રીમતી મીતાબેન રાઠોડ – લાતુર



## શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભા

# અન્નપુર્ણા - ૧

**॥ અન્નદાન મહાદાન ॥**



પ્રભારી :
શ્રી શાંતિલાલ પ્રેમજીભાઇ જેઠવા
અંજાર (કચ્છ) મો. ૯૮૯૮૨૯૬૯૦૦

સહપ્રભારી :
શ્રી વિનોદભાઇ શાંતિલાલ જેઠવા
અંજાર (કચ્છ) મો. ૯૮૨૫૧૬૩૨૮૮

Annpurna A/c :- Shri K.G.K. Samaj Mahasabha - IFSC Code PUNB0654100 A/c. No. 6541000100020441 P.N.B. - ANJAR (Kutch-Guj.)

# ભગવાન ભુખ્યો ઉઠાડે છે જરૂર, પણ ભુખ્યો સુવાડશે નહીં

## ''ભુખ્યાને ભરપેટ ભોજન... અન્નદાન છે મહાદાન...''

આપણી મહાસભા દ્વારા સંચાલિત અનેકવિધ સમાજ ઉત્કર્ષ યોજનાઓ પૈકી ''અન્નપુર્ણા'' એક અનઅપેક્ષિત, અનઇચ્છનીય યોજના છે અને આવી યોજના ચલાવવી એ પણ મહાસભાની અનિવાર્યતા છે. એક અકલ્પનીય કરૂણતા એ છે કે આજ પણ આપણા સમાજમાં એવા સમાજબંધુઓ આપણી વચ્ચે જ અસ્તિત્વની લડાઇ લડી રહ્યા છે કે જેઓને ત્રણ ટક ભરપેટ ભોજનની કોઇ જ સગવડ નથી. ગમે તેમ કરી દુઃખના દહાડા કાપતા આવા વંચિત, પિડીત, દીનદુઃખી સમાજબંધુઓની પિડાને સત્વરે સમજી આવા કમનસિબ સમાજબંધુઓ કમ સે કમ ત્રણ ટકનું ભોજન સ્વમાનભેર મેળવી શકે તે માટે મહાસભા 'અન્નપુર્ણા' યોજના મારફતે આવા લાભાર્થીને પ્રતિમાસ રૂા. ૧૫૦૦/- રાશનકીટ માટે આપે છે. એક અનુમાન પ્રમાણે એક વ્યક્તિને ત્રણ ટકનું ભરભેટ, પોષણયુક્ત ભોજન એવં એકમદમ જરૂરીયાતની ચીજવસ્તુઓ માટે પ્રતિમાસ રૂા. ૧૦૦૦ થી ૧૫૦૦ની જરૂરીયાત રહે છે. મહાસભાએ પણ પ્રતિમાસ રૂા. ૧૦૦૦ થી ૧૫૦૦ પ્રતિ લાભાર્થી આર્થિક સહાય આપી એ સુનિશ્ચિત કરેલ છે કે આપણા સમાજમાં આપણો કોઇપણ ભાઇ-બહેન માત્ર નાણાકીય અભાવમાં ત્રણ ટકનું ભોજન લઇ સન્માનભેર, નિશ્ચિત થઇ જીવન સુખરૂપ વ્યતીત કરી શકે.

મહાસભાની 'સંજીવની' યોજનાની જેમ જ 'અન્નપુર્ણા' યોજના દ્વારા સમાજપ્રેમી સમાજના સુખી-સંપન્ન પરિવારો પ્રતિમાસ અમુક રકમ 'અન્નપુર્ણા' યોજનામાં અર્પણ કરી 'અન્નપુર્ણા'ના અક્ષયપાત્રને સતત પરિપૂર્ણ રાખવા પોતાનો માનવધર્મ, સમાજધર્મ નિભાવે છે. **સમાજના સુખી-સંપન્ન વર્ગની યથાશક્તિ-યથા ઇચ્છા પ્રતિમાસ અન્નદાનનો સંકલ્પ અનેક જરૂરીયાતમંદ પરિવારોની આંતરડી ઠારે છે.** રૂા. ૫૦૦ થી ૬૦૦૦ સુધીના 'અન્નપુર્ણા' સંકલ્પધારી પરિવારો, નિયમિત પ્રતિમાસ 'અન્નપુર્ણા' સહયોગ આપી જીવનભરનું પુણ્યનું ભાથું બાંધે છે. ભૂતકાળમાં અને વર્તમાન સમયમાં ભારતવર્ષમાં અને ખાસ કરીને કચ્છ-કાઠીયાવાડમાં અનેક જગ્યાએ નિઃશુલ્ક અન્નક્ષેત્રો આજ પણ કાર્યરત છે. તેવી જ રીતે આ 'અન્નપુર્ણા' એ પણ આપણા સમાજનું અખિલ ભારતીય સ્તરનું 'અન્નક્ષેત્ર' જ છે. આ અન્નક્ષેત્રમાં આપ પણ આપશ્રીના સદ્ગત સ્વજનોની સ્મૃતિમાં સ્મૃતિદાન તરીકે એકમૂઠ અથવા પ્રતિમાસ એક વંચિત વ્યક્તિ માટે રૂા. ૧૫૦૦/- પ્રતિમાસના ગુણાંકમાં આર્થિક સહયોગ આપી ઘરબેઠા પુણ્યશાળી બની શકો છો. આપશ્રીના નાનકડા આર્થિક સહયોગથી અનેક પિડીત, વંચિત સમાજબંધુઅઓની આંતરડી ઠરશે અને એમના સંતોષના ઓડકાર સ્વરૂપ આશીર્વાદ આપના પરિવારને રિદ્ધિ-સિદ્ધિ-સમૃદ્ધિના શિખર પર પહોંચાડી દેશે.

'અન્નપુર્ણા'ના પ્રતિમાસ સંકલ્પધારી પરિવારોમાં કચ્છ અંજાર નિવાસી હાલ કલ્યાણ (મુંબઇ) વાસી **શ્રી દિપેશભાઇ મગનલાલભાઇ જેઠવા હાલ અમેરિકામાં** પ્રતિષ્ઠિત કંપનીમાં ઉચ્ચ પદ પર જોબ કરે છે. આ સેવાધારી પરિવારના સુપુત્ર ચિ. દિપેશ જેઠવા સાત સમંદર પાર અમેરીકાથી પ્રતિમાસ રૂા. ૬૦૦૦ અન્નપુર્ણામાં અર્પણ કરી સમાજના જરૂરીયાતમંદ ચાર પરિવારની આંતરડી ઠારવાનું પુણ્યશાળી કામ કરી સમસ્ત જેઠવા પરિવારની પ્રતિષ્ઠા સમાજમાં એક મૂઠી ઊંચી અંકિત કરી છે. આપણા સમાજના યશસ્વી પ્રમુખ **'સમાજરત્ન' શ્રી વિનોદભાઇ પુરૂષોત્તમભાઇ સોલંકીજી** પણ પ્રતિમાસ રૂા. ૫૦૦૦ 'અન્નપુર્ણા'માં અર્પણ કરી અનેક જરૂરીયાતમંદ સમાજબંધુઓની ભૂખી આંતરડીને ઠારવા માટે સહભાગી થાય છે. અંજાર નિવાસી **શ્રી એવં શ્રીમતી રસિલાબેન નાનાલાલભાઇ સોલંકી**ની સેવાભાવના દેશ-પ્રદેશના સીમાડા ઓળંગી સર્વત્ર સુવાસ પ્રસરાવે છે. 'પ્રણામી'

સંપ્રદાયના ચુસ્ત અનુયાયી, સનાતન ધર્મ પરાયણ આ યુગલ બેલડી તો 'સત્તકર્મ' માટે સદૈવ તત્પર રહે છે. 'સંજીવની સરતાજ' આ સોલંકી દંપતિને 'અન્નપુર્ણા' યોજના વિશે જાણ થતાં જ સ્વયંભૂ રૂા. ૧૨,૦૦૦ અર્પણ કરી પોતાની સેવાયાત્રાને ઔરવધુ સાર્થક સાબિત કરી છે. 'અન્નપુર્ણા' યોજના બિલાસપુર અધિવેશનથી વિધિવત આરંભ થઇ ત્યારે જ આપણા સૌના પ્રાણ પ્યારા **'સમાજ મામા' શ્રી શીવલાલભાઇ કરસનભાઇ ચાવડા (ખંભરા) – જયપુર** હરહંમેશની જેમ જ પોતાના પરિવાર તરફથી રૂા. ૨૪૦૦૦ 'અન્નપુર્ણા' માટે અર્પણ કરી 'અન્નપુર્ણા'ને શુકનવંતી શરૂઆત અપાવી અને એ ઉલ્લેખનીય છે કે 'સંજીવની સમ્રાટ' શીવલાલભાઇ ચાવડા પરિવારે 'સંજીવની' યોજનામાં રૂા. ૫,૦૦,૦૦૦ અર્પણ કરી એક અનન્ય, અપૂર્વ, અનુકરણીય પહેલ તો કરી જ છે એવા જ એક સંજીવની સરતાજ **શ્રી પ્રભુલાલભાઇ રામજીભાઇ ચાવડા – પુના** પરિવારે પણ સ્વયંભુ રૂા. ૨૪૦૦૦ 'અન્નપુર્ણા' ને અર્પણ કરી માનવતાને મહેકાવી છે. ઉપરોકત સમાજપ્રેમી દાતાશ્રીઓએ પોતાનો સમાજધર્મ નિભાવી 'અન્નપુર્ણા'ના અક્ષયપાત્રને પરિપૂર્ણ કરવા સ્વૈચ્છીક સહયોગ આપેલ છે. અહીં આજ 'સેતુ સમાજ સંદેશ'ના માધ્યમથી આપ સૌ સમાજપ્રેમી સમાજબંધુઓને સંવેદનાસભર વિનંતી કે આવો મિત્રો, **આપણે સૌ સાથે મળી એ સુનિશ્ચિત કરીએ કે આજથી આપણા સમાજમાં આપણો સમાજબંધુ ત્રણ ટક ભરપેટ ભોજન માટે કોઇનો ઓશિયાળો નહીં રહે.** આપના ધ્યાનમાં આવા સમાજબંધુઓ આવે તો જરૂરથી ટીમ 'અન્નપુર્ણા'ને ઉપરોક્ત સંપર્કસુત્રનો સંપર્ક કરી આંગણી ચિંધ્યાનું પુણ્ય પણ પ્રાપ્ત કરશોજી. આભાર સહ... જય સમાજ...

**વિનિત : શાંતિલાલભાઇ પ્રેમજીભાઇ જેઠવા – અંજાર (પ્રભારી : અન્નપુર્ણા યોજના – મહાસભા)**

## ''સાભાર સ્વિકાર'' (અન્નપુર્ણામાં નોંધાયેલ/મળેલ દાન-દાતાશ્રીઓની યાદી)

૧૨,૦૦૦ નારીરત્ન શ્રીમતી કંચનબેન શાંતિલાલભાઇ જેઠવા - અંજાર (પ્રતિમાસ રૂા. ૧૦૦૦ના માનદ્ દાતાશ્રી)

૧૨,૦૦૦ શ્રી શાંતિલાલભાઇ પ્રેમજીભાઇ જેઠવા - અંજાર (ઉપપ્રમુખશ્રી અંજાર ઘટક, પ્રભારીશ્રી સીનીયર સીટીઝન સમિતિ - અંજાર) (પ્રતિમાસ રૂા. ૧૦૦૦ના માનદ્ દાતાશ્રી)

૨૪,૦૦૦ શ્રી શીવલાલભાઇ કરસનભાઇ ચાવડા (મામાશ્રી) (ખંભરા-જયપુર (રાજ.) (પ્રતિમાસ રૂા. ૨૦૦૦ના માનદ્ દાતાશ્રી

૧૨,૦૦૦ શ્રીમતી રસિલાબેન નાનાલાલભાઇ સોલંકી - અંજાર (પ્રતિમાસ રૂા. ૧૦૦૦ના માનદ્ દાતાશ્રી)

૫,૦૦૦ શ્રીમતી સુરભીબેન મનહરભાઇ ટાંક - અમદાવાદ (પ્રતિમાસ રૂા. ૫૦૦૦ના પ્રિમીયમ દાતાશ્રી)

૫,૦૦૦ 'સમાજરત્ન' શ્રી વિનોદભાઇ પુરૂષોત્તમભાઇ સોલંકી - પ્રમુખશ્રી મહાસભા (પ્રતિમાસ રૂા. ૫,૦૦૦ના પ્રિમિયમ દાતાશ્રી)

૧,૦૦૦ માતૃશ્રી પાર્વતીબેન જયંતિલાલ જેઠવા - કલ્યાણ (શુભેચ્છા સહયોગ)(પ્રતિમાસ રૂા. ૧૦૦૦ના માનદ્ દાતાશ્રી)

૬,૦૦૦ શ્રી દિપેશભાઇ મગનલાલભાઇ જેઠવા - કલ્યાણ - અમેરીકા (પ્રતિ માસ રૂા. ૬૦૦૦ના પ્રિમિયમ દાતાશ્રી)

૫૦૦ સ્વ. માતૃશ્રી નયનાબેન પ્રાગજીભાઇ પઢિઆરની સ્મૃતિ અર્થે હ. શ્રી અજયભાઇ પ્રાગજીભાઇ પઢિઆર - અંજાર - મંત્રીશ્રી મહાસભા (પ્રતિમાસ રૂા. ૫૦૦ના સહયોગી દાતાશ્રી)

૫૦૦ સ્વ. નટવરભાઇ ભનુભાઇ પરમારની પુણ્ય સ્મૃતિ અર્થે (હ. પરેશ એવં ગીરીશ પરમાર - અંજાર) (પ્રતિમાસ રૂા. ૫૦૦ના સહયોગી દાતાશ્રી)

૫૦૦ માતૃશ્રી શાન્તાબેન સુર્યકાન્તભાઇ વેગડ - અંજાર (હ. શ્રી પ્રવિણભાઇ વેગડ - પ્રભારીશ્રી દેશ-વિદેશ સમન્વય સમિતિ - મહાસભા) (પ્રતિ માસ રૂા. ૫૦૦ના સહયોગી દાતાશ્રી)

૬,૩૦૦ શ્રીમતી મીતાબેન અશોકભાઇ રાઠોડ (કુંભારીયા-લાતુર) (પ્રભારી મહિલા ઉત્કર્ષ સમિતિ - મહાસભા) (પ્રતિમાસ રૂા. ૨૧૦૦ના માનદ્ દાતાશ્રી)

૧,૫૦૦ શ્રી વિનોદભાઇ મોહનલાલ ખોડિયાર - અંજાર (વરીષ્ઠ મહામંત્રીશ્રી મહાસભા, પ્રમુખશ્રી અંજાર ઘટક) જન્મોત્સવ ખુશાલી ભેટ

૧૨,૦૦૦ માતૃશ્રી પ્રાણકુંવરબેન કાંતિલાલ રાઠોડ (કુંભારીયા) - દુર્ગની પુણ્યસ્મૃતિમાં (હ. સુપુત્રી શ્રીમતી મીનાબેન જયંતભાઇ રાઠોડ - અંજાર) (પ્રતિમાસ રૂા. ૧૦૦૦ના માનદ્ દાતાશ્રી)

(નોંધ : ઉપરોક્ત યાદીમાં નામ, ગામ, રકમ અંગે કંઇપણ વિસંગતતા હોય તો જાણ કરવા વિનંતી)

# કચ્છ પ્રાદેશિક સમિતિની ઉપયોગી પહેલ - સગપણ સમસ્યા નિવારણ અભિયાન-૨૦૨૬



તા. ૧૬.૦૨.૨૦૨૬.સોમવાર ના રોજ કુકમા મુકામે કચ્છ પ્રાદેશિક સમિતિ અંતર્ગતના તમામ ઘટકોના નિમણૂક પામેલ સંપર્ક સારથીઓ માટે માર્ગદર્શન શિબિરનો કાર્યક્રમ યોજાયો હતો.

આ માર્ગદર્શન કાર્યક્રમમા કચ્છના તમામ ઘટકોમાંથી તમામ સંપર્ક સારથીઓ, મુખ્ય સમિતિના સભ્યો, પ્રાદેશિકના પદાધિકારીશ્રીઓ અને મહાસભાના તથા અ.ભા.મહિલા મંડળના પદાધિકારીશ્રીઓ પણ હાજર રહેલ હતા.

આરંભે પ્રાદેશિક પ્રમુખશ્રી બાબુભાઈ એસ.ચૌહાણ સાથે રાષ્ટ્રીય મહાસભાના પ્રમુખ સમાજરત્નશ્રી વિનોદભાઈ પી.



સોલંકીજી,ઉપપ્રમુખો શ્રી ડો. મનોજભાઈ સોલંકી,શ્રીવિનોદભાઈ ચૌહાણ, વરિષ્ઠ મહામંત્રી વિનોદભાઈ ખોડીયાર, અ.ભા.મહિલા મહામંડળના કાર્યકારી પ્રમુખ શ્રીમતી પુષ્પાબેન ટાંક,સલાહકાર પ્રમુખ શ્રીમતી અમિતાબેન સોલંકી, ઉપપ્રમુખો શ્રીમતી નીતાબેન સોલંકી, શ્રીમતી મીનાબેન વેગડ,મહિલા પ્રાદેશિક પ્રમુખ શ્રીમતી રીટાબેન ચૌહાણ, કચ્છ પ્રાદેશિક ચેરમેન ધીરુભાઈ પરમાર, ઉપપ્રમુખો કમલેશભાઈ પરમાર, રાજુભાઇ ટાંક,કુકમા ઘટક મહિલા મંડળના પ્રમુખ શોભનાબેન ટાંક,ઘટક પ્રમુખ કેતનભાઇ ચૌહાણ વગેરે મહાનુભાવોના વરદ હસ્તે સરસ્વતી માતાજીની છબી પાસે દીપ પ્રાગટ્ય કરી અને ઉપસ્થિત સૌ દ્વારા સામુહિક શ્રી રામ સ્તુતિગાન દ્વારા કરવામાં આવેલ હતું.

કાર્યક્રમમાં ઉપસ્થિત સૌ મહાનુભાવો તથા ઘટક પ્રમુખશ્રીઓ અને સંપર્ક સારથી બહેનો તથા ભાઈઓનું કચ્છ પ્રાદેશિક સમિતિના મહામંત્રી શ્રી અનિલભાઈ ડી ચૌહાણ દ્વારા શાબ્દિક સ્વાગત કરવામાં આવેલ હતું. કુકમા ઘટકના આંગણે ઉપસ્થિત સર્વે મહાનુભાવો નું કુકમા મહિલા મંડળ દ્વારા પણ પુષ્પગુચ્છ દ્વારા સ્વાગત સન્માન કરવામાં આવેલ હતુ.

સમાજ મહાસભા દ્વારા પ્રેરિત અને અખિલ ભારતીય મેરેજ બ્યુરો સમિતિ તથા પ્રાદેશિક મહિલા મંડળ ના સહકારથી આયોજિત આ સંપર્ક સારથી માર્ગદર્શન શિબિરના આયોજન અને પ્રગતિ તથા હવે પછીના આયોજનનો વિગતવાર અહેવાલ પ્રાદેશિક મહામંત્રી શ્રી અનિલભાઈ ચૌહાણ દ્વારા આપવામાં આવેલ. ત્યારબાદ આ કાર્યમાટે જે નીતિ નિયમો તથા સૂચનો બનાવવામાં આવેલ છે તેની વિગતવાર માહિતી પ્રાદેશિક મંત્રી શ્રી રમેશભાઈ ચૌહાણ દ્વારા આપવામાં આવેલ હતી.

કાર્યક્રમમાં ઉપસ્થિત મહાસભાના વરિષ્ઠ ઉપપ્રમુખ શ્રી મનોજભાઈ સોલંકીજી દ્વારા આ કાર્ય બાબતે ખૂબજ ઉપયોગી માર્ગદર્શન આપી અને આપણા ભારતભરમાં વસતા સમાજ બાંધવોને ઉપયોગી થાય તેવી આ નુતન પ્રવૃત્તિ ની રૂપરેખા તથા માહિતી આપેલ. કચ્છ પ્રાદેશિક માંથી થયેલ આ નવતર પહેલ જો ઉપયોગી જણાશે તો આપણી તમામ પ્રાદેશિક મા પણ અમલ માટે પ્રયાસ કરવાની વાત જણાવેલ. હાલમા તમામ માતા/પિતા પોતાના સંતાનોના સગપણ અને યોગ્ય પાત્રોની શોધ માટે ખુબજ ચિંતિત રહે છે ત્યારે આવા સંપર્ક સારથી બહેનો તથા ભાઈઓ તેઓને ખુબજ મદદરૂપ થઈ રહેશે. આથી જે બહેનો તથા ભાઈઓની

નિમણૂક થએલ છે તે તમામ બહેનો ભાઈઓને ખંતપૂર્વક અને ચોકસાઈથી દરેક ઘટકોમાં રહેલ અવિવાહિત દીકરા/દીકરીઓને માહિતી એકત્રિત કરી અને માર્ચ મહિના સુધી પહોંચાડવા વિનંતી કે જેથી આગળની કાર્યવાહી હાથ ધરી શકાય.કચ્છ પ્રાદેશિકની આ પહેલને તેઓએ ખૂબજ બિરદાવેલ હતી. કાર્યક્રમમાં ઉપસ્થિત અખિલ ભારતીય મહિલા મંડળના કાર્યકારી પ્રમુખ શ્રીમતી પુષ્પાબેન ટાંક દ્વારા પણ આવા કાર્ય માટે આનંદની લાગણી વ્યક્ત કરી અને અખિલ ભારતીય લેવલે પણ આ કાર્ય હાથ ધરાય તો દરેકને ખૂબજ ઉપયોગી થશે એવું

જણાવી, કચ્છ મહિલા પ્રાદેશિક દ્વારા પણ આવા કાર્યમાં આપવામાં આવેલ સહકાર બદલ તેઓને ધન્યવાદ આપેલ.અખિલ ભારતીય મેરેજ બ્યુરોના પ્રમુખ શ્રીમતી અમિતાબેન સોલંકી દ્વારા પણ આ કાર્યને બિરદાવી અને ભવિષ્યમાં પણ જ્યારે જરૂર પડે ત્યારે મેરેજ બ્યુરો સમિતિ તરફથી તમામ પ્રકારનો સહયોગ આપવામા આવશે એવી માહિતી આપી દરેક ઘટકના માવિત્રોને પણ ઘરે ઘરે આવતા આવા સંપર્ક સારથી ભાઈઓ બહેનોને સહકાર આપી અને જરૂરી તમામ માહિતી આપવા અપીલ કરેલ કે જેથી આ કાર્ય સુચારૂ રૂપે આપણે કરી શકીએ અને સફળતા પ્રાપ્ત કરી શકીએ. સાથે સાથે ગાંધીધામ સગપણ સંમેલન અને જગન્નાથપુરી સગપણ સંમેલન ની સફળતા બાબતે પણ તેઓએ વિસ્તૃત જાણકારી આપેલ.કચ્છ પ્રાદેશિક સમિતિ ના પ્રમુખ શ્રીમતી રીટાબેન ચૌહાણ દ્વારા પણ આ બાબતે આનંદ વ્યક્ત કરી અને બહોળી સંખ્યામાં ઉપસ્થિત સૌ સંપર્ક સારથી ભાઈઓ બહેનો ને આવકારી અને જે જે કાર્ય આપવામા આવેલ છે તેમાં સક્રિય થઈ અને નિયત સમયમા દીકરા દીકરીઓની માહિતી એકત્રિત કરી આ કાર્યમાં સહકાર આપવા વિનંતી કરેલ.

કાર્યક્રમમાં ઉપસ્થિત મહાસભાના આદરણીય પ્રમુખશ્રી સમાજરત્ન વિનોદભાઈ પી.સોલંકીજી નું આજની મહત્વની બેઠકમાં ઉપસ્થિત રહેવા બદલ પ્રમુખશ્રી તથા ચેરમેનશ્રી દ્વારા સાલ અને પુષ્પગુચ્છથી સ્વાગત સન્માન કરવામાં આવેલ. મહાસભા પ્રમુખશ્રીએ પોતાના ઉદબોધનમાં કચ્છ પ્રાદેશિકની આવી સરસ પહેલ ને આવકારી અને મહાસભા તરફથી જ્યારે પણ જરૂર જણાય,તમામ પ્રકારના સહકારની ખાતરી આપેલ હતી પોતાના પરિવાર તરફથી સમાજની કોઈપણ પ્રવૃત્તિમાં તમામ પ્રકારનો સહયોગ આપવામાં આવે છે અને જ્યારે જ્યારે જરૂર પડે ત્યારે તમામ પ્રકારનો આર્થિક સહયોગ આપવાની પણ ખાતરી આપેલ. કચ્છ પ્રાદેશિકમાં આ પ્રવૃત્તિની સફળતા બાદ મહાસભા ની અન્ય તમામ પ્રાદેશિક સમિતિઓ પણ જો આવું કાર્ય હાથ ધરે તો આપણા દીકરા/દીકરીઓ અને ખાસ કરીને ચિંતિત માવિત્રોને ખૂબ જ ઉપયોગી બની રહેશે એવું જણાવી અને તમામ પ્રાદેશિક પ્રમુખશ્રીઓને આવી પ્રવૃત્તિ પોતાના વિસ્તારમાં શરૂ કરવાનું પણ આહવાન કરેલ હતુ.અને કચ્છમાં આ પ્રવૃત્તિ શરૂ કરવા બદલ પ્રાદેશિક પ્રમુખ શ્રી બાબુભાઈનું તથા પ્રાદેશિક મહિલા પ્રમુખનું મહાસભા વતિથી સન્માન કરેલ. કચ્છ પ્રાદેશિકમાં મહાસભાના તમામ કાર્યો સુચારૂ રૂપે થઈ રહ્યા છે અને સમાજના બાંધવો તેનો મહત્તમ લાભ લઈ રહ્યા છે એ બાબતે ખૂબ જ આનંદ ની લાગણી વ્યક્ત કરી અને સમગ્ર કચ્છ પ્રાદેશિક સમિતિની ટીમને હૃદય પૂર્વક ખૂબ ખૂબ ધન્યવાદ આપેલ.

કાર્યક્રમમાં ઉપસ્થિત ઘટકોના પ્રમુખશ્રીઓ જેમાં માધાપર ઘટકના જયંતીલાલ વી.વાઘેલા, ગાંધીધામ ઘટકના નીતિનભાઈ



ડી.પરમાર, લોહારિયા ઘટકના ધીરૂભાઈ પરમાર, અંજાર ઘટકના વિનોદભાઈ ખોડીયાર તેમજ કુકમા ઘટકના કેતનભાઇ ચૌહાણ દ્વારા પણ ઉપયોગી માર્ગદર્શન આપવામાં આવેલ હતું

ત્યારબાદ સભામાં ઉપસ્થિત તમામ સંપર્ક સારથી બહેનો તથા ભાઈઓને આ કાર્ય માટે જે મુશ્કેલીઓ આવેલ છે તથા અન્ય કોઈ અડચણ થયેલ હોય તો તે બાબતે રજૂઆત કરવા મહામંત્રી શ્રી અનિલભાઈએ વિનંતી કરતા, નાગલપર ઘટકના કોકિલાબેન વરુ,અંજાર ઘટકના સવિતાબેન ચૌહાણ,કુકમા ઘટકના શોભનાબેન ટાંક, માધાપરના તારાબેન ટાંક વગેરે બહેનોએ પોતાના ઘટકની થએલ કામગીરી તથા મુશ્કેલીઓ અને સૂચનો આપેલ. ઉપસ્થિત થએલ તમામ બાબતે પ્રાદેશિક પ્રમુખશ્રી બાબુભાઈ ચૌહાણ,મહામંત્રી શ્રી અનિલભાઈ ચૌહાણ તેમજ મહાસભા વરિષ્ઠ ઉપપ્રમુખશ્રી ડૉ.મનોજભાઈ સોલંકીજી દ્વારા જરૂરી માર્ગદર્શન આપવામાં આવ્યુ.અને ત્વરિત નિકાલ થાય તે માટે જરૂરી હોય કાર્યવાહી કરવામા આવશે.

પોતાના ઉદબોધનમાં પ્રાદેશિક પ્રમુખશ્રી બાબુભાઈ ચૌહાણએ આજની મહત્વની એવી શિબિરમા મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી અને પોતાના વિચારો રજૂ કરવા બદલ આનંદ વ્યક્ત કરી,

આ કાર્ય કરી રહેલ તમામ સંપર્ક સારથી ભાઈઓ અને બહેનો દ્વારા ખૂબજ સક્રિય રીતે આ કાર્ય થઈ રહ્યુંછે એ બાબતે સંતોષ વ્યક્ત કરી અને અન્ય ઘટકો તથા પ્રાદેશિક સમિતિઓને પણ પ્રેરણા મળે એ રીતે આ કાર્ય સમય મર્યાદામા પૂર્ણ થાય તે માટે અનુરોધ કરેલ. મહાસભા પ્રમુખશ્રી પણ આપણને ઉત્સાહિત કરવા આજે હાજર રહ્યાં છે ત્યારે આપણી વિશેષ જવાબદારી થાય છે.જેથી પુરી નિષ્ઠાથી કાર્ય થાય અને સફળ થાય તે આપણી ફરજ બની જાયછે.આ કાર્ય સાથે જોડાયેલા તમામ અભિનંદનના અધિકારી છે. અંતમાં પ્રાદેશિક સમિતિના મંત્રી શ્રી રમેશભાઈ ચૌહાણે આજની અગત્યની મિટિંગમાં હાજર રહેવા બદલ સૌ મહાનિભાવો, આગેવાનો, સંપર્ક સારથી બહેનો/ભાઈઓ, ઘટક પ્રમુખશ્રીઓ, કુકમા ઘટક તથા મહિલા મંડળનો આભાર માની આજની મિટિંગ પૂર્ણ જાહેર કરેલ.



શ્રીમતી ગીતાબેન નટવરલાલ ચૌહાણ
પ્રમુખ : અ.ભા.મહિલા મહામંડળ
Mo. 9960471411

C/o.શ્રીમતી રીટાબેન વિનોદભાઈ ચૌહાણ (મહામંત્રી)
'મુક્તાંગન', પ્લોટ નં. ૧૪૬ થી ૧૪૮/બી, યોગેશ્વરધામ, ન્યુ એમ.ઇ.એસ. રોડ,
આર.ટી.ઓ. રીલોકેશન પાસે, ભુજ (કચ્છ)



શ્રીમતી રીટાબેન વિનોદભાઈ ચૌહાણ
મહામંત્રી : અ.ભા.મહિલા મહામંડળ
Mo. 9426454999

# શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ અખિલ ભારતીય મહિલા મહામંડળ

## 'ઉદ્યોગિકા એવોર્ડ' સન્માન (પુરી) દ્વારા સન્માનિત બહેનો તા. ૨૨/૧૨/૨૫

### શ્રીમતી રીટાબેન રમેશભાઈ પરમાર
### નાગલપર (ભક્તિ ગૃહ ઉદ્યોગ)



ખુબજ સંઘર્ષ અને મહેનત કરી શુન્યમાંથી સર્જન કરી અથાણા બનાવવાનો ગૃહ ઉદ્યોગ સ્થાપ્યો. એક મહિલા તરીકે આજે તેઓ તેનું સફળ સંચાલન કરી રહ્યા છે. ગૃહ ઉદ્યોગ ક્ષેત્રે ખ્યાતિ મેળવી પરિવારને આર્થિક રીતે મજબુત બનાવેલ છે. સમાજનું ગૌરવ વધારેલ છે. નારીવર્ગને પ્રેરણા આપેલ છે.

### શ્રીમતી હિનાબેન ભરતભાઈ વરૂ
### સંબલપુર (શ્રીજી ફેન્સી ડ્રેસ)



જીવનમાં કંઇક કરવાની ઇચ્છા સાથે સિરામીક પેન્ટીંગ અને ફેન્સી ડ્રેસ મેકિંગ ક્ષેત્રે મહેનત કરીને આગળ વધનાર હિનાબેન આજે પોતાની માલિકીના ''શ્રીજી ફેન્સી ડ્રેસ''નું સફળ સંચાલન કરી રહાય છે. આર્થિક રીતે સદ્ધર બનવાની સાથે સમાજને ગૌરવ અપાવેલ છે. સમાજના કાર્યક્રમોમાં નિઃશુલ્ક ડ્રેસ ઉપલબ્ધ કરાવેલ છે.

### શ્રીમતી હસ્મિતાબેન રવિભાઈ ચૌહાણ
### પુના (ક્યુરો સીટી)



વ્યવસાયના ક્ષેત્રે એક મહિલા ધારે તો શું ન કરી શકે તેનું ઉદાહરણ હસ્મિતાબેને આપેલ છે. પોતાના કલાકૃતિના શોખને વ્યવસાયનું સ્વરૂપ આપી ઇન્ટેરીયર પ્રોડકશન અને બિલ્ડીંગ ડેકોરેશનના ક્ષેત્રે માસ્ટર બની પોતાના વિશાળ પ્લોટ ઉપર પ્રોડકશન યુનિટ ધરાવનાર તેઓએ આપણા સમાજનું ગૌરવ વધારેલ છે.

### શ્રીમતી કિર્તીબેન સુનિલભાઈ ટાંક
### લાતુર (ટ્વીંકલ લેન્ડ ઇંગ્લીશ સ્કુલ)



પરિવારની આર્થિક સ્થિતિને મજબુત બનાવવાના ધ્યેય સાથે નાના રૂમમાં બાલમંદિર શરૂ કરીને અંગ્રેજી સ્કુલના સંચાલિકા સુધી પહોંચવાની મંઝીલ પુરી કરનાર કિર્તીબેન અભ્યાસ સાથે આપણી સંસ્કૃતિને અનુરૂપ સંસ્કારો આપવાનું ભગીરથ કાર્ય કરે છે. તેમની આ સફળતાથી આપણા સમાજનું ગૌરવ વધેલ છે.

### શ્રીમતી મેઘાબેન રાજેશભાઈ પરમાર
### ભિલાઇ (નમ્બર્સ એન્ડ ડેસ્ટીની)



માત્ર ૨૦ વર્ષની ઉંમરે કાઉન્ટર ગર્લ તરીકે વ્યવસાયિક કારકિર્દી શરૂ કરનાર મેઘાબેને અમદાવાદ શિફ્ટ થઇ ૨૨ વર્ષ સુધી નોકરી કરી. સર્જનાત્મકતા પ્રત્યેના લગાવએ તેમને પ્રેરિત કર્યા. એક સફળ ન્યુરોલોજીસ્ટ, ટેરો કાર્ડ રીડર, ક્રિસ્ટલ હિલર, પેન્ડલમ ડોઝર અને એનિમલ કોમ્યુનિકેટર જેવા વ્યાવસાયિક ક્ષેત્રોમાં સફળ બની સમાજનું ગૌરવ વધારેલ છે.

## શ્રીમતી જાગૃતિબેન કિરીટભાઈ વાઘેલા
## અંજાર (જલારામ ટીફીન સર્વિસ)



પિતૃ ઘરે સંઘર્ષમય જીવન જીવી સાસરે આવેલા જાગૃતિબેને વિકટ પરિસ્થિતિ અને બાળકોના ઉછેરની જવાબદારી સ્વીકારી ટીફીન બનાવી વેચવાનું શરૂ કર્યું. ખુબજ મહેનત કરીને આગળ વધેલા તેમણે આ ક્ષેત્રમાં પગભર બનીને 'જલારામ ટીફીન સર્વિસ'નું સંચાલન કરી રહ્યા છે. બાળકોને ઉછેરી, ભણાવી પગભર કર્યા છે અને સમાજને ગૌરવ અપાવેલ છે.

## શ્રીમતી હેતલબેન ચાવડા - જયપુર
## (આહાર્યમ ડાન્સ અકાદમી)



પરિસ્થિતિ વશ આર્થિક ઉપાર્જનની જરૂરત પડતાં પોતાની સુઝ અને દઢ મનોબળના માધ્યમથી નૃત્યકલામાં નિપુણ બની તેને વ્યવસાય બનાવનાર હેતલબેન તેમની પુત્રી કુ. તરૂ ચાવડા સાથે ભરતનાટ્યમ, સેમી ક્લાસિકલ, વેસ્ટર્ન, ફોક ડાન્સ, મેરેજ કોરિયોગ્રાફી જેવા ક્ષેત્રે સફળ બની ડાન્સ અકાદમી ચલાવી રહ્યા છે. આપણા સમાજને ગૌરવ અપાવેલ છે.

## શ્રીમતી વર્ષાબેન હેમંતભાઈ ચૌહાણ
## નાસિકરોડ (મહિલા ગૃહ ઉદ્યોગ)



હસ્તકલા, એમ્બ્રોડરી અને સ્વાદિષ્ટ વ્યંજનો બનાવવાના બચપણના શોખને વ્યવસાય બનાવી પારિવારિક જવાબદારી નિભાવવા આર્થિક ઉપાર્જન કરતા વર્ષાબેન આજે પોતાના ગૃહ ઉદ્યોગના માધ્યમથી સારી એવી પ્રતિષ્ઠા મેળવેલ છે. સખત મહેનત અને ઉત્સાહ દરેક સફળતાની સીડી છે તેવું સાબિત કરનાર તેઓએ આપણા સમાજનું ગૌરવ વધારેલ છે.

## શ્રી પ્રિયા પી. જેઠવા - અંજાર
## (કલાપ્રિય મડવર્ક-આર્ટીસ્ટ, હેન્ડમેઈડ જ્વેલરી)



સર્જન પ્રક્રિયા ક્યારેય પણ શરૂ થઇ શકે તેવો દઢ આત્મ વિશ્વાસ ધરાવનાર પ્રિયાબેન એક ડાયવોર્સી મહિલા છે. માટીમાંથી કલા અને કલામાંથી આત્મ વિશ્વાસ કેળવનાર તેઓ એક સફળ મડવર્ક આર્ટીસ્ટ અને હેન્ડમેડ જ્વેલરી બનાવે છે. આ વ્યવસાયમાં સફળ બનેલા તેઓએ આપણા સમાજનું ગૌરવ વધારેલ છે.

## શ્રીમતી પ્રાચિબેન મનિષભાઈ પરમાર
## ઔરંગાબાદ (અનંત વાસ્તુ)



વાસ્તશાસ્ત્રના વિવિધ કોર્ષો દ્વારા સર્ટીફાઇડ ટ્રેનર બનેલા પ્રાચિબેન હાલે સંભાજીનગર મધ્યે ખ્યાતનામ વાસ્તુશાસ્ત્રી તરીકે પ્રખ્યાત બન્યા છે. વાર્ષિક રૂા. ૧૦ લાખ જેટલી આવક ધરાવતા તેઓ વાસ્તુ નિષ્ણાંત ઉપરાંત ઓન લાઇન/ ઓફલાઇન ટ્રેનિંગ પણ આપી રહ્યા છે. ''મહાશ્રી સુવર્ણ પદ્મ'' એવોર્ડથી સન્માનિત તેઓશ્રીએ આપણા સમાજનું ગૌરવ વધારેલ છે.

## શ્રીમતી કિર્તિકાબેન તરૂણભાઈ જેઠવા
## અંજાર (કે.ટી. કિડ્ઝ પ્રિ-સ્કુલ)



બાળકો પ્રત્યેના ઉંડા પ્રેમને આકાર આપવાની નેમ સાથે નવી શિક્ષણ પધ્ધતિ માંથી રમત અને પ્રવૃત્તિ આધારિત શિક્ષણ વિકસાવનાર કિર્તિકાબેન એક સામાન્ય વર્ગખંડના સંચાલન શ્રી આગળ વધી સ્વતંત્ર રીતે કિડ્ઝ પ્રિ-સ્કુલનું સફળ સંચાલન કરી રહ્યા છે. શિક્ષણને મન અને હૃદયથી જોડવાનો પ્રયાસ કરનાર તેઓશ્રી આપણા સમાજનું ગૌરવ છે.

## શ્રીમતી લક્ષ્મીબેન મિલનભાઈ ટાંક
## વડોદરા (ગૃહ કલેક્શન - હેન્ડીક્રાફ્ટ)



''મન હોય તો માળવે જવાય'' તે રીતે પોતાનામાં રહેલી સર્જન શક્તિને વિકસાવી તેને વ્યવસાયનું સ્વરૂપ આપનાર લક્ષ્મીબેન ગૃહ કલેક્શન અને હેન્ડીક્રાફ્ટના નિષ્ણાંત બન્યા છે. કલાના આ ક્ષેત્રમાં ખુબજ ઉંડા ઉતરી આગળ વધીને આપણા સમાજને તેમણે ગૌરવ અપાવેલ છે.

## ડૉ. મુક્તિ ચૌહાણ - ભોપાલ
## (યોગા અને વેલનેસ એક્સપર્ટ)



લગ્ન બાદ ભોપાલ સ્થાયી થયેલા ડૉ. મુક્તિબેને તેમના સસરાજી પાસેથી યોગવિદ્યાની પ્રારંભિક જાણકારી મેળવી તેનો ગહન અભ્યાસ કર્યો. એઇમ્સ હોસ્પિટલમાં વધુ અભ્યાસ કરી વ્યાવસાયિક રીતે ઓનલાઇન અને ઓફલાઇન ક્લાસ કરવાની સાથે આ વિષય પર પી.એચ.ડી. કર્યું. 'મુક્તિમંત્ર' નામે યોગ સેન્ટર ચલાવતા તેઓશ્રીએ આપણા સમાજનું ગૌરવ વધારેલ છે.

## શ્રીમતી અંજનાબેન સંજયભાઈ યાદવ
## માધાપર (ગ્રાફ આર્ટ / ડિઝાઈનિંગ)



નાની વયે વિધવા બની પતિની છત્રછાયા ગુમાવનાર અંજનાબેને શુન્યથી શરૂઆત કરી પતિના પ્રિન્ટીંગ અને ગ્રાફિક્સના વ્યવસાયને હાથમાં લીધો. બાળકો અને વૃદ્ધ સાસુના ઉછેરની જવાબદારી સાથે આ કાર્યમાં પારંગત બનેલા અંજનાબેન આજે સફળ વ્યવસાયી રૂપે આર્થિક ઉપાર્જન કરી રહ્યા છે અને સમાજનું ગૌરવ વધારેલ છે.

## શ્રીમતી ભાવનાબેન હિતેશભાઈ વરૂ
## રાયપુર (ટેન્શન ફ્રી એગ્રો રિસોર્ટ)



પતિની સાથે પોતાના બગીચે જતા ભાવનાબેન એગ્રો ટુરિઝમના ક્ષેત્રે પોતાની શક્તિઓ બહાર લાવવા ઉત્સાહી બન્યા. પોતાના ફાર્મ હાઉસ ઉપર રિસોર્ટ શરૂ કરી સ્વીમીંગ પુલ, ગાર્ડન અને ડાયનિંગ હોલ સહિતની સુવિધાઓ ઉપલબ્ધ કરી. આ રિસોર્ટનું ખુબજ સફળ સંચાલન કરતા ભાવનાબેન એક સફળ વ્યવસાયી રૂપે સમાજનું ગૌરવ વધારેલ છે.

## શ્રીમતી આનંદીબેન ચિરાગ ચૌહાણ
## શ્રીમતી રિધ્ધીબેન પ્રશાંત ચૌહાણ - કુકમા
## (કિડ્ઝ પ્લાનેટ પ્રિ-સ્કુલ)





અભ્યાસ પુરો કરી લગ્નગ્રંથી થી જોડાયેલા આનંદીબેન અને રિદધીબેનએ સમાજના બાળકોને જીવનમાં ઉપયોગી બને તેવું શિક્ષણ આપવાના ધ્યેય સાથે પ્રિ-સ્કુલ શરૂ કરી. ગામના વાલીઓની રૂબરૂ મુલાકાત લઇને તેનો કોન્સેપ્ટ સમજાવ્યો. બાળકોને પાયાથી જ ગણિત જેવા વિષયનું ઉત્તમ જ્ઞાન મળે તેવા પ્રયાસોને વ્યાવસાયિક રૂપ આપનાર આનંદીબન અને રિધ્ધીબેને આપણા સમાજનું ગૌરવ વધારેલ છે.

# શ્રી ક.ગુ.ક્ષ. કચ્છ મહિલા પ્રાદેશિક દ્વારા આધ્યાત્મિક પ્રવાસ યોજાયો

**સંબંધોમાં મધુરતા અને વ્યવહારમાં ઉદારતા એ સુખી પરિવારનો પાયો : બ્રહ્માકુમારી સંસ્થાન મુખ્ય સહયોગથી આધ્યાત્મિક મિલનમાં વરિષ્ઠ વડીલો અને સાસુ-વહુને પોંખાયા**





શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહિલા પ્રાદેશિક સમિતિ સહકારીત પ્રજાપિતા બ્રહ્માકુમારી ઇશ્વરીય વિશ્વ વિદ્યાલય ભુજ આઇયાનગર અંજાર, ગાંધીધામ, આદીપુર સેન્ટર તથા દાતા શ્રી બ્ર.કુ. બાબુભાઇ અરજણભાઇ પરમાર દ્વારા આધ્યાત્મિક મિલન, વડીલ વંદના તથા સાસુ-વહુ સન્માન રૂપી ત્રિવેણી સંગમ કાર્યક્રમમાં રાગદ્વેષ અને નકારાત્મકતાને જાકારો આપી જીવનને

મધુર માણવાલાયક બનાવવા નમ્ર પ્રયાસ કરવામાં આવ્યો હતો.

ગોવર્ધન પર્વત, સતાપર મધ્યે આયોજીત કાર્યક્રમનું મહંત શ્રી ત્રિકમદાસજી મહારાજ સાથે મુખ્ય વક્તા બ્ર.કુ. ઇ.વી. ગિરીશભાઇ, બ્ર.કુ. ડૉ. ગીતાબહેન તથા આપણી રાષ્ટ્રીય મહાસભાના વરીષ્ઠ ઉપપ્રમુખ ડૉ. મનોજભાઇ સોલંકી, ઉપપ્રમુખ અને કાર્યક્રમના આયોજક બ્ર.કુ. બાબુભાઇ પરમાર, મહિલા પ્રાદેશિક પ્રમુખ શ્રીમતી રીટાબેન ચૌહાણ, સંયોજીકા શ્રીમતી અમિતાબેન સોલંકી, પ્રાદેશિક પ્રમુખ બાબુભાઇ ચૌહાણ, યુવા પ્રાદેશિક પ્રમુખ જયભારત જેઠવા, નારીરત્ન શ્રીમતી કંચનબેન જેઠવા, બ્ર.કુ. બિરેન્દ્રભાઇ (મા.આબુ), બ્ર.કુ. દેવેન્દ્રભાઇ, બ્ર.કુ. રીનાબહેન, સમાજની વિવિધ સંસ્થાના હોદ્દેદારો કુંવરજીભાઇ ટાંક, વિનોદભાઇ જેઠવા, મનોજભાઇ વેગડ, વિનોદભાઇ ચૌહાણ, વિનોદભાઇ ખોડિયાર, પુષ્પાબેન ટાંક, મીનાબેન વેગડ તથા ઇલાબેન ચાવડાએ દીપ પ્રાગટ્ય કરેલ હતું. મહંતશ્રી ત્રિકમદાસજી મહારાજે આધ્યાત્મિક વિચારો સાથે





પરિવાર અને સમાજને જોડાવા કાર્યક્રમની પ્રશંસા કરી આશિર્વચન પાઠવેલ હતા. બ્ર.કુ. રીનાબહેને સ્વાગત પ્રવચન કરેલ હતું. શ્રીમતી રીટાબેન ચૌહાણે પ્રસંગ પરિચય આપી આજનું આયોજન પરીણામલક્ષી બની રહે તેવી આશા વ્યક્ત કરી હતી. શ્રીમતી અમિતાબેન સોલંકીએ નારી શક્તિએ ઉજાગર કરવાની સાથે બહેનોને પરસ્પર સ્નેહભાવ વધારવ અનુરોધ કરેલ હતો. બ્ર.કુ. બાબુભાઇ પરમારે આધ્યાત્મિકતાના માર્ગે આદર્શ સમાજ નિર્માણ માટેના પોતાના પ્રયાસોની જાણકારી આપી હતી. હવે પછી આવનારા યુગ પરિવર્તનના અણસાર આપેલ હતા. ડૉ. મનોજભાઇ સોલંકીએ પ્રકૃતિ અને હૃદયમાં રહેલા પરમાત્માનું અનુસરણ કરી જીવનને ગતિશીલ બનાવી સમાજ ઉત્કર્ષના કાર્યોમાં સહભાગી બનવા અનુરોધ કરેલ હતો. બ્ર.કુ. સંગીતાબેને મેડીટેશન તથા બ્ર.કુ. બિરેન્દ્રભાઇ (આબુરોડ)એ મુલ્ય નિષ્ઠ જીવન જીવવાના શપથ ગ્રહણ કરાવેલ હતા.

ત્યાર બાદ સમારોહના મુખ્ય વક્તા અને મોટીવેશન સ્પીકર બ્ર.કુ. ઇ.વી. ગિરીશભાઇ (મુંબઇ)એ હળવી અને માર્મિક શૈલીમાં જીવનના દરેક ક્ષેત્રમાં કડવાશ ત્યજીને મધુરતા અપનાવી સફળ કેમ બની શકાય તેની સમજણ આપી હતી તેમજ સમાજના આયોજનને બિરદાવ્યું હતું. બ્ર.કુ. ડૉ. ગીતાબહેન (ભીનમાલ)એ પોતાના વકતવ્યમાં સ્ત્રીમાં રહેલ આંતરિક અને બાહ્ય સુંદરતાનો પરિચય આપેલ હતો. પરિવારને સંગઠીત રાખવા માટે જરૂરી એવા સાસુ-વહુના સંબંધોને મજબુત બનાવવા મધુરતા, ઉદારતા અને સહનશીલતા જેવા ગુણોને અપનાવા અપીલ કરી હતી. ત્યાર બાદ ૮૦૦ જેટલા વરિષ્ઠ વડીલો અને સાસુ-વહુની જોડીનું મંચસ્થ મહાનુભાવોના હસ્તે સન્માન કરવામાં આવેલ હતું. સાસુ-વહુની જોડીએ પરસ્પર આરતી ઉતારી બંનેએ આંખો મેળવી ગળે મળીને તમામ કટુતા દૂર કરવાનો નિર્ણય લીધો હતો. આયોજનના દાતાશ્રી બ્ર.કુ. બાબુભાઇ પરમાર તરફથી ઉપસ્થિત તમામ લોકોને પ્રસાદ અને ભેટ-સોગાદની કીટ આપવામાં આવેલ હતી તેમજ વક્તાઓ બ્ર.કુ. ગિરીશભાઇ તથા બ્ર.કુ. ડૉ. ગીતાબહેનનું કચ્છી સાલ, પાઘડી અને કચ્છના ભૌગોલિક નકશાવાળી મડવર્ક ફ્રેમ આપી સન્માન કરવામાં આવેલ હતું. આ પ્રસંગે કચ્છ મહિલા પ્રાદેશિક સમિતિ દ્વારા મહિલા ઉદ્યોગિકા એવોર્ડ મેળવનાર બહેનોનું સન્માન કરવામાં આવેલ હતું તેમજ કચ્છના સર્વે મહિલા મંડળના પ્રમુખશ્રીઓનું સન્માન કરેલ હતું. આ પ્રવાસમાં ૨૦૦૦ જેટલા ભાઇ-બહેનો જોડાયેલ હતા. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે ભુજ મહિલા મંડળની બહેનો તથા કચ્છ મહિલા પ્રાદેશિક સમિતિના હોદ્દેદારો અનસુયાબેન પરમાર, સંગીતાબેન રાઠોડ, સવિતાબેન ચૌહાણ, તારાબેન ટાંક, શોભનાબેન ટાંક તથા સર્વે મહિલા મંડળની બહેનો તથા વિનોદભાઇ ચૌહાણ અને વિજયભાઇ સોલંકી, અનિલભાઇ ચૌહાણ સર્વે ખુબજ જહેમત સાથે આ કાર્યક્રમ સફળ બનાવેલ હતો. કચ્છ મહિલા પ્રાદેશિક સમિતિ વિશેષ રૂપે બ્રહ્માકુમાર બાબુભાઇ પરમારનો આભાર વ્યક્ત કરે છે. જેમને પ્રવાસનો સંપૂર્ણ ખર્ચ કરેલ હતો. કાર્યક્રમનું રસપ્રદ સંચાલન બ્ર.કુ. કિરણબેન તથા આભારદર્શન સાથે શ્રીમતી ઉષાબેન ચૌહાણ મહામંત્રીશ્રી દ્વારા કરવામાં આવેલ હતું.

## આદિપુર મહિલા મંડળ



આદિપુર મહિલા મંડળની કીટી પાર્ટીનું આયોજન તા. ૧૧-૦૧-૨૦૨૬ના રોજ શ્રીમતી અનિતાબેન એન. ટાંકના ઘરે કરેલ હતું. પ્રભુ પ્રાર્થના બાદ કચ્છ પ્રાદેશિક મહિલા મંડળના પ્રવાસ અંગે ચર્ચા-વિચારણા કરેલ અને હાઉઝી ગેમ રમેલ, મનચાઉ સૂપની મજા માણી, વન-મિનીટ ગેમ રમેલ. તેમાં બાર મહિનામાં આવતા તહેવારો ક્રમશઃ ગોઠવી લખવાના હતા. તેમાં પ્રથમ શ્રીમતી કોકીલાબેન બી. ગોહિલ આવેલ અને બીજા ક્રમે નીતાબેન ટાંક આવેલ. અનિતાબેન તરફથી ઇનામ આપવામાં આવેલ તેમજ આધ્યાત્મિક પ્રશ્નોતરી રાખેલ, જેમાં ચીટ ઉપાડી જે સવાલ હોય તેના જવાબ આપવાના હતા. તેમાં દરેક કીટી મેમ્બરને તેમના તરફથી ગીફ્ટ બધાને આપેલ. ત્યાર બાદ અલ્પાહાર કરી સૌ છુટા પડેલ હતા.

## ભોપાલ મહિલા મંડળ



તા. ૧૮-૦૧-૨૦૨૬, રવિવારના ભોપાલ મહિલા મંડળ દ્વારા મકરસંક્રાતિનું કાર્યક્રમ રાખવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનું આયોજન ભોપાલ મહિલા મંડળના મંત્રી શ્રીમતી મુક્તિબેન ચૌહાણએ પોતાના ઘરે રાખ્યું હતું. જેમાં ભોપાલ મહિલા મંડળના પ્રમુખ શ્રીમતી જયશ્રીબેન રાઠોડ, બધા સલાહકાર મંત્રી અને સમાજની બધી બહેનો ઉપસ્થિત રહ્યા હતા. ઉત્તરાયણના ઉપલક્ષમાં કાઇટ ડેકોરેશનની સ્પર્ધા રાખવામાં આવી હતી. જેમાં બધી બહેનોએ ઉત્સાહથી ભાગ લીધો હતો. પ્રથમ - માધવીબેન ચૌહાણ, દ્વિતીય - માનસીબેન રાઠોડ, તૃતિય - મનિષાબેન ચાવડા, સાંત્વના - ગાયત્રીબેન પરમાર. આ બધી બહેનોએ ખુબ સુંદર પતંગ સજાવ્યું હતું. ત્યાર બાદ વિવિધ રમત અને હાઉઝી રમાડવામાં આવેલ. ત્યાર બાદ જમણમાં ખીચડો, કઢી, રોટલી અને પાપડનો આનંદ લીધો હતો. આ કાર્યક્રમનું બધી બહેનો અને એમના બાળકોએ આનંદ લીધો હતો.

## બાલાઘાટ મહિલા મંડળ



બાલાઘાટ મહિલા મંડળ દ્વારા સહુના મનોરંજન અને આનંદના ઉદ્દેશથી રવિવાર, તા. ૧૧-૦૧-૨૦૨૬ના રોજ સ્થનીય વૈનગંગા નદીના કાંઠે આવેલા શંકર ઘાટના સ્થળે પિકનિક યાત્રા યોજવામાં આવેલ હતી. ત્યાં જવા માટે એક બસની વ્યવસ્થા કરવામાં આવેલ હતી. સર્વે મહિલા સદસ્યો તેમજ બાળક-બાલિકાઓ બસમાં બેસી હનુમાન ચાલિસાનું પાઠ કરતા સવારે ૯.૩૦ કલાકે પિકનિક સ્થળે પહોંચ્યા અને ત્યાં સહુએ હાઉજીની રમત સાથે મનોરંજનની શરૂઆત કરેલ હતી. ત્યાર બાદ તો મહિલા મંડળે એક પછી એક વિવિધ પ્રકારના ગેમ્સ જેમ કે બૈલૂન ગેમ-લક્કી ડાયસ ગેમ પણ રમાડીને સહુને આનંદિત કરવામાં કોઇ કસર મુકી ન હતી. સહુએ ગેમ્સ રમ્યા અને સાથે સાથે ઇનામો પણ મેળવ્યા હતા. સહુએ નદીના કાંઠે ફોટાઓ પાડી-રીલ્સ બનાવી તેમજ નાચી ગાઇને પિકનિકનો આનંદ લીધો હતો. ત્યાર બાદ સૌએ સાથે મળીને ખુબજ સ્વાદિષ્ટ ભોજનનો આનંદ લીધો હતો. પિકનિકમાં આવેલ બાળકોને રંગબિરંગી પતંગો તેમજ ચોકલેટ્સ આપવામાં આવેલ જેથી બાળકો આનંદીત થઇને ખુબજ રાજી થયા હતા. એકવાર પછી હાઉઝી રમત રમ્યા બાદ સંધ્યાકાળે પિકનિકનું સમાપન કરતા સહુ બસમાં સવાર થઇ અંતાક્ષરી રમતા રમતા પોત-પોતાના ઘરે રવાના થયા હતા. આવી રીતે પિકનિકમાં આવેલ બહેનોએ આયોજનને બિરદાવતા આગામી સમયે પણ આવા જ અન્ય કાર્યક્રમોનું આયોજન થવું જોઇએ એવી લાગણી વ્યક્ત કરી હતી.

## વર્ધા મહિલા મંડળ

વર્ધા ઘટક મહિલા મંડળ ૧૫ /૧/ ૨૦૨૬ - ગુરુવારના રોજ શ્રી જેઠવા નિવાસમાં મકરસંક્રાંતિનું કાર્યક્રમ ઉજવવામાં આવ્યું હતું શરૂઆત શ્રી ગણેશ વંદના અને શ્રી હનુમાન ચાલીસાનો પાઠ કર્યો હતો. ખૂબ જ સરસ રીતે નાના બાળકોના ગેમ અને મહિલાઓ પણ હોંશે હોંશે ગેમ રમ્યા હતા. સમાજ તરફ થી પુરસ્કાર આપવામાં આવેલ હતા. વર્ધા ઘટક મહિલા મંડળ રાત્રી ભોજનું આયોજન કરવામાં આવ્યું હતું. સમાજના સર્વે ભાઈ-બહેનોએ ભોજનનો આનંદ લીધો હતો. મહિલા મંડળ



પ્રમુખ શ્રી જ્યોતિબેન જેઠવા અને મંત્રી શ્રી નેતલબેન ચૌહાણ પુરા સમાજનો આભાર માન્યો હતો.

## રાજનાંદગાંવ મહિલા મંડળ





શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ રાજનાંદગાંવ મહિલા મંડળ દ્વારા ૧૫ જાન્યુઆરી મકરસંક્રાતિના ઉપલક્ષમાં ખીચડાનો પ્રોગ્રામ કરવામાં આવ્યો હતો. મંડળ દ્વારા વડીલો-બાળકોને પણ આમંત્રણ આપવામાં આવેલ હતું. એ બધાનું સમ્માન અને ગેમ રમાડવામાં આવ્યા હતા. જેમાં તેઓ ખુબજ રાજી થયા હતા અને આશીર્વાદ આપ્યા હતા. બધાને એમના ફોટાવાળું કેલેન્ડર આપેલ. મંડળની ૭૦ મહિલાની ઉપસ્થિતિ હતી બધાને હલ્દી કુમકુમ લગાડીને ગીફ્ટ આપવામાં આવેલ. ગેમ અને હાઉઝી પણ રમાડવામાં આવેલ. ત્યાર બાદ ખીચડાનો પ્રસાદ ગ્રહણ કરવામાં આવેલ.

## રાઉરકેલા મહિલા મંડળ





શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ રાઊલકેલા મહિલા મંડળ પ્રમુખ સોનલબેન દિનેશભાઈ પરમારના પ્રમુખપણા હેઠળ વેદવ્યાસ ગુરુકુળ આશ્રમ સ્થળે મકર સંક્રાંતિના ઉપલક્ષ્ય એક ભવ્ય પીકનીક સાથે ધાર્મિક અનુષ્ઠાનનું ખૂબજ સફળ આયોજન તારીખ ૧૭.૦૧.૨૦૨૫, શનિવારના રોજે યોજવામાં આવ્યું હતું. જેમાં મહિલા મંડળના સદસ્યો ખૂબ સારો સાથ સહકાર

મળેલ, તેના માટે સર્વે સદસ્યોનો આભાર માનવામાં આવેલ.

સર્વ પ્રથમ સવારના ૧૦:૦૦ કલાકે આર્ય વૈદિક મંત્રોચાર સાથે હવન પૂજન, જેમાં સર્વે મહિલા મંડળ સદસ્યો દ્વારા પુણ્ય લાભ લેવામાં આવેલ. ત્યારબાદ આશ્રમના ૨૦૦ બાળકોને પ્રસાદ વિતરણ સેવા, ૧૨.૩૦ કલાકે ઉપસ્થિત મહિલા મંડળ દ્વારા. ત્યારબાદ રમત ગમત, હાઉજી, ૨.૦૦ કલાકે તથા સામાજિક ઉત્થાન અંગે ચર્ચા વિચારણા, વેદવ્યાસ ગૌશાળા મધ્યે ગૌ ગ્રાશ, ગૌસેવા, ૩.૦૦ કલાકે ત્યારબાદ મહિલા મંડળ પ્રમુખ શ્રી દ્વારા સર્વેનો આભાર વ્યક્ત કરવામાં આવેલ હતો. અંતે સર્વે સદસ્યો રાજી ખુશી ઘરભેર થયા હતા.

## કુકમા મહિલા મંડળ



શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ કુકમા મહિલા મંડળ દ્વારા રાજસ્થાન પ્રવાસનું આયોજન તા. ૬ જાન્યુઆરી થી ૧૩ જાન્યુઆરી દરમ્યાન યોજવામાં આવેલ હતો. જેમાં ૪૨ સભ્યોએ ભાગ લીધો હતો. જેમાં ધાર્મિક સ્થળો નાથદ્વારા, સાવરિયા શેઠ, પુષ્કર, સાલાસર હનુમાન, ખાટુશ્યામ, જયપુર જેવા સ્થળોએ પ્રવાસ યોજવામાં આવેલ હતો.

ખુબજ સુંદર વ્યવસ્થા રાત્રી રોકાણ હોટલોની વ્યવસ્થા પ્રવાસ સમિતિની બહેનોને કરેલ હતી. સર્વે પ્રવાસીઓને ખુબજ મજા આવેલ હતી અને આનંદ માણ્યો હતો.

પ્રવાસ સમિતિની બહેનોએ સારી જહેમત કરીને પ્રવાસને સફળ બનાવેલ હતો. જેમાં શોભનાબેન ટાંક, ઉષાબેન ચૌહાણ, અનસુયાબેન પરમાર, ભાનુબેન પરમાર, અર્ચનાબેન પરમાર, લલીતાબેન વરૂ, નિશાબેન ચૌહાણ, પુનિતાબેન પરમાર તેમજ સર્વેનો સાથ મળેલ હતો. સર્વેનો આભાર માનવામાં આવેલ.

કુકમા મહિલા મંડળ દ્વારા સતાપર ગોવર્ધન પર્વત યાત્રાનું આયોજન કરવામાં આવેલ હતું. જેમાં ત્રણ બસોની વ્યવસ્થા સાથે ૧૩૪ ભાઇ-બહેનોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. સિનિયર સિટિઝન ભાઇઓ તેમજ સાસુ-વહુની જોડીઓ ખુબજ ઉત્સાહભેર સાથે મળીને આધ્યાત્મિક પ્રવાસની મોજ માણેલ.



આ કાર્યક્રમમાં સાસુ-વહુની સન્માન માટે તિલક, કંકુ, ચોખાની ૩૦ ડીસ કુકમા મહિલા મંડળે વ્યવસ્થા સંભાળેલ હતી. સર્વેનો આભાર માનવામાં આવેલ.

## નાગપુર મહિલા મંડળ

શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ નાગપુર મહિલા મંડળ દ્વારા તા. ૧૭-૦૧-૨૦૨૬, શનિવારે હલ્દીકંકુ કાર્યક્રમ શ્રીમતી જ્યોતીબેન ખોડિયારના પુત્રવધુ શ્રીમતી જેતલબેન ખોડિયારના હસ્તે કરવામાં આવ્યું હતું. પારંપરિક રિત-રિવાજ રીતે શ્રીમતી જેતલબેને મહારાષ્ટ્રનું પહેરવેશ પહેરીને સર્વે બહેનોને હલ્દીકંકુ લગાવીને તીલગુડ અને વાન આપીને ઉખાણા એટલે કે આપણા

પતિનું નામ લઇને બધાનું મનોરંજન કરાવ્યું હતું.

ત્યાર બાદ જ્યોતીબેને જેતલબેનને બાજોટે બેસાડીને તેમને હલ્દીકંકુ લગાવીને તેમના પરથી સુપડીમાં બાલ, બેર, ખજુર, તલના નાના-નાના લાડુ સીટી એવી અનેક રમકડાથી લુટ કરાવી હતી. બધાએ ખુબજ આનંદ માણ્યો હતો. ત્યાર બાદ મહિલા મંડળ દ્વારા લ્હાણી આપવામાં આવી હતી. ત્યાર બાદ શ્રીમતી જ્યોતીબેન તરફથી નાસ્તો રાખવામાં આવેલ. નાસ્તા બાદ વિવિધ ગેમને હાઉઝી રમાડીને સૌ બહેનોએ આ કાર્યક્રમને વિરામ આપ્યો હતો.



## જબલપુર મહિલા મંડળ

મહિલા મંડળના પ્રમખશ્રી શ્રીમતી ચંચલ બેન યાદવ અને મંત્રી શ્રીમતી સોનિયા કેતનભાઈ પરમાર ના માર્ગદર્શન હેઠળ મહિલા મંડળ જબલપુર દ્વારા તારીખ ૧૮/૦૧/૨૬ના રોજ લક્ષ્મીનારાયણ મંદિર ખાતે આનંદમય પિકનિકનું આયોજન કરવામાં આવ્યું હતું. પિકનિકમાં બહેનો સાથે સીનિયર, એડલ્ટ તેમજ બાળકો ઉત્સાહપૂર્વક હાજર રહ્યા હતા. આમાં દીપિકાબેન રાઠોડનો ખૂબ જ વિશેષ અને મહત્વપૂર્ણ સહયોગ રહ્યો હતો. સવારના નાસ્તામાં સૌ માટે સ્વાદિષ્ટ પોહા, સેવ અને જલેબીની વ્યવસ્થા કરવામાં આવી હતી. ત્યારબાદ સૌએ બપોરે ભોજનનો આનંદ લીધો. કાર્યક્રમને વધુ રસપ્રદ બનાવવા માટે સીનિયર, એડલ્ટ અને બાળકો માટે અલગ-અલગ રમૂજી રમતોનું આયોજન કરવામાં આવ્યું, જેમાં સૌએ ખૂબ આનંદ માણ્યો.

આ ઉપરાંત મહારાજશ્રી દ્વારા આપવામાં આવેલ સત્સંગથી સૌને આધ્યાત્મિક આનંદ અને માર્ગદર્શન મળ્યું. સત્સંગના મધુર વચનો દ્વારા મનને શાંતિ અને સકારાત્મકતા પ્રાપ્ત થઈ. આ પિકનિક મનોરંજન સાથે આધ્યાત્મિક અનુભવ આપનાર, સૌ માટે યાદગાર અને સફળ રહી.આ પ્રોગ્રામ ના સફળ આયોજન માટે મહિલા મંડળના તમામ સભ્યોને અભિનંદન આપવામાં આવ્યા અને સમૂહના એકતાના ભાવને મજબૂત કરવાના સંકલ્પ સાથે કાર્યક્રમની સમાપ્તિ કરવામાં આવી.

## ગાંધીધામ મહિલા મંડળ



શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ ગાંધીધામ મહિલા મંડળ દ્વારા તા. ૬-૧-૨૦૨૬ના મહિલા મંડળ પ્રમુખ શ્રીમતી મોનાબેન નીતીનભાઇ પરમારના અધ્યક્ષ સ્થાનેથી મીટીંગ રાખવામાં આવેલ હતી. સર્વ પ્રથમ મસ્તી ગ્રુપ દ્વારા ગાયત્રી ચાલીસા પાઠ કરવામાં આવેલ. ત્યાર બાદ ગ્રુપની બહેનો દ્વારા ખુબ સરસ સ્ટેજ પરફોર્મન્સ કરવામાં આવ્યું હતું. જેમાં આપણી ભૂલી બિસરી ગેમ રમી બધાને આનંદિ કર્યા હતા. ત્યાર બાદ ગ્રુપ દ્વારા ખુબ સરસ સ્પર્ધા રાખવામાં આવી હતી. સ્પર્ધા કાગળના ફુલો બનાવી તેને ગુલદસ્તામાં સજાવાની હતી ! તેમાં સ્પર્ધ બહેનોએ એકથી એક અસલ ફુલ જેવા બનાવ્યા હતા. આ સ્પર્ધામાં પ્રથમ નયનાબેન ચૌહાણ, દ્વિતીય અનિતાબેન ચૌહાણ, તૃતિય હીનાબેન ટાંક આવ્યા હતા.

ત્યાર બાદ ખુબ સરસ મસ્તી વાળી ગેમ રમાડવામાં આવી હતી. જેમાં પ્રથમ રૂચિતાબેન વેગડ, દ્વિતીય દીનાબેન રાઠોડ આવ્યા હતા. ત્યાર બાદ આદ. વડીલ સવિતાબેન ચૌહાણે બધાને ખુબ સરસ જીવન જીવવાની કલા સમજાવી હતી અને આ ગ્રુપના મેમ્બર દાંતના ડૉક્ટર હિનાબીને દ્વારા દાંત વિશે ખુબ સરસ ઉપયોગી જાણકારી આપવામાં આવી હતી. અમારી



મીટીંગમાં ઉજ્જૈન ઘટક મહિલા મંડળના પ્રમુખ શ્રીમતી કલ્પનાબેન અને સરગમ મ્યુઝિક ગ્રુપના મેમ્બર સુશ્રી ઉષાબેન પણ જોડાયા હતા તેમનું ફુલ દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું. તેમને પણ મીટીંગમાં ખુબ જ આનંદ આવ્યો હતો અને તેમણે અમારા ઘટકની બહેનોને પ્રોત્સાહિત કર્યા હતા. અંતમાં બધાને અલ્પાહાર લઇ છુટા પડ્યા હતા.

## મુંબઇ મહિલા મંડળ (પ.)

શ્રી કચ્છી ગુર્જર ક્ષત્રિય સમાજ મુંબઈ મહિલા મંડળ પશ્ચિમ વિભાગનું સત્ર ૨૦૨૫માં પૂરું થયું. સત્ર ૨૦૨૬ થી ૨૦૨૮ માટે નવા પ્રમુખની નિયુક્તિ કરવાની હતી. આદરણીય કુસુમબેનના નિવાસસ્થાને અન્નકૂટના મનોરથ નું ખુબ સરસ રીતે આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે મહિલા મંડળના નવા પ્રમુખ તરીકે શ્રીમતી જ્યોતિબેન રાજેશભાઈ ચાવડાનું સર્વાનુમતે નિયુક્તિ કરવામાં આવેલ છે. મંત્રી તરીકે શ્રીમતી ગીતાબેન હેમંતભાઈ વેગડ. સહ મંત્રી શ્રીમતી બબીતાબેન વિજયભાઈ ચૌહાણ. ખજાનચી શ્રીમતી દર્શનાબેન મનોજભાઈ કોન્ટ્રાક્ટર. સહખજાનચી શ્રીમતી અમીબેન સંજયભાઈ રાઠોડ. ઉપપ્રમુખ શ્રીમતી નેહાબેન ચેતનભાઇ ટાંક. શ્રીમતી વૈશાલીબેન કેતનભાઇ રાઠોડ. શ્રીમતીવિદુલાબેન ઉદયભાઇ વેગડ ની નિયુક્તિ કરવામાં



આવેલ છે. વસંત પંચમીના દિવસે ઓનલાઇન એક્ટિવિટી રાખી હતી, જેમાં બહેનોએ મા સરસ્વતીના શ્લોક, પ્રાર્થના ગાઈને ગ્રુપ ઉપર નાખ્યા હતા. ૨૬ જાન્યુઆરીના દિવસે બહેનોએ દેશભક્તિ ગીત ગાઈને ગ્રુપ ઉપર નાખ્યું હતું. બાળકો એ પણ પ્રજાસત્તાક દિનની ઉજવણીમાં ભાગ લીધેલ હતો તેના ફોટા ગ્રુપ ઉપર બધા સાથે શેર કર્યા હતા.

## અમદાવાદ મહિલા મંડળ

શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ અમદાવાદ ઘટક, મહિલા મંડળ તથા યુવા મંડળના સહયોગથ ઉંધીયા પાર્ટીનું આયોજન કરવામાં આવેલ હતું. જેમાં સમાજના સૌ પરિવારો આનંદ-ઉત્સાહ ભેર આવેલ હતા. જે રવિવાર તા. ૦૧-૦૨-૨૦૨૬ના રોજ સાંજે ૫ થી ૧૦ કલાકે વિશ્વેશ્વર મહાદેવ મંદિરની વાડી, બાપુનગર મુકામે રાખવામાં આવેલ હતું.

તેમાં મહિલા મંડળ તરફથી ગેમ્સ ઝોન રાખવામાં આવેલ હતું. જેમાં બાળકો, બહેનો અને ભાઇઓએ ગેમ્સનો આનંદ માણ્યો હતો. હાઉઝી પણ રમાડવામાં આવી હતી. ઘટક તરફથી



સ્વાદીષ્ટ ઉંધી, પુરી અને જલેબી તેમજ સાથે છાસની મજા માણીને બધા છુટા પડ્યા હતા.


## શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ (ઓખા મંડળ) ટ્રસ્ટ, દ્વારકા

તીર્થધામ દ્વારકા મુકામે આપણી ધર્મશાળામાં આપને આવકાર છે. આપના આગમનની તારીખ અને સમય અઠવાડીયા પહેલા ફોન દ્વારા જણાવશો તો વિશેષ અનુકુળતા રહેશે. ધાર્મિક કે સામાજિક પ્રસંગો માટે ચાર મહિના પહેલાં સંપર્ક કરવો જરૂરી છે.

ખાસ નોંધ : સરકારી નિયમ મુજબ, યાત્રીએ પોતાનું આઇકાર્ડ સાથે રાખવું ફરજિયાત છે. ફોન કરનારે પ્રથમ પોતાની ઓળખ વતન-ગામ સાથે આપવી જરૂરી છે.

**સરનામું :** કચ્છી સમાજ ભવન, ગોમતી રોડ, રામેરામ ધર્મશાળા પાસે, દ્વારકા - ૩૬૧૩૩૫
મેનેજર : ૮૯૮૦૦૫૮૧૫૬

**ફોનથી બુકીંગ કરવા માટેનો સમય :**
**સવારે** ૧૦.૦૦ થી ૧.૦૦ વાગ્યા સુધી, **સાંજે** ૫.૦૦ થી ૮.૦૦ સુધી
**ચેકઇન ટાઇમ :** સવારે ૯.૦૦, **ચેકઆઉટ ટાઇમ :** બીજા દિવસે સવારે ૯.૦૦

# 'ચષ્મા'

તારી જરૂરત પડે ઘણાને ઘણી,
ચષ્મા તૂં તો છે ઘણો માની
ચષ્મા કહો, એનક કહો, કે પછી ડહાપણ
કાહી પણ કહો ન્યાચ આપે છે આંખને.
જી તને મનથી અપનાવે,
એના નાક કે કાન તું અપનાવે.
તૂં તો ઘણો સમજદાર જ છે,
નાના સાથે નાનો ને મોટા સાથે મોટો બને છે.
તૂં તો ઘણો સરસ છે દોસ્ત
અનેકો આકારથી મન જીતી લે છે દોસ્ત.
તૂં તો તારો રંગ બદલાવે છે,
તડકામાં પહેરો તો છાયો દેખાડે છે.
તને જી અપનાવે એને સુંદર દેખાડે.
જરૂરત છતાં ન અપનાવે એને ઝાંખુ દેખાડે.
ઘણાં તને ક્યાંક રાખીને ભૂલી જાય,
ઘરભર ગોતે ને માથા ઉપરથી મળી જાય.
તે આંખ સાથે દોસ્તી કરી છે વરી,
તો જીંદગીભર નિભાવે છે વરી.
જરૂરતમાં ચષ્માને પહેરશો તો,
જીવનમાં આનંદી આનંદ રહેશો.
જગની સુંદરતાને નિહાળો,
જગની સુંદરતાને નિહાળો.




સૌ. અરૂણા વિ. યાદવ
પુના
મો. ૯૯૨૨૪૪૬૧૨૬


## રાષ્ટ્રીય સ્તરે ઉત્તમ પાત્રની પસંદગી માટે મંગલ પાત્ર પરિચય



**Tulsiram Chouhan**

| | | |
|---|---|---|
| Date of Birth | : | 23-Oct. 1981 |
| Place of Birth | : | Bhilai |
| Time of Birth | : | 08:00 am |
| Height | : | 5 Ft. 5 In. |
| Maritul Status | : | Unmarried |
| Gotra | : | Kashyap |
| Kuldevi | : | Shree Brahmani Maa |
| Native Place | : | Reha |
| Education | : | 12th BSP Secondary School, Bhilai |
| Occupation | : | Masala Udyog & Kirana Store |
| Father | : | Lt. Dharamshibhai Chouhan |
| Mother | : | Lt. Laxmiben Chouhan (Home Maker) |
| ElderBrother | : | Kishor Chouhan |
| ElderBrother | : | Jitendra Chouhan |
| ElderBrother | : | Hariom Chouhan |
| Contact No. | : | 9827469885, 9301606217 |
| Address | : | Plot No. 623/62, Awadhpuri, Risali, Bhilai (C.G.) 490006 |

**Note : Poor girl, Divorcee, Widow without any children also preferred.**


Unlock Your
Financial Future with Expert
***Mutual Fund Guidance!***

1. *Daily Investment tracking on personalized android app.*
2. *FREE Audio Video insights about mutual funds by industry leaders.*
3. *Investments starting from ₹1000/-.*
4. *Benefit from 17 years of personal investment experience*

AMIT GOPAL CHAUHAN
Mutual Fund Distributor

12, Ashwamegh complex, Vijay Nagar, Anjar (Kachchh) Gujarat 370110

**Contact :** 8401482462, 8866933113

**E-mail :** amit2462@agcmfd.com, **Website :** www.agcmfd.com

***Excel your personal financial Growth... Simply !***






વિશ્વાસનું આ બંધન આમ જ બન્યુ રહે
તમારા જીવનમાં પ્રેમનો સાગર આમ જ વહેતો રહે
દુઆ છે ઈશ્વરને સુખ અને સમૃદ્ધિથી જીવન ભર્યુ રહે

**૨૬-૦૨-૨૦૨૬ લગ્ન જીવન ની સુવર્ણ વર્ષગાંઠ નિમિત્તે**

**શ્રીમતી ભારતી શાંતિલાલ ટાંક અને શ્રી શાંતિલાલ મોરારભાઈ ટાંક**

(મૂળ ગામ: નાની નાગલપર-કચ્છ; હાલ: મુંબઈ)

અમારા પ્રિય પિતા અને માતાને
તેમના જીવનસાથી સાથે 50 વર્ષના **પ્રેમ**, **સાથ** અને **સમર્પણ** માટે
હૃદયપૂર્વક અભિનંદન.

**તમારી સુંદર જીવનયાત્રાની ખૂબ ખૂબ શુભેચ્છા અને એજ અમોને
સદાય આનંદ અને પ્રેમથી જીવન જીવવાનું પ્રોત્સાહન આપતું રહે એવી પ્રાર્થના🙏**



**પ્રેમભર્યા અભિનંદનો**

જયેશકુમાર ટાંક (પુત્ર)
ઝરના જયેશકુમાર ટાંક (પુત્ર વધુ)
મયંક મોરારભાઈ વાઢેર (જમાઈ)
દર્શિકા મયંક વાઢેર (પુત્રી)
મોક્ષી, દેવજ, પ્રિયશ
(પૌત્રી અને દોહિત્રો)
અને
સમગ્ર ટાંક પરિવાર

---

ટ્રસ્ટ રજી. નં. એ.૬૧૪ (કચ્છ) ॥ શ્રી રામ ॥ પાન નં. AALTS5832R



# શ્રી ખેડોઈ રૂઘનાથજી મંદિર ટ્રસ્ટ

મોટી ખેડોઇ, તા. અંજાર (કચ્છ) ૩૭૦૧૩૦

## સુજ્ઞ સમસ્ત સમાજબાંધવશ્રી જોગ નમ્ર નિવેદન

શ્રી ખેડોઇ ઘટક સંચાલિત શ્રી રામ મંદિર (રૂઘનાથજી મંદિર) જે સંવત ૧૯૪૨માં ખેડોઇના રહીશ રાઠોડ તથા પરમાર ભાયાત દ્વારા બંધાવવામાં આવેલું હતું. હાલમાં પણ ખેડોઇના રાઠોડ ભાયાત દ્વારા દેખરેખથી સંચાલીત કરવામાં આવે છે. અંદાજે ૧૪૦ વર્ષ જુનું છે. તેમાં સમારકામ-રીનોવેશનની સખત જરૂર છે. અંદાજે ૧૫ હજાર ચો. ફુટ એરીયા આવેલો છે. તેના માટે અંદાજે ૧૦ થી ૧૨ લાખનો ખર્ચ થવાનો છે તેનો નિભાવ તથા વહિવટી ખર્ચ તથા પુનઃ જીર્ણોદ્ધાર માટે આપશ્રી અને સર્વે સમાજબંધુઓ તથા મૂળ ખેડોઇ નિવાસી પરમાર તથા રાઠોડ ભાયાત બંધુઓને અમો અપીલ કરીએ છીએ કે, તેના માટે યોગ્ય જેમ બને તેમ વધુમાં વધુ મદદ કરવા કૃપા કરશોજી. આ સાથે નીચે રામ મંદિરના બેન્ક ખાતાની વિગત દર્શાવી છે. જેમાં આપશ્રી રામ મંદિરના ખાતામાં સીધી રકમ જમા કરાવી શકશો અથવા ડ્રાફ્ટ-ચેર અથવા રોકડા પણ આપી શકો છો. આપના સહકારની અપેક્ષા છે... આભાર.. જય સિયારામ...

G Pay **No. 9925317597**

**Bank A/c. :** SHREE KHEDOI RAGHUNATHJI MANDIR TRUST
**S.B./A/c No. :** 1210712445 **IFSC Code :** CBIN0280591 **Central Bank of India - Anjar (Branch)**

**વિનિત : ટ્રસ્ટીગણ**

દલપતરામ ગોવિંદભાઇ રાઠોડ – પ્રમુખ મુકેશ રેવાલાલ કોઠારી – મંત્રી ભાવિક દલપતરામ રાઠોડ – ખજાનચી
હિતેશ લક્ષ્મણભાઇ રાઠોડ – સભ્ય રાજેશ પ્રભુરામ રાઠોડ – સભ્ય

**પ્રમુખ/મંત્રી : ખેડોઇ ઘટક** **પ્રમુખ/મંત્રી : ખેડોઇ યુવા મંડળ** **પ્રમુખ/મંત્રી : ખેડોઇ મહિલા મંડળ**

**સંપર્ક સુત્ર : ભાવિક દલપતરામ રાઠોડ – મો. 9925317597**

# હાર્દિક અભિનંદન




## CA જાનવી નરેન્દ્રભાઈ રાઠોડ

### કચ્છમાં ગામ : અંજાર, હાલ મુકામ : રાજકોટ

કુળદેવી આઈ શ્રી ચામુંડા માતાજીની અસીમ કૃપા અને વડીલોના આશીર્વાદથી કચ્છ-અંજાર હાલ મુકામ રાજકોટ નિવાસી અ.સૌ. નેહાબેન તથા શ્રી નરેન્દ્રભાઈ ગોપાલભાઈ રાઠોડના સુપુત્રી જાનવી સપ્ટેમ્બર-૨૦૨૫માં *CA final* ની પરીક્ષામાં ઉત્તિર્ણ થઈને *CA (Chartered Accountant)* ની ડિગ્રી પ્રાપ્ત કરી રાજકોટ સમાજ અને રાઠોડ પરિવારનું ગૌરવ વધારવા બદલ ખૂબ ખૂબ અભિનંદન... ઉતરોત્તર પ્રગતિની હાર્દિક શુભકામના...

**:: શુભેચ્છક પરિવારજનો ::**

| | |
|---|---|
| સ્વ.કાશીબેન ગોપાલભાઈ રાઠોડ | (દાદી-દાદા) |
| અ.સૌ.નેહાબેન નરેન્દ્રભાઈ રાઠોડ | (માતા-પિતા) |
| જય નરેન્દ્રભાઈ રાઠોડ - **Sr.Design Engineer** | (ભાઈ) |
| જતીન નરેન્દ્રભાઈ રાઠોડ -**Data Engineer** | (ભાઈ) |
| અ.સૌ.મુક્તાબેન મોહનલાલ ખોડીયાર | (મોટા નાની-નાના) |
| ગં.સ્વ માયાબેન દયારામભાઈ ખોડીયાર | (નાની-નાના) |
| અ.સૌ.વંદનાબેન વિનોદભાઈ ખોડીયાર | (મોટા મામી-મામા) |
| અ.સૌ.દીનાબેન કિરણભાઈ ખોડિયાર | (મામી-મામા) |
| અ.સૌ.ઈનાબેન જયેશભાઈ રાઠોડ | (કાકી-કાકા) |
| ગં.સ્વ ગીતાબેન જયકુમાર ટાંક | (ફઈ-ફુવા) |

રીંકલ, દેવાંશી, મહિમા, કૃતજ્ઞા, માધવ,
નિધિ, રજત, પ્રજય, યેશી (ભાઈ-બેન)

**તથા સમસ્ત રાઠોડ પરિવાર**

# રાષ્ટ્રીય સ્તરે ઉત્તમ પાત્રની પસંદગી માટે મંગલ પાત્ર પરિચય



## Parag Khodiyar

**Personal Details :-**

| | |
|---|---|
| Date of Birth | : 24 June 1996 |
| Time of Birth | : 12:20 pm |
| Place of Birth | : Udaipur (Rajasthan) |
| Height | : 5 Ft. 4 In. |
| Blood Gp. | : B+ |
| Gotra | : Atri |
| Kuldevi | : Shri Khodiyar Maa |

**Education & Qualification :-**

| | |
|---|---|
| Education | : B.A. (Tolani College, Adipur) |
| Other Skills | : Basic Computer, Tally Accounting, I.T.I. (Wireman), Diploma in Hardware & Networking |
| Work Exp. | : 1 Year Apprentice at Kandla Port Trust |
| Job | : Store Assistant at Shri Renuka Sugar Pvt. Ltd. |
| Salary | : Rs. 23,000/- CTC per month |

**Family Details :-**

| | |
|---|---|
| **Father** | : **Khodiyar Mukesh Amarshibhai** (Government Teacher) |
| **Mother** | : **Khodiyar Shardaben Mukeshbhai** (Housewife) |
| **Sibling** | : No Brother, No Sister |
| **Dada** | : **Lt. Amarshibhai Muljibhai Khodiyar** |
| **Dadi** | : **Lt. B. Amarshibhai Khodiyar** |
| **Nana** | : **Mohanlal Ramji Chauhan** |
| **Nani** | : **Taradevi Mohanlal Chauhan** (Kukma) |
| **Mama-Mami** | : **Madhukant Mohanlal Chauhan**<br>**Preeti Madhukant Chauhan** (Kukma)<br>9427407743 |
| **Mama-Mami** | : **Kamalkant Mohanlal Chauhan**<br>**Beena Kamalmant Chauhan** (Kukma)<br>6352196095 |
| **Masa-Masi** | : **Kamlesh Virji Vaghela**<br>**Usha Kamlesh Vaghela** (Surendranagar)<br>9825893602 |

**Resi. Address :-**

Plot No. 6-A, Shivjinagar - 2,
Dabda, Anjar (Kutch) Gujarat - 370110.

**Contact Details :-**

| | |
|---|---|
| **Father** | : **8238248637** |
| **Mother** | : **9426453140** |

# રાષ્ટ્રીય સ્તરે ઉત્તમ પાત્રની પસંદગી માટે મંગલ પાત્ર પરિચય



## Kinjal G. Rathod

**Personal Details :-**

| | | |
|---|---|---|
| Date of Birth | : | 14 April 1997 |
| Time of Birth | : | 8:45 am |
| Place of Birth | : | Latur - Maharashtra |
| Gotra | : | Gautam |
| Kuldevi | : | Shri Chamunda Mataji |
| Native Place | : | Khedoi |
| Height | : | 5 Ft. 3 In. |
| Education | : | B.Com. - GLS Uni. Ahmedabad<br>MBA - Finance - MIT Pune |
| Job | : | S&P Global US - Ahmedabad |
| Blood Group | : | O -ve |

**Family Details : -**

| | | |
|---|---|---|
| **Father** | : | **Ghanshyam Chhaganlal Rathod** |
| Occp. | : | Service |
| **Mother** | : | **Leena Ghanshyam Rathod** (Home mk.) |
| **Brother** | : | **Taral Ghanshyam Rathod** (Ygr.) |
| Occp. | : | Business |
| **Mama** | : | **Lt. Prabhulal Dharsi Parmar** |
| **Mama** | : | **Manish Dharsi Parmar** |
| **Contact No.** | : | **9825872990, 9099404826** |
| Address | : | 637, Bharatnagar, Ward 11/A,<br>Gandhidham (Kutch) Gujarat - 370201. |



## Dharvi G. Tank

**Personal Details :-**

| | | |
|---|---|---|
| D.O.B. | : | 26-10-1998 |
| Birth Time | : | 5:20 pm |
| Place of Birth | : | Jamnagar (Gujarat) |
| Blood Group | : | A+ |
| Height | : | 5'.4" |
| Weight | : | 55 Kg |
| Education | : | B.Com. & Bachelor of Fashion Design |
| Occupation | : | Running Seasonal Business, Customising Outfits and Expecting to open a Boutique |
| Kuldevi | : | Shree Chamunda Mataji |
| Native Place | : | Sinogra |
| Hobby | : | Drawing, Designing, Gyming,<br>Exploring New Things |
| **Father** | : | **Girishbhai Dharshibhai Tank** |
| Occupation | : | Reservation Supervisor in West. Railway |
| **Mother** | : | **Anjanaben Girishbhai Tank** (Housewife) |
| **Gr. Father** | : | **Lt. Dharshibhai Kuvarjibhai Tank** |
| **Gr. Mother** | : | **Lt. Parvatiben Dharshibhai Tank** |
| **Elder Sister** | : | **Disha Sagarbhai Solanki** (Vadodara)<br>Working in PGVCL-Khambhalia (Guj.) |
| **Ygr. Sister** | : | **Mansi Girishbhai Tank** |
| **Mosad** | : | **Navinbhai Devendrabhai Parmar**<br>(Workig in NAYARA) Jamnagar-Gujarat |
| Address | : | 9, Patel Colony, Shyam Tenament,<br>Between Road No. 2/3,<br>Opp. Raj Shakti Pan, Jamnagar |
| **Mother** | : | **Mo. 6353977671** |
| **Father** | : | **Mo. 9909978403** |
| **Cont No.** | : | **Mo. 9909992296** |

## શ્રી બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલય સોશિયલ વિંગ આયોજીત

### શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહિલા પ્રાદેશિક સમિતિ - કચ્છ સહકારિત ત્રિવેણી સંગમ રૂપી આયોજન

**આધ્યાત્મિક પ્રવાસ મિલન, સાસુ/વહુ સન્માન, વરિષ્ઠ વડીલ સન્માન તા. ૨૫-૦૧-૨૦૨૬, રવિવારની તસવીર ઝલક...**



# શ્રી બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલય સોશિયલ વિંગ આયોજીત

## શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહિલા પ્રાદેશિક સમિતિ - કચ્છ સહકારિત ત્રિવેણી સંગમ રૂપી આયોજન

### આધ્યાત્મિક પ્રવાસ મિલન, સાસુ/વહુ સન્માન, વરિષ્ઠ વડીલ સન્માન તા. ૨૫-૦૧-૨૦૨૬, રવિવારની તસવીર ઝલક...



# ભાવપૂર્ણ શ્રદ્ધાંજલિ



## સ્વ. કાન્તિલાલ રામજીભાઇ પરમાર - કુકમા (ઉ.વ.૮૭)

**સ્વર્ગવાસ તારીખ : ૦૭/૦૨/૨૦૨૬, શનિવાર, મહાવદ-૬**

**સંસ્થાપક સભ્ય, શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય કન્યા છાત્રાલય-કુકમા**

**(Ex. Director of Ashapura Company)**

પરિવારના મોભી એવા આપશ્રીની ચિરઃ વિદાયથી અમો સૌ ઉંડા શોકની લાગણી અનુભવીએ છીએ. પરિશ્રમ, ઉદારતા અને સેવારૂપી સદ્‌ગુણો હંમેશાં આપની સ્મૃતિ કાયમ રાખવાની સાથે અમોને માર્ગદર્શન આપતા રહેશે. પરમકૃપાળુ પરમાત્મા આપના દિવ્ય આત્માને ચિરઃ શાંતિ પ્રદાન કરે તેવી પ્રાર્થના... ઓમ શાંતિ... શાંતિ... શાંતિ...

**:: શોકમગ્ન પરિવારજનો ::**

ગં.સ્વ. દેવુબેન કાન્તિલાલ પરમાર (પત્ની)
સ્વ. લક્ષ્મીબેન રામજીભાઇ પરમાર (માતા-પિતા)
સ્વ. કાશીબેન રઘુભાઇ ચૌહાણ (સાસુ-સસરા)
સ્વ. અમૃતબેન ભવાનભાઇ રાઠોડ (બહેન-બનેવી)

મણીબેન વલમજી પરમાર (ભાભી-ભાઇ)
વર્ષાબેન કિશોરભાઇ પરમાર (પુત્રવધુ-પુત્ર)
હિનાબેન કિરણ પરમાર (પુત્રવધુ-પુત્ર)
કિરણબેન પ્રભુલાલ રાઠોડ (ભાણેજવહુ-ભાણેજ)

સરિતાબેન શાન્તિલાલ પરમાર (ભાભી-ભાઇ)
રીટાબેન ધીરજલાલ પરમાર (પુત્રવધુ-પુત્ર)
દક્ષાબેન હરસુખભાઇ ચૌહાણ (પુત્રી-જમાઇ)
સ્વ. હરિકુંવર, રીંકુ, અમ્રિતા (ભત્રીજી)

જીતેન્દ્ર, મહેશ, સતિષ, સ્નેહલ, સ્વ. પુષ્પાબેન, પુનિતા, બિંદિયા, અર્ચના (ભત્રીજા-ભત્રીજાવહુ)
સ્વ. હંસાબેન તારાબેન, દર્શનાબેન, પૂર્ણિમાબેન, ગીતાબેન, હસ્મિતાબેન (ભાણેજી)
ખુશ્બુ, પૂજા, હર્ષ, કિંજલ, નેહલ, નિરવ, જાનકી, હેમાંગ, કશ્યપ, મૈત્રી, કુશ, ધૈર્ય, મિસરી, શ્રીની (પૌત્ર-પૌત્રી)
પારૂલ, અવનિ, ઉર્વિ, તેજસ (દોહીત્રી-દોહીત્ર)

**તથા સમસ્ત પરમાર પરિવારના જયશ્રી કૃષ્ણ**

# હાર્દિક શ્રદ્ધાસુમન



## સ્વ. કાન્તિલાલ રામજીભાઈ પરમાર - કુકમા (ઉ.વ.૮૭)

**દેહ વિલય તા. : ૦૭/૦૨/૨૦૨૬, શનિવાર, મહાવદ–૬, શનિવાર**

**સંસ્થાપક સભ્ય, પૂર્વ પ્રમુખ, પૂર્વ માનદ્ વ્યવસ્થાપક શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય કન્યા છાત્રાલય-કુકમા**

આપના દુઃખદ અવસાન બદલ છાત્રાલય પરિવાર ખુબજ ઉંડા શોકની લાગણી અનુભવે છે. કન્યા કેળવણીના પ્રોત્સાહક અને હિમાયતી એવા આપશ્રીના આત્મિય અને સઘન પ્રયાસોથી કુકમા મુકામે કન્યા છાત્રાલયની સ્થાપના થઇ. સહયોગીઓ સાથે મળીને રોપેલું એક બીજ આજે વટવૃક્ષ બની ચૂક્યું છે. સમાજની અસંખ્ય દિકરીઓ તેમાં અભ્યાસ કરવાની સાથે ઉત્તમ સંસ્કારો અને શિક્ષણ મેળવી જીવનમાં સુખી અને પગભર બની છે. આપનું સંસ્થા પ્રત્યેનું સમર્પણ, નિષ્ઠા અને કાર્યકુશળતા સદા અમોને માર્ગદર્શન આપતા રહેશે. પ્રભુ આપના દિવ્ય આતમાને પરમધામમાં ચિરઃ શાંતિ પ્રદાન કરે તેવી પ્રાર્થના... ઓમ શાંતિ... શાંતિ...

**:: શોકમગ્ન ::**

**'સમાજરત્ન' શ્રી વિનોદભાઈ પુરૂષોત્તમભાઈ સોલંકી** (પ્રમુખશ્રી)

| | | | |
|---|---|---|---|
| **જેઠાલાલ પી. પરમાર**<br>ચેરમેન | **પ્રફુલ્લભાઈ કે. ટાંક**<br>સલાહકાર પ્રમુખ | **મોહનલાલ કે. ચૌહાણ**<br>માનદ્ વ્યવસ્થાપક | **વિનોદ એલ. ચૌહાણ**<br>ઉપપ્રમુખ |
| **વિનોદ કે. પઢીઆર**<br>ઉપપ્રમુખ | **પ્રભુલાલ પી. પરમાર**<br>ઉપપ્રમુખ | **રમેશચંદ્ર આર. ચૌહાણ**<br>મંત્રી | **અનિલ ડી. ચૌહાણ**<br>કોષાધ્યક્ષ |
| **રસિકલાલ પી. ચૌહાણ**<br>સહમંત્રી | **ઉમંગ એમ. પરમાર**<br>સહમંત્રી | **અનસુયાબેન જે. પરમાર**<br>સહ વ્યવસ્થાપક | **ઇન્દુબેન વ્યાસ**<br>ગૃહમાતા |

**કન્યા છાત્રાલય – કારોબારી સમિતિ, સ્ટાફ તથા વિદ્યાર્થીનીઓના જયશ્રી કૃષ્ણ... ઓમ શાંતિ...**

# ભાવપૂર્ણ શ્રદ્ધાંજલિ



જન્મ
૧૫/૦૪/૧૯૩૭

સ્વર્ગવાસ
૧૩/૦૧/૨૦૨૬

## સ્વ. ચુન્નીલાલ ભવાનજીભાઈ ચૌહાણ

**દેશમાં ગામ : રેહા, હાલ મુકામ : ચંદ્રપુર (મહારાષ્ટ્ર)**

**પરિવારની છત્રછાયા સમાન મોભી અને પરિવારને સુ-સંસ્કાર સિંચન કરનાર**
**પિતાશ્રીને હૃદયપૂર્વક શ્રદ્ધાંજલિ...**

આપનો લાગણીશીલ સ્વભાવ, હસમુખો ચહેરો અમારાથી ક્યારેય ભૂલાશે નહીં. તમારા સ્નેહ-વાત્સલ્ય એવં સંસ્કાર અને કુટુંબ પ્રત્યનો પ્રેમ સદા અમારા હૃદયમાં રહેશે... જીવન એવું જીવ્યા તમે, તમને જોઈ શીખ્યા અમે, તમારા ઉચ્ચ વિચાર, ધર્મભાવના, મિલનસાર સ્વભાવ અમને સૌને પ્રેરણા આપતા રહેશે.
પરમકૃપાળુ પરમાત્મા આપના દિવ્ય આત્માને પરમ શાંતિ આપે એજ પ્રાર્થના... ૐ શાંતિ... શાંતિ... શાંતિ...

**:: શોકમગ્ન પરિવારજનો ::**

નવીનભાઈ ચુન્નીલાલભાઈ ચૌહાણ (પુત્ર)
અનુપાબેન નવીનભાઈ ચૌહાણ (પુત્રવધુ)
મહેશભાઈ ચુન્નીલાલભાઈ ચૌહાણ (પુત્ર)
સંજલીબેન મહેશભાઈ ચૌહાણ (પુત્રવધુ)
ચંદ્રિકાબેન ચુન્નીલાલભાઈ ચૌહાણ (પુત્રી)
રાજેન્દ્રભાઈ પુરૂષોત્તમભાઈ પરમાર (જમાઈ)
ભારતીબેન મુકેશભાઈ રાઠોડ (પુત્રી)
મુકેશભાઈ શિવલાલભાઈ રાઠોડ (જમાઈ)

હિના નવીનભાઈ ચૌહાણ (પૌત્રી)
પવન નવીનભાઈ ચૌહાણ (પૌત્ર)
ભારત મહેશભાઈ ચૌહાણ (પૌત્ર)
તન્વી તરૂણભાઈ કોચર (પૌત્રી)
જેસલ મુકેશભાઈ રાઠોડ (દોહિત્ર)
વિધિ અનિરૂદ્ધભાઈ પોપટ (દોહિત્રી)
કામના તેજસભાઈ સોલકી (દોહિત્રી)

**સમસ્ત ચૌહાણ પરિવાર**

નિવાસ સ્થાન : જલનગર વોર્ડ, જટેપુરા ગેટની પાસે, ચંદ્રપુર (મહારાષ્ટ્ર) ૪૪૨૪૦૧

:: ફર્મ ::

ચૌહાણ બ્રિક્સ ઇન્ડસ્ટ્રીઝ    ચૌહાણ ફ્લાઇ ઍશ પ્રોડક્ટસ    ચૌહાણ ઍલ્યુમિનિયમ    દમયંતી ફાર્મ્સ

# પ્રાદેશિક સમિતિ તથા ઘટકોના સમાચાર

## ગુજરાત પ્રાદેશિક સમિતિ




શ્રી કચ્છ ક્ષત્રિય સમાજ મહાસભા ગુજરાત પ્રાદેશિક સમિતિની વાર્ષિક મીટીંગ રાજકોટ ઘટકના સ્નેમય આમંત્રણ ને માન આપી તારીખ ૩૦/૦૯/૨૦૨૫ રવિવારના રોજ રાજકોટ ઘટક ના વરિષ્ઠ સલાહકાર શ્રી પ્રફુલભાઈ ગોહિલ પરિવારના રમણીય ફાર્મ હાઉસ પરમ વાટીકા ખાતે આયોજન કરવામાં આવેલું હતું. સૌપ્રથમ બહારગામ થી પધારેલા મહેમાનો માટે ચા પાણી અને રાજકોટના પ્રખ્યાત જલેબી ફાફડાનો સુંદર નાસ્તાની વ્યવસ્થા શ્રી પ્રફુલભાઇ ગોહિલ દ્વારા કરેલ. ત્યારબાદ બરાબર ૧૧ વાગે મીટીંગ ની શુભ શરૂઆત કરવામાં આવી હતી.

મિટિંગનો શુભારંભ રાજકોટ ઘટક દ્વારા રાજકોટ ઘટકના મંત્રી શ્રી રાજનભાઈ પરમાર દ્વારા સ્વાગત પ્રવચન સાથે કરવામાં આવી. રાજકોટ ઘટકના પ્રમુખ શ્રીમતી પ્રીતિબેન ચૌહાણ દ્વારા ગુજરાત પ્રાદેશિક સમિતિના પ્રમુખ શ્રી રસિકભાઈ ચૌહાણને શાલ સાથે સન્માન કરી મંચ પર સ્થાન ગ્રહણ કરાવ્યું. ગુજરાત પ્રાદેશિક સમિતિના સલાહકાર પ્રમુખશ્રી જગદીશભાઈ વરૂને સાલ સાથે સન્માનિત કરી શ્રી પ્રફુલભાઈ ગોહિલે મંચ પર સ્થાન ગ્રહણ કરાવ્યું. મહાસભાના ઉપપ્રમુખ શ્રી અને સ્કીલ ડેવલોપમેન્ટ સમિતિના પ્રભારી શ્રી દિપકભાઈ ચૌહાણનું પણ સાલ સાથે સન્માન રાજકોટ ઘટકના સલાહકાર પ્રમુખશ્રી ચંદ્રેશભાઇ ચાવડા દ્વારા કરવામાં આવ્યું. મહાસભા ના ઉપપ્રમુખ શ્રી અને લક્ષ્ય સમિતિના પ્રભારી તથા ગુજરાત પ્રાદેશિક સમિતિના ચેરમેન શ્રી એવા પરેશભાઈ ચૌહાણનું સ્વાગત રાજકોટ ઘટકના મંત્રી શ્રી રાજનભાઈ પરમાર દ્વારા કરવામાં આવ્યું. ગુજરાત પ્રાદેશિક સમિતિના ભૂતપૂર્વ પ્રમુખ અને ભૂતપૂર્વ ઝોનલ પ્રમુખ એવા શ્રી નરોત્તમભાઈ જેઠવાનું સ્વાગત રાજકોટ ઘટકના શ્રી પરેશભાઈ ચૌહાણ દ્વારા કરવામાં આવ્યું. ગુજરાત પ્રાદેશિક સમિટીના ઉપપ્રમુખ શ્રી પ્રવીણભાઈ ચૌહાણ મીઠાપુર નું સ્વાગત રાજકોટ ઘટકના ઉપપ્રમુખ શ્રી જતીનભાઈ ચૌહાણ દ્વારા કરવામાં આવ્યું. ગુજરાત પ્રાદેશિક સમિતિના મંત્રી શ્રી તુષારભાઈ ભાઈ ચૌહાણ નું સ્વાગત રાજકોટ યુવા મંડળ પ્રમુખ શ્રી ધવલભાઈ ટાંક દ્વારા દ્વારા કરવામાં આવ્યું. ગુજરાત પ્રાદેશિક સમિતિના યુવા મંત્રી એવા શ્રી હિતેશભાઈ ચૌહાણ નું સ્વાગત રાજકોટ ઘટકના ખજાનચી શ્રી મયુરભાઈ વાઢેર દ્વારા કરવામાં આવ્યું. જામનગર - સિક્કા ઘટક ના પ્રમુખશ્રી મહેન્દ્રભાઈ ચૌહાણ નું સ્વાગત રાજકોટ ઘટક યુવા મંડળ પ્રમુખશ્રી ધવલભાઈ ટાંક દ્વારા કરવામાં આવ્યું. ઓખા ઘટકના પ્રમુખ શ્રી દિપકભાઈ નું સ્વાગત રાજકોટ ઘટકના ખજાનચી શ્રી મયુરભાઈ વાઢેર દ્વારા કરવામાં આવ્યું. ગુજરાત પ્રાદેશિક સમિતિના તમામ હોદ્દેદારોનું સ્વાગત રાજકોટ ઘટકના વિવિધ હોદેદારો દ્વારા કરવામાં આવ્યું. સ્વાગત વિધિ બાદ મીટીંગ ની શુભ શરૂઆત દીપ પ્રાગટ્ય અને પ્રભુ પ્રાર્થના સાથે કરવામાં આવી.

સર્વપ્રથમ રાજકોટ ઘટક વતી રાજકોટ ઘટકના પ્રમુખ શ્રીમતી પ્રીતિબેન ચૌહાણ દ્વારા તેમના ઉદબોધન માં રાજકોટ ઘટકના આંગણે પધારેલા સર્વ ગુજરાત પ્રાદેશિક સમિતિ અને રાજકોટ ઘટક ના સર્વ હોદ્દેદારોનો શાબ્દિક સ્વાગત કરેલ. ઘટક પ્રમુખ તરીકે હોદો સંભાળ્યા બાદ તુરંત રાજકોટ ઘટકને આંગણે આટલું મોટું આયોજન કરવાનો મોકો આપવા બદલ ગુજરાત પ્રાદેશિક સમિતિનો આભાર વ્યક્ત કરેલ. મહિલા ઘટક પ્રમુખ તરીકે પ્રથમ વખત ગુજરાત પ્રાદેશિક સમિતિમાં સ્થાન આપવા બદલ સર્વેનો આભાર વ્યક્ત કરેલ. તેઓએ જણાવ્યું કે રાજકોટ મહિલા મંડળ અને ગુજરાત પ્રાદેશિક મહિલા મંડળ અને અખિલ ભારતીય મહિલા મંડળ મા ઘણા વર્ષોથી સેવા આપી રહીં છું પણ

ઘટક પ્રમુખ તરીકે અને ગુજરાત પ્રાદેશિક સમિતિ અને મહાસભાની સામાજિક યાત્રાની શરૂઆત કરી હોય આપ સર્વે વડીલોના સાથ સહકારથી રાજકોટ ઘટકની હંમેશા આપની સાથે તન મન અને ધન થી સહકાર આપવાની ખાતરી આપી હતી. રાજકોટ ઘટકને પોતાની કોઈ વાડી ન હોવાથી કોઈપણ કાર્યક્રમ કરવા માટે ખૂબ જ વિચાર કરવો પડતો હતો ત્યારે શ્રી પ્રફુલભાઈ ગોહિલ દ્વારા એમના આ ફાર્મ હાઉસ ને રાજકોટ ઘટકની વાડી તરીકે ઉપયોગ કરી અને ગમે ત્યારે કોઈપણ સામાજિક કાર્યક્રમ માટે પરમવાટિકામાં પધારવાનો ખૂલું આમંત્રણ આપેલ. ગુજરાત પ્રાદેશિક સમિતિની મિટિંગ માટેની એક ખૂબ જ સુંદર અને કુદરતી વાતાવરણમાં આ મીટીંગ કરવાનો મોકો આપવા બદલ શ્રી પ્રફુલભાઈ ગોહિલ નો આભાર પ્રગટ કર્યો હતો.

ત્યારબાદ રાજકોટ ઘટક વતી રાજકોટ ઘટકના વરિષ્ઠ સલાહકાર અને આજના મીટીંગ ના પ્રયોજક એવા શ્રી પ્રફુલભાઈ ગોહિલ દ્વારા ગુજરાત પ્રાદેશિકની મિટિંગના આયોજન દ્વારા રાજકોટ ઘટક નો આભાર પ્રગટ કરવામાં આવ્યો અને ગુજરાત પ્રાદેશિક સમિતિ વતી થી તેમણે પધારેલા સર્વ મહેમાનોનું શાબ્દિક સ્વાગત કર્યું. મીટીંગ ની શરૂઆતમાં શુભેચ્છા સંદેશ નું વાંચન કરવામાં આવેલ હતું જેમાં સમાજ રત્ન અને મહાસભાના પ્રમુખ આદરણીય શ્રી વિનોદભાઈ સોલંકીજી, મહાસભાના સલાહકાર પ્રમુખ શ્રી પ્રફુલભાઈ પરમાર તથા મહાસભાના ઉપપ્રમુખશ્રીઓ શ્રી વિનોદભાઈ જેઠવા અને ભોગીલાલભાઈ ચાવડા તથા મહાસભાના જોનલ પ્રમુખશ્રી અને ગુજરાત પ્રાદેશિક સમિતિના વરિષ્ઠ ઉપપ્રમુખ શ્રી પ્રભુલાલભાઈ રાઠોડના શુભેચ્છા સંદેશનું વાંચન કરવામાં આવેલ હતું. ત્યારબાદના એજન્ડામાં શ્રદ્ધાંજલિના વિષયમાં ગુજરાત પ્રાદેશિક સમિતિ ના પ્રમુખ શ્રી રસિકભાઈ ચૌહાણ ના પિતાશ્રી, રાજકોટ ઘટકના મંત્રી શ્રી રાજનભાઈના માતૃશ્રી જામનગર ઘટકના મંત્રી શ્રી સંજયભાઈ રાઠોડના પિતાશ્રી ના નિધન અંગેનો એક શોક ઠરાવ આપવામાં આવ્યો. ગત એક



વર્ષ દરમિયાન આપણા વચ્ચેથી વિદાય લઈ ગયેલા સમાજના બંધુઓને શાંતિ માટે એક મિનિટનું મૌન પાડેલ હતું.

ગુજરાત પ્રાદેશિકના પ્રમુખ શ્રી રસિકભાઈ ચૌહાણ દ્વારા સ્વાગત પ્રવચન કરવામાં આવેલ હતું અને રાજકોટ ઘટક દ્વારા સુંદર આયોજન કરવા બદલ હાર્દિક અભિનંદન આપેલા હતા અને આદરણીય શ્રી પ્રફુલભાઈ પરમાર ગોહિલના ના સુંદર આયોજન બદલ પણ તેમને હાર્દિક અભિનંદન આપેલા. ગુજરાત પ્રાદેશિક ના હોદ્દેદારોને વિશાળ હાજરી ને બદલ પણ સર્વે લોકોને અભિનંદન આપેલા હતા.

બદલ ગુજરાત પ્રાદેશિક ના સર્વ હોદ્દેદારોને અભિનંદન પાઠવેલા હતા અને બહોળી સંખ્યામાં ખાસ અમદાવાદ, વડોદરા તથા ઓખા થી પધારેલા તમામ મહાનુભવોને હાર્દિક અભિનંદન આપેલા હતા અને સામાજિકતા માટેની તેમની ગંભીરતા માટે હાર્દિક અભિનંદન આપેલા હતા. રાજકોટ ઘટક દ્વારા ગુજરાત પ્રાદેશિક અને મહાસભામાં ઘણા કાર્યકરો આપેલા છે અને તેમની સેવાનો લાભ મળેલો છે સમાજ ઉત્કર્ષ માટે તેમણે ભાર મૂક્યો હતો. રાજકોટ ઘટકના સલાહકાર પ્રમુખ અને ગુજરાત પ્રાદેશિકના ચેરમેન શ્રી પરેશભાઈ ચૌહાણ દ્વારા રાજકોટની આંગણે પધારેલા સર્વ મહેમાનોનું સ્વાગત કરેલું હતું અને તમામ મહેમાનોને ગુજરાતના ઘટકો ની અંદર એક સમાજ ઉત્કર્ષના કાર્યો માટે આગ્રહ કર્યા હતા. ત્યારબાદ રાજકોટ ઘટકે મંચ ગુજરાત પ્રાદેશિકના મંત્રીશ્રીઓને આગળની કાર્યવાહી માટે સોંપેલ હતો.

ગુજરાત પ્રાદેશિક સમિતિના મંત્રી શ્રી તુષારભાઈ ચૌહાણ

ગુજરાત પ્રાદેશિક સમિતિના સલાહકાર પ્રમુખ શ્રી શ્રી જગદીશભાઈ વરુ ખાસ વડોદરા થી પધારેલા હતા અને તેમણે આજના મીટીંગ નું સ્થળ જોઈ અને તેમણે જણાવ્યું કે સ્થળની દિવ્યતા અને કુદરતી વાતાવરણ જોઈ અને એક અદભુત અનુભવ થઈ રહ્યા ની લાગણી અનુભવી. ગુજરાત પ્રાદેશિક મહાસભા માં

એક સક્રિય પ્રાદેશિક સમિતિ તરીકે કાર્ય કરેલ છે ગુજરાત પ્રાદેશિક સમિતિ અંતર્ગત આવતા દરેક ઘટકો સામાજિક ઉત્કર્ષના કાર્યો માટે સતર્ક છે અને ખૂબ જ સારા કાર્ય કરી રહ્યા છે. ગુજરાત પ્રાદેશિકના પૂર્વ પ્રમુખશ્રી અને મહાસભા ના પૂર્વ ઝોનલ પ્રમુખ શ્રી નરોત્તમભાઈ જેઠવા દ્વારા તેમના ઉદબોધનમાં જણાવેલો કે રાજકોટ ઘટક તેમના સામાજિક યાત્રામાં સવિશેષ છે. રાજકોટ ઘટક દ્વારા તેમની સામાજિક યાત્રાની શરૂઆત થી લઈને સંપૂર્ણ સાથ સહકાર આપેલો અને તેમના કાર્યકાળ દરમિયાન મહાસભાના બે અધિવેશન વડોદરા અને દ્વારકા મધ્ય થયેલા એ સમય દરમિયાન મહાસભા દ્વારા ગુજરાત પ્રાદેશિકને બેસ્ટ પ્રાદેશિક સમિતિ તરીકેનો પણ એવોર્ડ મળેલો હતો.

ત્યાર પછી પધારેલા તમામ મહેમાનોએ પોતાનો પરિચય આપેલો હતો અને  સાથે પોતાનો વ્યવસાયિક પરિચય પણ આપેલો હતો જેથી કરીને દરેક લોકો ફક્ત સામાજિકતાથી નહીં પણ વ્યવસાયિકથી પણ એકબીજાને ઓળખી શકે અને એકબીજા સાથે જોડાઈ અને પોતાના વ્યવસાયમાં લાભ લઇ શકે તેવા હેતુથી દરેક લોકોએ અને મહિલાઓએ પણ પોતાની આગવી ઓળખાણ આપી હતી. ઓળખાણમાં સમય ક્યા વહી થઈ ગયો તેનો ખ્યાલ જ  ન રહ્યો અને બપોરના બે વાગતા જમવા માટે નો વિરામ લેવામાં આવ્યો. પરમવાટિકાની  નજીક જ એવા અને જાજરમાન હોટલ એવી શિવશક્તિમાં સ્વાદિષ્ટ ગુજરાતી ભોજનનો સર્વે લાભ લીધો. ભોજન બાદ તુરંત ગુજરાત પ્રાદેશિક સમિતિની બેઠકની આગળની કાર્યવાહી શરૂ કરવામાં આવી. ગુજરાત પ્રાદેશિક સમિતિ દ્વારા શ્રી હિતેશભાઈ ચૌહાણ દ્વારા મંચ સંચાલન કરવામાં આવ્યું અને એજન્ડા પ્રમાણે પ્રથમ ગુજરાત પ્રાદેશિકનો અહેવાલ પ્રમુખ શ્રી રસિકભાઈ ચૌહાણ દ્વારા આપવામાં આવેલ અને ત્યારબાદ દરેક ઘટકો એ પોતાના અહેવાલ આપેલા હતા.

ગુજરાત પ્રાદેશિક સમિતિના ખજાનચી શ્રી દુર્ગેશભાઈ ચૌહાણ દ્વારા ગુજરાત પ્રદેશિક સમિતિ નો હિસાબ રજૂ કરવામાં આવેલ હતો અને જેને સર્વ સંમતિથી બહાલી આપવામાં આવી હતી. પધારેલા મહેમાનો દ્વારા સમાજ ઉત્કર્ષ માટે ઘણા બધા સુજાવો આપવામાં આવ્યા અને સારા વાતાવરણ માં ચર્ચા કરવામાં આવી. સર્વાનુમતે એવું નક્કી કરવામાં આવેલું હતું કે ગુજરાત પ્રાદેશિક સમિતિ ના ઘટકોમાં એકબીજા સાથે સંગઠીતા અને એકરૂપતા જળવાઈ તે માટે બધા ઘટકોની મુલાકાત લેવી અથવા તો બધા ઘટકો સાથે મળીને એક પ્રવાસનું આયોજન કરવું જેથી કરીને બધા લોકો એકબીજામાં ના પરિચયમાં આવી શકે. મિટિંગમાં પધારેલા સર્વ મહેમાનો સાથે મહિલાઓએ પણ ચર્ચામાં ભાગ લીધો હતો અને ખૂબ જ સાનુકૂળ વાતાવરણમાં ચર્ચા કરવામાં આવી. અંતમાં ગુજરાત પ્રાદેશિકના મંત્રી શ્રી હિતેશભાઈ ચૌહાણ દ્વારા પધારેલા સર્વ મહેમાનોનું આભાર વિધિ કરવામાં આવેલ તથા સવિશેષ આજની મીટીંગ ની સુંદર વ્યવસ્થા કરવા બદલ રાજકોટ ઘટક અને આદરણીય શ્રી પ્રફુલભાઈ ગોહિલ નો હૃદય પૂર્વક આભાર પ્રગટ પ્રગટ કરેલ. આદરણીય શ્રી પ્રફુલભાઈ ગોહિલની ઓળખાણને કારણે તેમની સામે જ આવેલા રાજકોટના પ્રખ્યાત ક્રિકેટ સ્ટેડિયમ નિરંજન મેહતા ક્રિકેટ સ્ટેડિયમ જોવાનો લાભ મળેલ કે જે કે ક્રિકેટના મકા સમાન લોર્ડ્સના ક્રિકેટ ગ્રાઉન્ડની પ્રતિકૃતિ છે. જે જોવાનો અમૂલ્ય લાભ ગુજરાત પ્રાદેશિકના સર્વ હોદ્દેદારોએને મળેલો. સૌવ લોકો એ  સુંદર ફોટોગ્રાફ અને સેલ્ફીની યાદગીરી સાથે એક મધુર યાદો સાથે છુટા પડ્યા.

## આદિપુર ઘટક



ભારતના ૭૭મા 'પ્રજાસત્તાક દિન' નિમિત્તે તા. ૨૬ જાન્યુઆરી-૨૦૨૬ના રોજ સવારે ૯.૩૦ વાગે આદિપુર ઘટક સમાજ ભવન મધ્યે ધ્વજવંદનનો કાર્યક્રમ રાખવામાં આવેલ હતો. ઉપરોક્ત ધ્વજવંદનના કાર્યક્રમમાં ઘટકના ત્રણેય પાંખના હોદ્દેદારો, કારોબારી સભ્યો તથા ઘટકના બહોળી સંખ્યામાં સભ્યો તથા સમાજબંધુઓ ઉપસ્થિત રહ્યા હતા.

મહિલા મંડળ પ્રમુખ શ્રીમતી અનિતાબેન એન. ટાંક સાથે મહિલા મંડળની બહેનોના હસ્તે ત્રિરંગો ધ્વજ ફરકાવવામાં આવેલ. ધ્વજ ફરકાવ્યા બાદ, ધ્વજને સલામી આપીને, રાષ્ટ્રગીત ગાયા બાદ ઘટક પ્રમુખ શ્રી ચંદ્રકાન્તભાઇ જે. સોલંકીએ પોતાના ઉદ્‌બોધનમાં બધાયને 'ગણતંત્ર' દિવસની શુભેચ્છા પાઠવી હતી. દેશ તેમજ સમાજ પ્રત્યેની લાગણી પ્રદર્શીત કરવા બદલ હાજર સભ્યોનો આભાર માન્યો હતો.

આપણા સમાજમાં પણ સંપ અને એક્તા વધે, આપણે એકબીજાને મદદરૂપ થઇ શકીએ, સમાજ પ્રત્યે ઉમદા લાગણી રાખવી જોઈએ અને હર્ષોલ્લાસ સાથે રહીએ તેવા આપણે આ ત્રિરંગાની સાક્ષીએ સંકલ્પ કરવો જોઇએ. આ સાથે પ્રજાસત્તાક દિન ઉજવવાનું મહત્વ સમજાવવામાં આવેલ અને દેશ અને સમાજ પ્રત્યેની આપણી ફરજો સમજાવવામાં આવેલ અને આપણી જવાબદારી અને ફરજોનું પાલન કરવા જણાવવામાં આવેલ.

ત્યાર બાદ પ્રસંગને અનુરૂપ ઘટક મંત્રી શ્રી દિપકભાઇ સી. રાઠોડ, યુવા મંડળ પ્રમુખ શ્રી ચેતનભાઇ જે. ચૌહાણ, મહિલા મંડળ પ્રમુખ શ્રીમતી અનિતાબેન એન. ટાંક, મહિલા મંડળ મંત્રી શ્રીમતી અનુરાધાબેન એસ. ટાંક તથા શ્રીમતી હીનાબેન એ. ચાવડાએ પોતાનું પ્રવચન આપેલ. કાર્યક્રમનું સંચાલન ઘટક મંત્રી શ્રી દિપકભાઇ રાઠોડે કર્યું હતું. ત્યાર બાદ ભારત માતા કી જય... વંદે માતરમ્... ત્રણ વાર બોલી વાતાવરણ ગુંજવી નાખ્યું હતું. ત્યાર બાદ બધાએ મીઠું મોઢું કરી છુટા પડ્યા હતા. આદિપુર ઘટક સમાજ ભવનના નવિનીકરણ અને સુશોભીકરણના ભાગરૂપે સમાજ ભવનના આગળનાભાગે સળંગ ક્યારા બનાવી, ફુલ-ઝાડના રોપા વાવી, વૃક્ષારોપણ કરવામાં આવેલ.

## પૂર્વ ઓડિશા પ્રા. સમિતિ



મકર સંક્રાંતિના પાવન અવસરે કટક ઘટક દ્વારા તા. ૧૮-૦૧-૨૦૨૬, રવિવારના રોજ સ્વાદિષ્ટ ખીચડાનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે પૂર્વ ઓડિશા પ્રાદેશિક સમિતિ અંતર્ગતના વિવિધ ઘટકો - અંગુલ, બાલેશ્વર, ભુવનેશ્વર, બ્રહ્મપુર, કટક તથા કેંજોરગઢ ઘટકો ના પદાધિકારીઓને આમંત્રિત કરવામાં આવ્યા હતા. આમંત્રિત મહાનુભાવો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી સ્વાદિષ્ટ ખીચડાનો આનંદ માણ્યો હતો.

કટક ઘટક પ્રમુખ શ્રી પ્રકાશભાઇ દેવજીભાઇ ટાંકની અધ્યક્ષતામાં આયોજીત સભામાં મહાસભા, રાયપુર તથા રાઉરકેલા ઘટકના હોદ્દેદારો પણ વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. કટક ઘટક દ્વારા ઉપસ્થિત તમામ પદાધિકારીઓને સન્માનિત કરવામાં આવ્યા હતા. હાલમાં પુરી ખાતે આયોજિત સમૂહ ભાગવત સપ્તાહ, મહાસભાનું વાર્ષિક અધિવેશન તેમજ મંગળ પરિચયનું સફળ આયોજન આ કાર્યક્રમમાં ચર્ચાનો મુખ્ય વિષય રહ્યો હતો.

આ ભવ્ય આયોજનમાં પૂર્વ ઓડિશા પ્રાદેશિક સમિતિના



તમામ ઘટકોના પૂર્ણ સહયોગ બદલ આયોજન પ્રભારી તથા મહાસભાના માજી પ્રમુખ શ્રી ભુપેન્દ્રભાઈ વિશનજીભાઈ પરમાર, સહ પ્રભારી તથા પૂર્વ ઓડિશા પ્રાદેશિક પ્રમુખ શ્રી દિનેશભાઈ નાનાલાલભાઈ ટાંક અને સહ પ્રભારી તથા પશ્ચિમ ઓડિશા પ્રાદેશિક પ્રમુખ શ્રી નિતીનભાઈ માધવજીભાઈ વરૂએ તેઓનો આભાર વ્યક્ત કર્યો હતો. કટક ઘટકના સ્નેહસભર

આમંત્રણ બદલ પ્રાદેશિક સમિતિ તરફથી પ્રાદેશિક મંત્રી શ્રી મનોજભાઈ પુરુષોત્તમભાઈ ચાવડાએ કટક ઘટકને હૃદયપૂર્વક અભિનંદન તથા આભાર વ્યક્ત કર્યો હતો. અંતમાં સ્વાદિષ્ટ ખીચડાની સાથે આ ભવ્ય આયોજનનું સમાપન થયું હતું.

## છત્રપતિ સંભાજીનગર ઘટક



તા. ૨૫-૦૧-૨૦૨૬ના રોજ છત્રપતિ સંભાજીનગર ઘટકની ત્રણેય પાંખોના હોદ્દેદારોની મીટીંગ ઘટક પ્રમુખ શ્રી વિનયકાંત જે. સોલંકીના નિવાસ સ્થાને રાખવામાં આવેલ. જેમાં ઘટકની પ્રગતિ માટેના ઘણા નિર્ણયો સર્વાનુમતે લેવામાં આવ્યા હતા.

સાથે સાથે સતત બીજા વર્ષે પણ જીવન રક્ષક દવાની કીટનું ડૉ. ગિતેશભાઇ ધીરૂભાઇ ચાવડાના માર્ગદર્શન મુજબ તેમના હસ્તે ઘટકના સર્વે ૧૮ વર્ષથી ઉપરના ભાઇઓ-બહેનોને (ટોટલ ૨૦૦) કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ઘટક પ્રમુખ શ્રી વિનયકાંત સોલંકી, ઉપપ્રમુખ શ્રી પ્રફુલભાઇ મારૂ, મંત્રી શ્રી રાજેન્દ્રભાઇ રાઠોડ, ખજાનચી શ્રી મનોજભાઇ ચાવડા, શ્રી નિખિલભાઇ ટાંક, શ્રી યોગેશભાઇ ચાવડા, મહિલા મંડળ માજી પ્રમુખ શ્રીમતી જયશ્રીબેન સોલકી, મહિલા મંડળ મંત્રી શ્રીમતી તેજલબેન ટાંક, મહિલા મંડળ ખજાનચી શ્રીમતી ડિમ્પલબેન ચાવડા, શ્રીમતી દિપાલીબેન મારૂ, શ્રીમતી જીજ્ઞાબેન ચાવડા, સર્વે ઉત્સાહભેર પ્રસંગમાં હાજર રહી શોભા વધારી હતી.

## બાલાઘાટ ઘટક





દર વર્ષની જેમ આ વર્ષે પણ શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ બાલાઘાટ ઘટક દ્વારા ગણતંત્ર દિવસના અવસરે તા. ૨૬ જાન્યુઆરી-૨૦૨૬ના રોજ ધ્વજવંદન કાર્યક્રમનું આયોજન સવારે ૯.૦૦ કલાકે સમાજ ભવન મધ્યે હર્ષોલ્લાસ સાથે કરવામાં આવ્યું હતું. ઘટકના પદાધિકારીઓ, મહિલા મંડળ તેમજ યુવા મંડળના સર્વે આગેવાનોએ તેમજ સમાજબાંધવોની ઉપસ્થિતિમાં ઘટક પ્રમુખશ્રી દર્શનભાઇ યોગેશભાઇ રાઠોડ દ્વારા દિપ પ્રજ્વલન ઉપરાંત રાષ્ટ્રીય ધ્વજ ફરકાવી ધ્વજારોહણ કરીને સામુહિક રાષ્ટ્રગાન ગાયન કરવામાં આવ્યું હતું.



ત્યાર બાદ ઘટક પ્રમુખશ્રીનું ઉદ્‌બોધન થયું અને પૂર્વ મહિલા મંડળ અધ્યક્ષા શ્રીમતી મીનાબેન શિશિરભાઇ ચાવડા દ્વારા રાષ્ટ્ર પ્રતિ પોતાના વિચારો રજુ કરવામાં આવેલ એજ ક્રમમાં સમાજના ગાયક કલાકાર શ્રી કિશોરભાઇ વાઘજીભાઇ ટાંકએ સુંદર રાષ્ટ્રગીતોના ગાયન પ્રસ્તુત કરી સહુને રાષ્ટ્રપ્રેમની ભાવનાથી મંત્રમુગ્ધ કરી દીધા હતા. કાર્યક્રમના અંતે સહુએ સ્વલ્પાહાર ગ્રહણ કરવા ઉપરાંત જય સમાજ સાથે આયોજનની સરાહના કરતા પોત-પોતાના ઘરે જવા રવાનગી લીધી હતી.

## વડોદરા ઘટક



શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ (ટ્રસ્ટ) વડોદરા ઘટકની નવી પહેલ એટલે કે ઘટકમાં વસતા ૭૦ વર્ષ કે તેથી વધુ ઉંમરના સમાજબાંધવો, વડીલોને માનભેર સમાજ ભવન મધ્યે આવકારી સન્માનીત કરવાનો કાર્યક્રમ. આ વર્ષે તા. ૧/૨/૨૦૨૬, રવિવારના રોજ ઘટક પ્રમુખ શ્રી પ્રભુલાલભાઇ રાઠોડની અધ્યક્ષતામાં સતત ચોથા વર્ષે 'વડીલ વંદના' અને વડીલોના સ્નેહમિલનનું આયોજન વડોદરા ઘટક દ્વારા સમાજ ભવન મધ્યે આયોજીત કરવામાં આવ્યો હતો. જેમાં ઘટકના સમાજબાંધવો ખુબજ મોટી સંખ્યામાં હાજર રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો. લગભગ ૧૩ જેટલા વડીલોને આ વખતે શ્રીફળ અને શાલ આપી સન્માનીત કરવામાં આવ્યા હતા.

ઘટકની ત્રણેય પાંખોના હોદ્દેદારો દ્વારા દીપ પ્રાગટ્ય અને પ્રભુ પ્રાર્થના બાદ આ કાર્યક્રમની શુભ શરૂઆત કરવામાં આવી હતી. ઉપસ્થિત સૌ વડીલોને માનભેર સ્ટેજ ઉપર સ્થાન આપવામાં આવ્યું હતું અને તેમને સન્માનીત કરવામાં આવ્યા હતા. ત્યાર બાદ દરેક વડીલોએ તેમના ઘટક સાથેના થયેલ કામોના અને તેમના સંસ્મરણો સૌ સાથે યાદ કર્યા હતા. ઘટકની ઉતરોત્તર થતી પ્રગતિ વિશેની વાત કરી અને ઘટકના આયોજનો બાબતે પોતાનો રાજીપો વ્યક્ત કર્યો હતો. ઘટકના ભવ્ય ભૂતકાળને યાદ કરી ઘટક દ્વારા થયેલ વિવિધિ આયોજનોને તેમના દ્વારા આપેલ યોગદાનની વાતો યાદ કરી હતી અને તેમના સંસ્મરણોને તાજા કર્યા હતા. ઘટકરત્ન શ્રી જગદિશભાઇ વરૂ અને ઘટક સંરક્ષક શ્રી ગોરધનભાઇ ચૌહાણ દ્વારા પણ વિશેષ વાતો યાદ કરવામાં આવી હતી. પ્રમુખશ્રી પ્રભુલાલભાઇ રાઠોડ દ્વારા દરેક વડીલોનો વિશેષ પરીચય આપવામાં આવ્યો હતો. ઘટકના ઉપસ્થિત યુવાઓ, વડીલોના મુખે ઘટકનો ભવ્ય ઇતિહાસ અને તેમના કામો સાંભળીને ગર્વાન્વીત થયા હતા.

ત્યાર બાદ વડોદરાનું ''અભેરી ધ બેન્ડ''ના કલાકારો પ્રશાંતભાઇ અને શેઇન પટેલ દ્વારા સુંદર મજાના બોલીવુડના જુના ગીતો લાઇવ મ્યુઝીક સાથે ગાવામાં આવ્યા હતા. જેમાં ઉપસ્થિત ઘટકના દરેક ઉંમરના લોકો ઝુમી ઉઠ્યા હતા અને



સંગીતનો ભરપુર આનંદ માણી સંગીતના તાલે ડાન્સ કર્યો હતો. વડોદરા ઘટક યુવા મંડળ અને મહિલા મંડળના સભ્યો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી આખાય કાર્યક્રમને સફળ બનાવવા જહેમત ઉઠાવી હતી. ઘટક સહમંત્રી અશ્વીનભાઇ સોલંકી, સભ્ય દિલીપભાઇ ટાંક, અશોકભાઇ પરમારે વિશે સેવા આપવામાં

આવી હતી. આખાય કાર્યક્રમનું મંચ સંચાલન ઘટક મંત્રી શ્રી તૃષારભાઇ મોહનભાઇ ચૌહાણે કર્યું હતું. ઘટક ઉપપ્રમુખ શ્રી કુમારભાઇ ચૌહાણ દ્વારા આભારવિધી કરવામાં આવી હતી અને સૌ સમાજબાંધવો ગુજરાતી ભાતું ખાઇને છુટા પડ્યા હતા.

# માધાપર ઘટક



શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ માધાપર ઘટક દ્વારા સમાજભવન મધ્યે તા. ૦૧-૦૨-૨૦૨૬, રવિવારના રોજ સુવર્ણ પ્રાશન ઔષધી પીવડાવવાનો ૧૩મો કેમ્પ યોજવામાં આવેલ હતો. જેમાં સર્વે સમાજના ૧૫ વર્ષ સુધીના ૧૨૬ બાળકોને સુવર્ણપ્રાશનના ટીપા નિઃશુલ્ક પીવડાવવામાં આવેલ હતા. આ વખતે પુષ્ય નક્ષત્રના દિવસે માધાપર ઘટકના પ્રમુખ શ્રી જયંતિલાલભાઇ વલમજીભાઇ વાઘેલાના માર્ગદર્શન હેઠળ શ્રી ગિરીશભાઇ હીરજીભાઇ ચૌહાણ અને શ્રી રાજેશભાઇ રસિકભાઇ ચાવડાએ જહેમત ઉઠાવી હતી અને તેમના વરદ હસ્તે બાળકોને ટીપા પીવડાવવામાં આવ્યા હતા. સુવર્ણપ્રાશન ઔષધી અભિયાનમાં દરેક સમાજના બાળકો અને નૂતન કેળવણી મંડળના બાળકોએ પણ લાભ લીધો હતો. જેમાં નુતન કેળવણી મંડળના પ્રિન્સીપાલ શ્રીમતી પ્રતિમાબેન રાઠોડ, શિક્ષિકા શ્રીમતી કંચનબેન સોલંકી અને શ્રીમતી કવિતાબેન ચૌહાણનો સહકાર મળેલ હતો.

માધાપર ઘટક દ્વારા તા. ૨૬-૦૧-૨૦૨૬, સોમવારના રોજ ૭૭મો પ્રજાસત્તાક દિવસ સવારે ૯.૦૦ કલાકે માધાપર ઘટક પ્રમુખ શ્રી જયંતિલાલભાઇ વલમજીભાઇ વાઘેલાના અધ્યક્ષ સ્થાને ધ્વજવંદન રાખવામાં આવેલ. જેમાં માધાપર ઘટકના સહમંત્રી શ્રી દિનેશભાઇ નરેન્દ્રભાઇ ચાવડાના વરદ હસ્તે ધ્વજવંદન કરવામાં આવેલ હતો. જેમાં મહાસભાના વરીષ્ઠ ઉપપ્રમુખ ડૉ. મનોજભાઇ પુરૂષોત્તમભાઇ સોલંકી, કચ્છ પ્રાદેશિકના ઉપપ્રમુખ શ્રી કમલેશભાઇ મુળજીભાઇ પરમાર તથા માધાપર ઘટક, મહિલા મંડળ, યુવા મંડળ, યુવતી મંડળ તેમજ સમાજ અગ્રીણઓ અને સમાજના ભાઇઓ તથા બહેનો ઉપસ્થિત રહેલ હતા.

સમાજનું ગૌરવ કુ. વૃંદા ધીરેન્દ્રભાઇ ટાંક જેમની બી.એસ.એફ.માં પસંદગી થવા બદલ સમાજ દ્વારા મોમેન્ટો આપી શાલ ઓઢાડી સન્માન કરવામાં આવેલ હતું. નુતન કેળવણી મંડળ સંચાલિત બાલમંદિરના બાળકો દ્દારા દેશભક્તિ કાર્યક્રમ રજુ કરેલ હતો. જેમાં સમાજના અગ્રણીઓ દ્વારા બાળકોને પ્રોત્સાહીત કરવામાં આવેલ હતા. આ પ્રસંગે મહાસભાના વરીષ્ઠ ઉપપ્રમુખ ડૉ. મનોજભાઇ પુરૂષોત્તમભાઇ સોલંકીએ જણાવ્યું હતું કે, દરેક લોકોએ સ્વદેશી વસ્તુઓનો ઉપયોગ કરવો જોઇએ અને સમાજ અને દેશ પ્રત્યે એક્તા દાખવવી જોઇએ. માધાપર પ્રમુખ શ્રી જયંતીલાલભાઇ વલમજીભાઇ વાઘેલાએ જણાવ્યું હતું કે, કુ. વૃંદા ધીરેન્દ્રભાઇ ટાંક જેમની બીએસએફમાં પસંદગી થઇ છે તેઓ દેશની સેવા કરી પરિવાર અને સમાજનું નામ રોશન કરે તેવી શુભેચ્છા પાઠવેલ હતી અને ઉપસ્થિત સર્વેનો આભાર માનેલ હતો. કાર્યક્રમનું



સંચાલન સહમંત્રી શ્રી દિનેશભાઇ નરેન્દ્રભાઇ ચાવડાને કરેલ હતું.

માધાપર ઘટક અને રામકૃષ્ણ મઠ ભુજ દ્વારા આયોજીત દરેક સમાજ માટે નિઃશુલ્ક હોમિયોપેથિક નિદાન અને સારવાર કેમ્પ માધાપર સમાજ ભવન મધ્યે તા. ૧૧-૦૨-૨૦૨૬, બુધવારના રોજ યોજવામાં આવેલ હતો. જેમાં માધાપર ઘટકના પ્રમુખ શ્રી જયંતિલાલભાઇ વલમજીભાઇ વાઘેલાના માર્ગદર્શન હેઠળ દરેક સમાજના લોકો માટે ફ્રીમાં નિદાન કરી એક માસની ફ્રીમાં દવાઓ આપવામાં આવેલ હતી. રામકૃષ્ણ મઠ ભુજના ડૉ.



યશ્વી પરમાર અને ડૉ. વિશ્વા પારેખે સેવા આપેલ હતી. નિઃશુલ્ક હોમિયોપેથિક નિદાન અને સારવાર કેમ્પમાં કુલ ૬૦ લોકોએ પોતાના શરીરનું નિદાન કરાવેલ હતું.

કેમ્પમાં માધાપર ઘટકના મંત્રી શ્રી દિપકભાઇ નરસિંહભાઇ ચૌહાણ, શ્રી ગિરીશભાઇ હીરજીભાઇ ચૌહાણ, શ્રી છોટાલાલભાઇ નાનાલાલભાઇ વરૂ અને શ્રી રાજેશભાઇ રસિકભાઇ ચાવડાએ જહેમત ઉઠાવેલ હતી.

માધાપર ઘટકના મંત્રી શ્રી દીપકભાઈ નરશીભાઈ ચોહાણ ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ ની ૩૭ વર્ષની સેવા બજાવી તા.૩૧/૧/૨૦૨૬ના વયનિવૃત થતાં તેમનો સન્માન સમારોહ યોજાયો હતો. જેમાં યુવા ઉધોગપતિ શ્રી મોહીતભાઈ વિનોદભાઈ પુરુષોત્તમભાઈ સોલંકી, મહાસભાના ઉપપ્રમુખ શ્રી બ.કુ.બાબુભાઈ અરજણભાઈ પરમાર, માધાપર ઘટકના સલાહકાર શ્રી ચીમનભાઈ ચૌહાણ, માધાપર ઘટકના હોદેદારોને કારોબારી સમિતીના સભ્યો, પાણી પુરવઠા બોર્ડના અધિકારીઓ નિવૃત્ત અધિકારી કર્મચારીઓ સગા સ્નેહી પરિવાર જનો મિત્રો ઉપસ્થિત રહી સન્માન કરી તેમની સેવા યાદ કરી આરોગ્ય સારું રહે તેવી શુભેચ્છા ઓ આપેલ હતી.

## કટક ઘટક




કટક ઘટકનું મકર સંક્રાતના ખીચડાનું આયોજન તા. ૧૮ જાન્યુઆરી-૨૦૨૬ના ઘટકના સભ્ય શ્રી કિશોરભાઇ ચાવડાજીના નિવાસ સ્થાને સવારે ૧૧ કલાકે કરવામાં આવેલ. જેમાં પૂર્વ ઓડિશા પ્રાદેશિક અને તેમાં આવતા ઘટકો સાથે રાયપુર ઘટકના માનવંતા સાથીઓને પુરી આયોજનના વિચારક પ્રણેતા શ્રી રસીકભાઇ પરમાર પણ વિશેષ રૂપે આમંત્રણ આપવામાં આવેલ હતું.

રાઉરકેલા ઘટકના હોદ્દેદારશ્રીઓ સાથે વિશેષ રૂપે આમંત્રિત પુરી આયોજન પ્રભારી શ્રી ભુપેન્દ્રભાઇ વિશનજીભાઇ પરમારની ઉપસ્થિતિથી આયોજન દીપી ઉઠેલ હતું. તેમના હસ્તે પુરી ભાગવતનો સચિત્ર અહેવાલ પુસ્તિકાનું વિમોચન કરવામાં આવેલ. મંગલદીપ પ્રગટીકરણ અને કુ. સ્નેહલબેન સંદીપભાઇ ટાંકના સ્વાગત નૃત્ય બાદ શ્રી જગન્નાથધામ પુરીમાં આયોજીત ભાગવતજી, અધિવેશન અને મંગળ પરિચયના ત્રિવેણી સંગમ આયોજન માટે કટક ઘટકના સહયોગી કાર્યકર્તાઓનું બહુમાન પધારેલ અતિથિશ્રીઓના વરદ હસ્તે કરવામાં આવેલ. પૂર્વ ઓડિસા પ્રાદેશિક પ્રમુખ શ્રી દિનેશભાઇ નાનાલાલભાઇ ટાંક દ્વારા સ્વાગત ભાષણમાં માર્ગદર્શન, સહયોગ આપનાર સર્વેની સાથે દાતાશ્રીઓને નમન સાથે આભાર વ્યક્ત કરવામાં આવેલ.

આ શુભ અવસરે શ્રી પ્રકાશભાઇ દેવજીભાઇ ટાંક - પ્રમુખશ્રી કટક ઘટક ને કટક રત્ન અલંકરણથી સમ્માનિત કરવામાં આવેલ. બપોરે ૧.૩૦ કલાકે ઘટક મંત્રી શ્રી ગિરીશભાઇ ખોડિયારજી દ્વારા આભાર વ્યક્ત કરવામાં આવેલ. ત્યાર બાદ સર્વે ખીચડા પ્રસાદ ગ્રહણ કરી છુટા પડ્યા હતા.

## કેંજોરગઢ ઘટક






દર વર્ષની જેમ આ વર્ષે પણ તા. ૨૬.૧.૨૦૨૬ પ્રજાસત્તાક દિવસના પાવન અવસરે કેંજોરગઢ સમાજવાડી ખાતે ધ્વજવંદન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં સવારે ૯.૦૦ વાગ્યે મુખ્ય અતિથિ શ્રી મહેશભાઈ રતીલાલ ચાવડાના વરદ હસ્તે ધ્વજવંદન કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમની શરૂઆતમાં ઘટક ઉપપ્રમુખ શ્રી કૌશિકભાઈ ટાંક, કોષાધ્યક્ષ શ્રી તરૂણભાઈ ચાવડા, મહિલા મંડળ પ્રમુખ શ્રીમતી રેખાબેન યાદવ તથા યુવક મંડળ પ્રમુખ શ્રી શિવકુમારભાઈ રાઠોડ દ્વારા મુખ્ય અતિથિને પુષ્પગુચ્છ અર્પણ કરી તથા સાલ ઓઢાડી સ્વાગત કરવામાં આવ્યું હતું. ત્યારબાદ સ્વ. પોપટલાલ દેવરામ રાઠોડની પ્રતિમૂર્તિ પર માલ્યાર્પણ કર્યા બાદ મુખ્ય અતિથિ દ્વારા ધ્વજવંદન કરવામાં આવ્યું હતું. ધ્વજવંદન પછી ઉપસ્થિત સૌ સદસ્યોએ ગૌરવભેર રાષ્ટ્રગીત ગાયું હતું. મુખ્ય અતિથિ શ્રી મહેશભાઈ એ પોતાના ઉદ્બોધનમાં દેશ તથા દેશવાસીઓ માટે સેવા ભાવથી કાર્ય કરવા સૌને પ્રેરણા આપી હતી. ત્યારબાદ ઉપપ્રમુખ શ્રી કૌશિકભાઈ, મહિલા મંડળ પ્રમુખ શ્રીમતી રેખાબેન તથા યુવક મંડળ પ્રમુખ શ્રી શિવકુમારભાઈ એ પણ પોતાના વિચારો વ્યક્ત કર્યા હતા. આ અવસરે શ્રીમતી રીતાબેન કિશોરભાઈ રાઠોડ તથા ધ્રિતી નિતીન ભાઈ ચાવડા એ ઉદ્બોધન આપ્યું હતું તેમજ દેશભક્તિ ગીત ગાઈ સૌને ભાવવિભોર કર્યા હતા. ઉપરાંત, શ્રી પ્રદીપભાઈ અમૃતલાલ રાઠોડને પુરી ખાતે આયોજિત સમૂહ ભાગવત કથામાં તેમના મહત્વપૂર્ણ યોગદાન બદલ સન્માનિત કરવામાં આવ્યા હતા. કાર્યક્રમના અંતે યુવક મંડળના મંત્રી શ્રી દેવેનભાઈ સોલંકીએ મુખ્ય અતિથિ તથા ઉપસ્થિત સૌ સદસ્યોનો આભાર વ્યક્ત કર્યો હતો. સમગ્ર કાર્યક્રમનું સંચાલન ઘટક મંત્રી શ્રી મનોજભાઈ ચાવડા દ્વારા સુંદર રીતે કરવામાં આવ્યું હતું. અંતમાં અલ્પાહાર સાથે કાર્યક્રમનો સમાપન થયો હતો.

## ધનબાદ ઘટક



ગણતંત્ર દિવસના પાવન અવસર પર તથા સોમવાર, તા. ૨૬ જાન્યુઆરી-ભારતના ૭૭મા ગણતંત્ર દિવસની શુભ ઉજવણી શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ ભવન, ધનબાદ ઘટક ખાતે હર્ષોલ્લાસભેર કરવામાં આવી હતી. કાર્યક્રમની શરૂઆત સવારે ૧૦.૦૦ વાગ્યે સમાજના આદરણીય આગેવાનો મહિલા મંડળ તથા યુવા મંડળના સર્વે સભ્યોની ઉપસ્થિતિમાં ધ્વજવંદન દ્વારા કરવામાં આવી. ધ્વજારોહણ બાદ સમગ્ર વાતાવરણ દેશભક્તિના ભાવથી ગુંજતું બન્યું અને રાષ્ટ્રગાન ગૌરવભેર ગવાયું. સવારે ૧૦.૩૦ વાગ્યે ઉપસ્થિત તમામ સભ્યો માટે સ્વાદિષ્ટ નાસ્તાની વ્યવસ્થા કરવામાં આવી હતી. સવારે



૧૧.૦૦ વાગ્યે સમાજ ભવનના નવીનીકૃત, આધુનિક સુવિધાઓથી સજ્જ એ.સી. હોલનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું. જે સમાજ માટે એક મહત્વપૂર્ણ અને ગૌરવભર્યો પ્રસંગ રહ્યો. આ અવસરે સમાજના આગેવાનો દ્વારા ગણતંત્ર દિવસની શુભકામનાઓ પાઠવી સમાજની એક્તા, વિકાસ અને ભવિષ્ય માટે પ્રેરણાદાયક ઉદ્‌બોધન કરવામાં આવ્યું. ત્યાર બાદ રાષ્ટ્રીય ગીત ગવાયું.

બપોરે ૧.૦૦ વાગ્યાથી સમાજ ભવનની છત ઉપર પિકનિક સ્વરૂપે સૌએ પરંપરાગત અને સ્વાદિષ્ટ કાઠીયાવાડી ભોજનનો આનંદ લીધો, જેમાં મોટી સંખ્યામાં સમાજના પરિવારો ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમ શિસ્તબદ્ધ, સુવ્યવસ્થિત અને આનંદમય વાતાવરણમાં સંપન્ન થયો. સમાજના તમામ સભ્યો, કાર્યકારિણી સભ્યો તથા સલાહકાર સભ્યોના સહકારથી આ કાર્યક્રમ ભવ્યાતી ભવ્ય સફળ રહ્યો હતો. અંતે કાર્યક્રમની સફળતા માટે સહયોગ આપનાર તમામ સમાજબાંધવોનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરવામાં આવ્યો.

## બિલાસપુર ઘટક



તા. ૧૫-૦૨-૨૬, રવિવારના રોજ બિલાસપુર ઘટક પ્રમુખ ઘટક રત્ન શ્રી અંબાલાલભાઇ વિરજીભાઇ ચૌહાણના પ્રમુખ સ્થાને ઘટકની અતિ મહત્વપૂર્ણ સામાન્ય સભા બોલાવવામાં આવી હતી. દિપ પ્રજ્વલત તથા પ્રભુ પ્રાર્થના સાથે સભા પ્રારંભ કરવામાં આવી. ઘટક મંત્રી શ્રી ભાવેશભાઇ નરસીભાઇ ગોહિલ દ્વારા સહુને મહાશિવરાત્રી પર્વની શુભેચ્છાઓ સાથે વિગત કાર્યકારિણી સભાનું મિનિટ્સનું વાંચન કરવામાં આવ્યું. ચર્ચા ઉપરાંત આ મિનિટ્સને સર્વસંમતિથી બહાલી આપવામાં આવી.

મુખ્ય એજન્ડા પર આવતા ઘટક મંત્રી દ્વારા સભાને વિસ્તૃત જાણકારી આપવામાં આવી કે ઘટક પ્રમુખ ઘટક રત્ન શ્રી અંબાલાલભાઇ વિરજીભાઇ ચૌહાણ દ્વારા પોતાના સ્વાસ્થ્યગત તથા અંગત કારણોસર ઘટક પ્રમુખ પદથી રાજીનામું આપવાની ઇચ્છા જાહેર કરી છે. સૌએ એમને પોતાના નિર્ણય ઉપર વિચાર કરવાનું અનુરોધ કર્યું હતું. પણ અંતતઃ એમના ભાવોને લાગણીસર સમ્માન આપતા રાજીનામું સ્વીકારવામાં આવ્યું હતું.

ઘટક મંત્રી દ્વારા સતત ૧૨ વર્ષોની એમની સમાજ સેવાની સંક્ષિપ્ત જાણકારીઓ-પ્રગતિમુલક કાર્યો, ઘટકની દશા અને દિશાની ઉન્નતિને સહુ સમક્ષ રાખ્યું હતું. ૪ સત્રથી એમના કુળશ નેતૃત્વમાં બિલાસપુર ઘટકે પ્રગતિના નવા સોપાનો માપ્યા હતા. સમાજ ભવનનું ભવ્ય સ્વરૂપ, ઘટકના રજીસ્ટ્રેશનનું કાર્ય, નાણાકીય વહિવટનું વ્યવસ્થિત કાર્ય, દર વર્ષે ઓડીટની પ્રક્રિયા, વિશાળ હોલનું નિર્માણ, ભુતલ-પ્રથમતલના નવનિર્માણ ઇત્યાદી અનેક પ્રગતિના કાર્યો એમના નેતૃત્વમાં સફળ રીતે સંપન્ન થયા હતા.

આ પરિપ્રેક્ષમાં ઉલ્લેખનીય છે કે બિલાસપુર ઘટકે રાષ્ટ્રીય

સ્તરે સમસ્ત ઘટકોમાં સર્વશ્રેષ્ઠ ઘટકનું પારિતોષિક પ્રાપ્ત કર્યું હતું. સર્વેશ્રેષ્ઠ સ્વચ્છ ઘટકનું પારિતોષક પણ મેળવી રાષ્ટ્રીય સ્તરે બિલાસપુર ઘટકે સુનામ પ્રાપ્ત કર્યું હતું. સમાજ ભવનના સમસ્ત રૂમોમાં એમની અનુસંસાથી ઘટકવાસિયો દ્વારા સ્વેચ્છાથી એ.સી.ની સહાય આવામાં આવી હતી. મહાસભા દ્વારા આવાહિત અન્નપૂર્ણા યોજનામાં પણ એક વિશાળ અને ઉલ્લેખનીય સહાય રાશી બિલાસપુર ઘટક દ્વારા જમા કરવામાં આવી હતી.

ઘટક કોષાધ્યક્ષ શ્રી વિજયભાઇ ડાયાભાઇ ચાવડા દ્વારા ૪ સત્રનું હિસાબ પત્ર તથા આજની તારીખમાં સમાજમાં જમા ફંડ તથ અન્ય આર્થિક વિગતોની જાણકારી સહુને આપવામાં આવી હતી. સહુએ બહાલી આપી હતી. ઘટક પ્રમુખ શ્રી અંબાલાલભાઇ ચૌહાણ દ્વારા પોતાના ઉદ્દ્બોધનમાં કાર્યકારિણી સભ્યગણો, મહિલા મંડળ, યુવા મંડળ, સમાજબાંધવોને સહયોગ-સહકાર-સક્રિયતા તથા એમના ઉપર રાખેલ વિશ્વાસ માટે હૃદયથી આભાર અને ધન્યવાદ આપ્યો હતો. એમના દ્વારા





સમાજ માટે કરેલ કાર્યો-અનુભવો તથા સંસ્મરણોને પણ રાખવામાં આવ્યું. મહિલા મંડળ-યુવા મંડળ દ્વારા પણ એમના સાથ-સહકાર માટે ધન્યવાદ આપવામાં આવ્યું.

સમસ્ત ઉપસ્થિત સભ્યો દ્વારા જોરદાર તાડીઓથી ઘટક પ્રમુખના કાર્યોને બિરદાવવામાં આવ્યું. કાર્યકારિણી વતી વરીષ્ઠ સભ્ય તથા પૂર્વ મંત્રી શ્રી ગિરીશભાઇ જયંતિલાલભાઇ સાવરિયા દ્વારા ઘટક પ્રમુખશ્રીનું સમ્માન કરવામાં આવ્યું હતું. સભાને આગળ વધારતા મંત્રીશ્રી દ્વારા વિગત કાર્યકારિણી સભામાં ઘટકપ્રમુખ દ્વારા પ્રસ્તાવિત આગામી ઘટક પ્રમુખશ્રી રીતે ઘટક ઉપપ્રમુખ શ્રી હેમંતભાઇ નાનાલાલભાઇ ચૌહાણના ના પર સર્વસંમતિ પ્રાપ્ત થયેલ અનુમોદનને ચર્ચા માટે આ સામાન્ય સભામાં રાખવામાં આવ્યું. સાથે ઘટક પ્રમુખ પદ માટે સભાથી અન્ય નામોના પ્રસ્તાવ માટે પણ આમંત્રણ આપવામાં આવ્યું. તય સમયાવધિ પશ્ચાત કોઇ નામ ન આવતા પૂર્વ અનુમોદિત પ્રસ્તાવ ઉપર હાથ ઉપાડી સામાન્ય સભાની સર્વસંમતિ લેવામાં આવી. ઉપરાંત આ સામાન્ય સભામાં શ્રી હેમંતભાઇ ચૌહાણના નામ ઉપર સર્વસંમતિ પ્રાપ્ત થતાં આગામી સત્ર ૨૦૨૬-૨૦૨૮ માટે નવા ઘટક પ્રમુખ રીતે શ્રી હેમંતભાઇ નાનાલાલભાઇ ચૌહાણની વરણી કરવામાં આવી હતી.

ઘટક યુવા મંડળ પ્રમુખ શ્રી પરિચયભાઇ રમણીકભાઇ જેઠવા તથા તેમની ટીમ દ્વારા આગામી સત્ર માટે ફરીથી કાર્ય કરવાના અનુરોધને સર્વસંમતિ આપવામાં આવી. આગામી દિવસોમાં ઘટક મહિલા મંડળ દ્વારા એમની નવી ટીમની જાણકારી ઘટક પ્રમુખને સોંપવામાં આવશે.

ઉપસ્થિત સમાજબાંધવો દ્વારા નવા ઘટક પ્રમુખ તથા યુવા મંડળ પ્રમુખનું સન્માન કરવામાં આવ્યું હતું. ઘટક યુવા મંડળ દ્વારા વર્તમાન ઘટક કાર્યકારિણીમાં ઘટક પ્રમુખશ્રી અંબાલાલભાઇ ચૌહાણ, મંત્રી શ્રી ભાવેશભાઇ ગોહિલ, કોષાધ્યક્ષ શ્રી વિજયભાઇ ચાવડા, ઘટક ઉપપ્રમુખો શ્રી હેમંતભાઇ ચૌહાણ, શ્રી મહેન્દ્રભાઇ રાઠોડ, શ્રી ભરતભાઇ મારૂનું સમ્માન કરવામાં આવ્યું હતું. ઉપસ્થિત સર્વે સમાજબાંધવો દ્વારા નવા ચયનિત ઘટક પ્રમુખ તથા યુવા મંડળને શુભકામનાઓ આપવામાં આવી હતી.

બિલાસપુર ઘટકના નવા પ્રમુખ શ્રી હેમંતભાઇ ચૌહાણ દ્વારા પોતાના ઉદ્દ્બોધનમાં પૂર્વ ઘટક પ્રમુખશ્રીના કાર્યોનું આભાર માનવામાં આવ્યું હતું. સાથે સદા એમનું માર્ગદર્શન પ્રાપ્ત થાય એવું અનુરોધ પણ રાખ્યું હતું. કાર્યકારિણીના સમસ્ત સભ્યો, મહિલા મંડળ, યુવા મંડળની ટીમ તથા સર્વે સમાજબાંધવોને પણ એમના સાથ-સહકાર તથા સહયોગ માટે અનુરોધ કર્યું હતું. સહુ સાથે મળી ઘટકને હજી નવા સોપાનો પર લઇ જવાની બાંહેધરી આપી હતી તથા સહુથી સલાહ તથા ચર્ચા સાથે પોતાની નવી કાર્યકારિણીની ઘોષણા અતિશિઘ્ર કરવામાં આવશે તેવું ઉદ્દ્બોધનમાં જણાવ્યું હતું. અન્ય કોઇ ચર્ચા ન થતાં ઘટક મંત્રીશ્રી દ્વારા સહુનું આભાર અને રાષ્ટ્રગાન સાથે આ અંતિમ સામાન્ય સભાની સમાપ્તિની ઘોષણા કરવામાં આવી હતી. અલ્પાહાર સાથે સહુ છુટા પડ્યા હતા.

## શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ અખિલ ભારતીય યુવા મહામંડળ

# યુવા મંચ



**પ્રમુખ : અ.ભા. યુવા મહામંડળ**


**શ્રી ગૌરવ જગદીશભાઈ ટાંક**
250, સી.એ. રોડ, આંબેડકર સ્કવેર,
પો. નાગપુર (મહારાષ્ટ્ર) ૪૪૦૦૦૮
મો. 8007161696


**વરીષ્ઠ મહામંત્રી : અ.ભા. યુવા મહામંડળ**


**શ્રી પ્રતિક દિનેશભાઈ ટાંક**
૮૦, બિલેશ્વરનગર, અંજાર (કચ્છ)
મો. 8128948884,
E-mail : pdtank@gmail.com




યુવા મંચમાં અહેવાલ પ્રકાશીત કરવા માટે અ.ભા.યુવા મહામંડળના વરીષ્ઠ મહામંત્રી શ્રી પ્રતિક દિનેશભાઈ ટાંકનો સંપર્ક કરવો.

# શ્રી ક.ગુ.ક્ષ. સમાજ અ.ભા. યુવા મહામંડળની વાર્ષિક સામાન્ય સભાની ઝલક










આ બંધારણીય સામાન્ય સભામાં અ.ભા.યુવા મહામંડળનું નવું બંધારણ પાસિત કરવામાં આવેલ હતું.

# ગુજરાત પ્રા. યુવા મંડળ

શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય અખિલ ભારતીય યુવા મહામંડળ અંતર્ગત ગુજરાત પ્રાદેશિક યુવા મંડળ દ્વારા શિયાળાની ઋતુમાં સમાજબંધુઓના સ્વાસ્થ્ય સંવર્ધન માટે એક અનોખો કાર્યક્રમ ''આરોગ્યં ધનસંપદા''નું આયોજન કરવામાં આવ્યું હતું. આ સંપૂર્ણ આયોજન પ્રમુખ શ્રી નિલેશભાઇ પ્રતાપભાઇ સોલંકીના નેતૃત્વ હેઠળ કરવામાં આવ્યું હતું. જેમાં પુરી યુવા મંડળ ટીમનો ખુબજ સાથ-સહકાર રહ્યો હતો.

આજના ઝડપી યુગમાં વ્યક્તિ પોતાની દિનચર્યામાંથી પોતાના સ્વાસ્થ્ય માટે સમય કાઢી શકતો નથી માટે આપણા સમાજબંધુઓ સ્વાસ્થ્ય પ્રત્યે જાગૃત થાય અને સ્વાસ્થ્ય પ્રત્યેની સારી પ્રવૃત્તિઓ એમની દિનચર્યામાં ઉમેરાય એ કાર્યક્રમનો મુખ્ય હેતુ હતો. આ કાર્યક્રમમાં ગુજરાત પ્રાદેશિક અંતર્ગત આવતા તમામ ઘટક (અમદાવાદ, વડોદરા, સુરેન્દ્રનગર, રાજકોટ, જામનગર-સિક્કા, દ્વારકા, મીઠાપુર, ઓખા) તથા દરેક ઉંમરના સમાજ સ્નેહીજનોએ ભાગ લીધો હતો.

આ કાર્યક્રમ અવધી ૧ જાન્યુઆરી ૨૦૨૬, ગુરૂવારથી શરૂ થઇને ૩૧ જાન્યુઆરી-૨૦૨૬, શનિવાર સુધીની રહી હતી. જેમાં સૌએ રોજના ઓછામાં ઓછા ૮,૦૦૦ સ્ટેપ્સ ચાલવાના હતા અને ભાગ લેનાર દરેક સભ્યએ નીચે આપેલ એપ (સ્ટેપઅપ પેડોમીટર સ્ટેપ કાઉન્ટર) એપ્લિકેશનનો ઉપયોગ કરવાનો હતો અને તેના દ્વારા દરેક પ્રતિસ્પર્ધી પોતાના પ્રતિસ્પર્ધીના સ્ટેપ્સની ગણતરી તથા રેન્કીંગ જોઇ શકતા હતા. આ કાર્યક્રમમાં એક ગુગલ ફોમ દ્વારા નોંધણી કરવાની હતી અને રજીસ્ટ્રેશન ફી ભરવાની હતી. આ કાર્યક્રમમાં કુલ ૧૦૩ સમાજબંધુઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. જેમાં ૪૦ સમાજબંધુઓએ નિયમ મુજબ મિનિમમ ૨૫ દિવસ સુધી ૮૦૦૦ પગલાં ચાલ્યા હતા.

આ ઉપરાંત પણ દરેક પ્રતિસ્પર્ધીને વિવિધ ટાસ્ક આપવામાં આવ્યા હતા. જેમાં ''બીટ ધી સન ચેલેન્જ'', સુર્ય નમસ્કાર વિડીયો ચેલેન્જ, ડિપ બ્રિથિંગ સાથે ઓમ ચેનટીંગનો સમાવેશ કરવામાં આવ્યો. જેમાં દરેકની શારીરિક સક્રિયતા અને માનસિક તંદુરસ્તી પર ધ્યાન આપવામાં આવ્યું હતું.

સૌથી વધુ પગલા ચાલનાર ૩ મુખ્ય વિજેતા અને ૩ પ્રોત્સાહન વિજેતા જાહેર કરવામાં આવ્યા હતા. જેમાં પ્રથમ - અજયભાઇ બલરામભાઇરાઠોડ - અમદાવાદ (જેઓ કુલ ૧૦,૦૦,૯૪૮ પગલાં ચાલ્યા, કુલ ૭૩૨.૨૨ કિ.મી.), દ્વિતીય - ચાવડા બિના મહેશભાઇ (ઓખા) જેઓ કુલ ૮,૯૨,૦૩૨ પગલાં ચાલ્યા, કુલ ૬૫૨.૫૪ કિ.મી., તૃતિય - યાદવ મયુર દિલીપભાઇ (જામનગર-સિક્કા) જેઓ કુલ ૮,૮૭,૪૯૮ પગલાં ચાલ્યા. ૬૪૯.૨૨ કિ.મી.. પ્રોત્સાહ વિજેતામાં ચૌહાણ બિનાબેન દિનેશભાઇ (વડોદરા) જેઓ કુલ ૮,૫૮,૮૬૧ પગલાં ચાલ્યા, પરમાર દિપેશ વ્રજલાલ (જામનગર-સિક્કા) જેઓ કુલ ૭,૪૨,૫૧૨ પગલાં ચાલ્યા, વરૂ શિતલ નિકુંજ (મીઠાપુર) જેઓ કુલ ૬,૮૭,૩૦૩ પગલાં ચાલ્યા.

એ ઉપરાંત વિશેષ પુરસ્કાર (સાપ્તાહિક વિજેતા) જેઓ એક સપ્તાહમાં સૌથી વધુ પગલાં ચાલ્યા હતા તેઓને પણ પુરસ્કૃત કરવામરાં આવ્યા હતા. આ સાથે પ્રોત્સાહન માટે ખાસ પુરસ્કાર આપવામાં આવ્યા. જેમાં સૌથી વડીલવયના પ્રતિસ્પર્ધી ભાગ લેનાર - સોલંકી પ્રતાપભાઇ પ્રાગજીભાઇ (વડોદરા) (ઉ.વ.૭૭) કુલ પગલાં ૪,૦૧,૯૧૧), સૌથી તરૂણ વયના પ્રતિસ્પર્ધી : યાદવ યશ્વી ભરતકુમાર (ઓખા) (ઉ.વ.૧૦) કુલ પગલાં - ૨,૯૦,૨૨૭, એક દિવસમાં સૌથી વધુ પગલાં ચાલનાર : રાઠોડ અજયભાઇ બલરામભાઇ (અમદાવાદ) પગલાં - ૧,૦૦,૨૪૨.

આ સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા માટે સમાજના સેવાભાવી દાતાઓ તરફથી મહત્વપૂર્ણ અનુદાન પ્રાપ્ત થયું. આ અભિયાન માટે અનુદાન આપનાર માનનીય દાતાઓમાં ઘટકરત્ન શ્રી જગદીશભાઇ વરૂ, વડોદરા, ઘટક પ્રમુખ શ્રી પ્રભુલાલભાઇ રાઠોડ, ગુજરાત પ્રાદેશિક યુવા મંડળ વડોદરાના કોષાધ્યક્ષ શ્રી મિતેષભાઇ પરમાર, વડોદરા ઘટકના ઉપપ્રમુખ શ્રી કુમારભાઇ ચૌહાણ, વડોદરાના અને અખિલ ભારતીય મહિલા મહામંડળના યોગ સમિતિના અધ્યક્ષા શ્રીમતી સરલાબેન પરમાર, જામનગર-સિક્કા યુવા મંડળ પ્રમુખ શ્રી નિકુલભાઇ ચૌહાણ, અમદાવાદના સાંસ્કૃતિક સહમંત્રી શ્રીમતી આરતીબેન રાઠોડ, અંજારના અખિલ ભારતીય યુવા મહામંડળના વરીષ્ઠ મહામંત્રી શ્રી પ્રતિકભાઇ ટાંકનો સમાવેશ થાય છે. આ તમામ દાતાઓના ઉદાર સહયોગ અને સમાજહિત પ્રત્યેની ભાવનાના કારણે ''આરોગ્ય ધનસંપદા-૨'' અભિયાનને વધુ અસરકારક અને સફળ રીતે આયોજન કરવું શક્ય બન્યું હતું. આ કાર્યક્રમમાં બધા પ્રતિસ્પર્ધીઓએ મળીને ૩૧ દિવસમાં કુલ ૨,૫૬,૨૪,૪૩૩ સ્ટેપ્સ ચાલ્યા જેનું કુલ અંતર ૧૮,૭૪૪.૭૧ કી.મી. થાય છે. જે એક મહાન સિદ્ધી કહેવાય. આ કાર્યક્રમમાં ભાગ લેવા માટે રૂા. ૧૦૦ જેવી નજીવી રકમથી રજીસ્ટ્રેશન કરવાનું હતું અને ગુગલ ફોર્મ ભરવાનું હતું તથા તેમાં

આપેલ સ્કેનરમાં પેમેન્ટ કરવાનું હતું.

ફોર્મ ભર્યા બાદ પ્રતિસ્પર્ધીને વોટ્સએપ ગ્રુપની લીંક થકી ગ્રુપમાં જોઇન થવા માટે રિક્વેસ્ટ મોકલવામાં આવી હતી. કાર્યક્રમના અંતે જે પણ પ્રતિસ્પર્ધી એ ૩૧ દિવસમાંથી ૨૫ દિવસ કે તેથી વધુ દિવસ સુધી રોજનાં ૮૦૦૦ સ્ટેપ કમ્પલીટ કર્યા હતા તે લોકોને આ રકમ પરત આપવામાં આવી અને દરેક પ્રતિસ્પર્ધીને ઇ-સર્ટિફીકેટ આપવામાં આવ્યા હતા. ભાગ લેનાર કુલ ૧૦૩ પ્રતિસ્પર્ધી માંથી કુલ ૪૦ પ્રતિસ્પર્ધીઓ એ ૮૦૦૦ સ્ટેપ્સનો ટાસ્ક પૂર્ણ કર્યો હતો અને પોતાનું રીફંડ પાછું મેળવ્યું હતું. જેમાં ઘણા પ્રતિસ્પર્ધીઓએ યુવા મંડળ ટીમના કાર્યથી પ્રભાવિત થઇ પોતાની રાશી અનુદાન પેટે જતી કરી હતી.

આ કાર્યક્રમમાં કુલ ચાર સાપ્તાહિક લાઇવ વેબિનારનું આયોજન કરવામાં આવ્યું. પ્રથમ વેબિનાર ૧૦ જાન્યુઆરી-૨૦૨૬ના રોજ જામનગર-સિક્કાના ડૉ. પરમાર દીપેશ વ્રજલાલ (એમબીબીએસ એન્ડ એમડી) દ્વારા બેઝીક લાઇફસ્ટાઇલ એન્ડ હેલ્થ અવેરનેસ વિષય પર યોજાયો. દ્વિતીય વેબીનાર ૧૭ જાન્યુઆરી ૨૦૨૬ના રોજ વડોદરાના શ્રીમતી સરલાબેન જયંતભાઇ પરમાર દ્વારા ''સ્વસ્થ જીવન તરફ એક પગલું.'' વિષય પર માર્ગદર્શન આપવામાં આવ્યું. ત્રીજો વેબિનાર ૨૪ જાન્યુઆરી ૨૦૨૬ના રોજ ગાંધીધામના ડૉ. જાનકી ચૌહાણ મહેતા દ્વારા ''યોગા ચેન્જ લાઇવ - અષ્ટાંગ યોગ'' વિષય પર યોજાયો, જ્યારે ચોથો વેબિનાર ૩૦ જાન્યુઆરી ૨૦૨૬ના રોજ રાત્રે ૯ થી ૧૦ દરમિયાન રાયપુરના શ્રીમતી હીનલ કિર્તેશ ચૌહાણ દ્વારા ''સ્લીપ બેટર / ઇટ સ્માર્ટર - સ્લીપ ક્વોલીટી એન્ડ ફુડ મેનેજમેન્ટ'' વિષય પર યોજાયો. આ તમામ વેબિનારો દ્વારા સહભાગીઓને વૈજ્ઞાનિક, વ્યવહારૂ અને દૈનિક જીવનમાં ઉપયોગી માર્ગદર્શન પ્રાપ્ત થયું. કાર્યક્રમના અંતે ગુગલ મીટ મારફતે સમાપન અને સિદ્ધિ સમારોહનું આયોજન કરવામાં આવ્યું.

સમગ્ર અભિયાનની સફળતા પાછળ ગુજરાત પ્રાદેશિક યુવા મંડળની કોર ટીમ, ઇવેન્ટ સંકલન ટીમ, માર્કેટીંગ અને રજીસ્ટ્રેશન ટીમના સતત અને સંકલિત પ્રયત્નોનો મહત્વપૂર્ણ ફાળો રહ્યો. પ્રચાર-પ્રસાર માટે આરતીબેન હિતેશભાઇ રાઠોડ (અમદાવાદ, સાંસ્કૃતિક સહમંત્રી), અને પલક દર્શનભાઇ ચૌહાણ (અમદાવાદ, સાંસ્કૃતિક મંત્રી) દ્વારા વિશેષ યોગદાન આપવામાં આવ્યું હતું.

આ પુરો કાર્યક્રમ ગુજરાત પ્રાદેશિક યુવા મંડળ ટીમ મેમ્બર શ્રી અજયભાઇ બલરામભાઇ રાઠોડ, અમદાવાદના સંયોજનમાં કરવામાં આવ્યો. જેમાં સંપર્ક સુત્ર તરીકે દર્શનકુમાર અનિલભાઇ ચૌહાણ, અમદાવાદ - મંત્રી, ભરતભાઇ જયંતિભાઇ યાદવ - ઓખા, ઉર્વી દિનેશભાઇ ચૌહાણ - વડોદરા રહ્યા હતા. સમગ્ર અભિયાન માત્ર એક આરોગ્ય કાર્યક્રમ નહીં પરંતુ સંગઠીત, ડિજીટલ રીતે સંચાલિત અને સમાજહિતકારી સ્વસ્થ જીવનશૈલી તરફનો એક સફળ સામુહિક પ્રયાસ સાબિત થયો છે. ગુજરાત પ્રાદેશિક યુવા મંડળ આવનારા સમયમાં પણ આવી જાગૃતિસભર અને આરોગ્યપ્રધાન પ્રવૃત્તિઓનું આયોજન કરતું રહેશે.

## સંબલપુર યુવા મંડળ

શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ યુવા મંડળ સંબલપુર, ઓડિશા દ્વારા આયોજિત આનંદ ઉત્સવ - ૨૦૨૬ તા. ૦૧-૦૨-૨૦૨૬, રવિવારના દિવસે ઉજવવામાં હતું. આનંદ ઉત્સવ - ૨૦૨૬માં સમ્મેલિત બધા સભ્યોના મનોરંજન હેતુ ભિન્ન ભિન્ન પ્રતિયોગિતા તથા કે.જી.કે.એસ પ્રીમિયર લીગનું આયોજન






કરવામાં આવ્યું હતું. આ લીગમાં કુલ ૪ ટીમ એ ભાગ લીધો હતો. સંબલપુર ઘટકના પુરુષ, મહિલા તથા યુવા એકજૂટ થઈને

આ કાર્યક્રમમાં આનંદ મેળવે તેના માટે દર એક ટીમમાં ૨ પુરુષ સદસ્ય, ૪ યુવા સદસ્ય અને ૨ મહિલા સદસ્યનું ભાગ લેવાનું અનિવાર્ય હતું. ૬ મેચની આ શ્રૃંખલામાં દર એક ટીમને મેચ જીતવા પર ૨ અંક આપવામાં આવ્યા હતા. ટોપ ૨ ટીમ ફાઇનલમાં પ્રવેશ કર્યુ. ફાઇનલમાં વિજયતા ટીમને મેડલ અને ટ્રોફીથી પુરસ્કૃત કરવામાં આવ્યા હતા.

સામાજિક એકતાને પ્રોત્સાહીત કરતું આ કાર્યક્રમમાં સંબલપુરના બધા સભ્ય સહ પરિવાર સમ્મેલિત થયા હતા અને આ આયોજનને સફળ કરવામાં પોતાનો યોગદાન આપ્યું હતું. અંતમાં બધા સભ્યો એ ભોજન કરી કાર્યક્રમનું સમાપન કર્યુ હતું.

## વડોદરા યુવા મંડળ




શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ વડોદરા યુવા મંડળ દ્વારા ગત તા. ૧ ફેબ્રુઆરી-૨૦૨૬, રવિવારના રોજ સ્પોર્ટસ ડે-૨૦૨૬નું સમાજ ભવન ખાતે ભવ્ય આયોજન કરવામાં આવેલ હતું. આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ સમાજના પ્રબુદ્ધ વર્ગને તેમની શારીરિક અને રમતગમતની કુશળતાને સૌથ સમાજબંધુઓ સમક્ષ રજુ કરવાની તક આપી તેઓને પ્રોત્સાહિત કરવાનો હતો.





કાર્યક્રમની શરૂઆત વડોદરા ઘટક પ્રમુખશ્રી, મહિલા મંડળ મંત્રીશ્રી, યુવા મંડળના ભૂતપૂર્વ પ્રમુખશ્રીઓ તથા ઇવેન્ટના દાતાશ્રીઓના હસ્તે મશાલ પ્રજ્વલન સાથે કરવામાં આવેલ.

ત્યાર બાદ ગેસ બલૂન દ્વારા આકાશમાં ઇવેન્ટનું નામ દર્શાવતું બોર્ડ ઉંચે લઇ જઇ સ્પોર્ટસ ડે-૨૦૨૬નો ભવ્ય અને યાદગાર ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું હતું. જે સૌ માટે વિશેષ આકર્ષણ બન્યું હતું. ત્યાર બાદ વિવિધ કુલ ૫ ગ્રુપમાં અલગ-અલગ રમતોનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ગ્રુપ-એમાં પીન ધી હેન્કી, પીકનીક રેસ એન્ડ ફન વીથ પેરેન્ટ્સ. જે દિશાબેન ટાંક, ભાવિશાબેન હેતલબેન જેમને ગ્રુપ એની જવાબદારી સંભાળી હતી. ગ્રુપ-બીમાં શેક રેસ, બ્લો ધી ગ્લાસ એન્ડ હીટ ધી સ્ટમ્પ જે સુચીબેન, કૃપાબેન અને દીપાલીબેનને ગ્રુપ-બીની જવાબદારી સંભાળી હતી.

ગ્રુપ-સીમાં સ્પીન એન્ડ રેન, લેમન એન્ડ સ્પુન, ફુડ ફન જેવી ગેમ જે ફોરમબેન અને દિશાબેન રાઠોડ અને હર્ષભાઇએ ગ્રુપ-સીની રમત સંભાળી હતી. ગ્રુપ-ડીમાં હીટ ધી સ્ટમ્પ, ક્રેઝી બલુન એન્ડ વન લેગ રેસ જેવી રમતો જેમની જવાબદારી હસિતભાઇ, કુંજલબેન અને મિતેષભાઇ એ ગ્રુપ-ડીની જવાબદારી સંભાળી હતી. ગ્રુપ-ઇમાં એન્ગ્રી બર્ડ, બલુન મસ્ક એન્ડ હીટ ધી સ્ટમ્પ અને ઓપન ફોર ઓલમાં કેરમ, સટોડીઓ જેવી રમત રમાડવામાં આવી હતી. જેમાં ભવ્યભાઇ, કૌશલભાઇ અને લોમેશભાઇએ ગ્રુપ-ઇની જવાબદારી સંભાળી હતી.

આ સમગ્ર કાર્યક્રમમાં કુલ ૧૧૦થી વધુ એન્ટ્રી નોંધાઇ હતી. જ્યાં દરેક ઉંમરના સ્પર્ધકોએ ઉત્સાહપૂર્વક ભાગ લઇને ગીફ્ટ, મેડલ તથા કેશ પ્રાઇઝ મેળવ્યા હતા. પૂર્ણ કાર્યક્રમ રમત-ગમત મંત્રી કૌશલભાઇ ચાવડા અને પ્રમુખ હર્ષભાઇ ટાંકના નેતૃત્વ હેઠળ ખુબ સુંદર રીતે પુર્ણ થયું હતું.

વડોદરા ઘટક તથા મહિલા મંડળના હોદ્દેદારો અને સમાજબંધુઓએ બહોળી સંખ્યામાં હાજરી આપી કાર્યક્રમને સફળ બનાવ્યો તેમજ સૌને પ્રેરણા આપી હતી અને સુંદર ભોજન જેમાં છોલેભટુરે અને પાણીપુરી અને ગુલાબજામુનની મજા માણી સૌ છુટા પડ્યા હતા.

## પુના યુવા મંડળ






૨૬ જાન્યુઆરીના દિવસે નાના બાળકો માટે ઓનલાઇન ફેન્સી ડ્રેસ અને સાથે સાથે ભારતના વિરોએ બજાવેલ ભારત માતા બાબત તેમના સમર્પણો બાબત અભિનય કરી પ્રસ્તુતી દર્શાવવામાં આવી હતી. પ્રોગ્રામમાં ભાગ લેનાર બાળકોમાં ખુબજ ઉત્સાહ જણાતો હતો. પ્રથમ ક્રમાંકે આવેલ વિર ભગતસિંહના વેશભૂસામાં હેત્વીક અનંતકુમાર ટાંકએ વિર ભગતસિંહ વિશેના વિચારો દર્શાવ્યા હતા. બીજા ક્રમાંકે સેનાના કમાન્ડરના ગણવેશમાં આવી હિતાન્સ પરમારે સારો અભિનય કરી સૌનું મન જીતી લીધું હતું. ત્રીજા ક્રમાંકે ઝાંસીની રાણીની વેશભુસામાં બે સ્પર્ધકોએ ભાગ લીધો હતો. જેમાં ઇશ્વરી ગૌરવ ચૌહાણ અને પ્રિશા ચૌહાણને સંયુક્ત રીતે ત્રીજું બક્ષીસ જાહેર કરવામાં આવેલ. બક્ષીસ વિતરણ આવતા પ્રોગ્રામમાં કરવામાં આવશે. પ્રોગ્રામને સફળ બનાવવ માટે યુવા મંડળના અધ્યક્ષ શ્રી પ્રિયેશ સોલંકી તથા ઉપાસના ચૌહાણએ જહેમત લીધી હતી.

## સમાજ ગૌરવ



મૂળ ગામ અંજાર,હાલે સાણંદ રહેતા શ્રીમતી નિધિબેન રાજેશ ભાઈ રાઠોડની ગુજરાત સરકારની સેવામાં બઢતી સાથે હળવદ તાલુકા મામલતદાર તરીકે નિયુક્તિ થયેલ છે. આપણા સમાજના એક મહિલા એ મેળવેલ આ સફળતા બદલ સમસ્ત સમાજ વતી થી તેમને ખૂબ ખૂબ અભિનંદન અને શુભ કામનાઓ..



માધાપર ઘટકના શ્રી ધીરેન્દ્રભાઇ દામજીભાઇ ટાંક અને શ્રીમતી નયનાબેન ધીરેન્દ્રભાઇ ટાંકની સુપુત્રી વૃંદા ટાંકની દેશ સેવા માટે બી.એસ.એફ.માં પસંદગી થઇ છે. સમસ્ત ભારતમાં ૩ લાખમાંથી ગુજરાતની માત્ર ૧૯ દીકરીઓની પસંદગી થઇ છે. જેમાં વૃંદા ટાંક પસંદગી પામી છે. તેમને ખુબ ખુબ અભિનંદન સહ દેશસેવામાં આપશ્રી પરિવાર તથા સમાજનું નામ રોશન કરો તેવી હાર્દિક શુભેચ્છા.



અજમેર ઘટક નિવાસી શ્રી વૈભવ સુનિલભાઇ રાઠોડ હાલ દુબઇની સૌથી મોટી કન્સ્ટ્રકશન કંપની 'અજીજી'માં સિવિલ એન્જિનિયર તરીકે કાર્યરત છે. હાલમાં તેમણે બેસ્ટ એમ્પલોઇ-૨૦૨૫ તરીકે મેડલ અને ટ્રોફીથી સન્માનીત કરવામાં આવેલ છે. શ્રી વૈભવભાઇ બુર્જ ખલીફા પછી સૌથી મોટી બિલ્ડીંગ બુર્જ અજીજીના પ્રોજેક્ટ માટે કાર્યરત છે. આ સિદ્ધી બદલ અજમેર ઘટક અને તેમના પરિવાર હર્ષ અને ગૌરવ અનુભવે છે. તેમને ખૂબ ખૂબ અભિનંદન અને ઉતરોત્તર પ્રગતિની શુભકામના...

માધાપર ઘટકના સભ્ય શ્રી કૌશિકભાઈ જયસુખભાઇ વાઘેલા અને ઉપાસનાબેનના પુત્ર વેદાહ એ રાજ્ય કક્ષાના બાળ સંશોધન ક્ષેત્રે તૃતીય નંબર પ્રાપ્ત કરી રાષ્ટ્રીય કક્ષાએ પસંદગી પામ્યા છે તેમની આ સિદ્ધી બદલ તેમને ખુબ ખુબ અભિનંદન... ઉતરોત્તર પ્રગતિની હાર્દિક શુભકામના...

# કન્યા છાત્રાલય કુકમાની વિદ્યાર્થીનીઓનો દ્વારકા અને પોરબંદરનો શૈક્ષણિક પ્રવાસ યોજાયો



કન્યા છાત્રાલય - કુકમાના પ્રમુખ 'સમાજરત્ન' શ્રી વિનોદભાઇ પી. સોલંકીના માર્ગદર્શન અને શુભેચ્છાથી છાત્રાલયની વિદ્યાર્થીનીઓ અને સ્ટાફ માટે બે દિવસના બેટ-દ્વારકા અને પોરબંદરના નિઃશુલ્ક પ્રવાસનું આયોજન કરવામાં આવેલ હતું.

કુકમાથી રવાના થઇ દ્વારકા પહોંચી ગોમતી નદીમાં પવિત્ર સ્નાન કરી રાજાધિરાજ શ્રી દ્વારકાધીશ પ્રભુના દર્શન કરવામાં આવેલ હતા. તે જ દિવસે નાગેશ્વર જ્યોતિર્લિંગ, શીવરાજપુર બીચ, સુદર્શન સેતુ બ્રીજ અને બેટ ખાતે આવેલ દ્વારકાધીશ મંદિરની મુલાકાત લેવામાં આવેલ હતી. દ્વારકા ખાતે આવેલ સમાજ ભવનમાં રાત્રી રોકાણ કરવામાં આવેલ હતું. જ્યાં ઓખા મંડળ ટ્રસ્ટ દ્વારા રહેવા-જમવા અને નાસ્તાની ટ્રસ્ટ દ્વારા સુંદર વ્યવસ્થા કરવામાં આવેલ હતી.

બીજા દિવસે દ્વારકાથી રવાના થઇ પોરબંદર પહોંચેલ હતા. જ્યાં મહાત્મા ગાંધીના જન્મ સ્થળ કિર્તી મંદિરની મુલાકાત લીધેલ હતી. આ ઉપરાંત સુદામા મંદિર અને પ્રખ્યાત કથાકાર રમેશભાઇ ઓઝાના હરી મંદિરની મુલાકાત લેવામાં આવેલ હતી. પ્રવાસના ખર્ચને પહોંચી વળવા માટે 'સમાજરત્ન' શ્રી વિનોદભાઇ પી. સોલંકી, ડૉ. મનોજભાઇ પી. સોલંકી, શ્રી બાબુલાલભાઇ એસ. ચૌહાણ તથા શ્રી દામજીભાઇ એચ. વરૂ દરેક દ્વારા રૂા. ૧૧,૦૦૦ નો આર્થિક સહયોગ આપવામાં આવેલ હતો.

આ ઉપરાંત ઉપપ્રમુખ શ્રી વિનોદભાઇ એલ. ચૌહાણ, મંત્રી શ્રી રમેશભાઇ આર. ચૌહાણપ, માનદ્ વ્યવસ્થાપક શ્રી મોહનભાઇ ચૌહાણ, સહ વ્યવસ્થાપક શ્રીમતી અનસુયાબેન પરમાર, શ્રી હરિલાલભાઇ યાદવ, શ્રી રવિભાઇ ચૌહાણ, શ્રીમતી ભાનુબેન પરમાર, શ્રીમતી ઉષાબેન ચૌહાણ, શ્રીમતી ભાવનાબેન ચૌહાણ તરફથી આર્થિક સહયોગ મળેલ હતો અને વ્યવસ્થા માટે પ્રવાસમાં સાથે જોડાયેલ હતા. ખુબજ હર્ષોલ્લાસ અને આનંદમય વાતાવરણમાં પ્રવાસ પૂર્ણ થયેલ હતો.

## ક.ગુ.ક્ષ. સમાજના સેવાભાવી અગ્રીણના અવસાનથી સમાજમાં શોક ફેલાયો



શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજની વિવિધ સંસ્થાઓમાં સેવા આપનાર અગ્રણી સ્વ. કાન્તિલાલ રામજીભાઇ પરમારના અવસાનથી સમાજમાં શોકની લાગણી ફેલાઇ હતી. સ્વ. કાન્તિભાઇ કુકમા મુકામે ચાલતા સમાજના એકમાત્ર કન્યા છાત્રાલયના સ્થાપક સભ્ય હતા તથા પ્રમુખ અને માનદ્ વ્યવસ્થાપક તરીકે લાંબા સમય સુધી સેવાઓ આપેલ હતી. આ સિવાય તેમણે રાષ્ટ્રીય મહાસભાના ઉપપ્રમુખ, ક.ગુ.ક્ષ. કેળવણી મંડળ, ક.ગુ.ક્ષ. સાર્વજનિક ટ્રસ્ટ, કુકમા ઘટક, નુતન કેળવણી મંડળ, ગાંધીધામ ગુ.ક્ષ. સાર્વજનિક ટ્રસ્ટના પ્રમુખ તરીકે યાદગાર સેવાઓ આપેલ હતી.

ભુકંપ બાદ 'ઇફકો' કંપનીના સહાય ફંડમાંથી કુકમા ગામે વિવિધ સમાજના ધ્વંશ થયેલ બાંધકામોના પુનઃ નિર્માણમાં તેમનો સિંહફાળો રહ્યો હતો. આશાપુરા કંપનીના ડાયરેક્ટર તરીકેના તેમના કાર્યકાળમાં બેરોજગાર યુવાનોને માર્ગદર્શન આપી રોજગાર અપાવેલ હતો. તેમના અવસાન બાદ કુકમા મુકામે યોજાયેલ પ્રાર્થના સભામાં રાજ્યમંત્રી શ્રી ત્રિકમભાઇ છાંગા, રાષ્ટ્રીય મહાસભા તથા કન્યા છાત્રાલયના પ્રમુખ 'સમાજરત્ન' શ્રી વિનોદભાઇ સોલંકી, ઉપપ્રમુખ વિનોદભાઇ ચૌહાણ, ક.ગુ.ક્ષ. કેળવણી મંડળના પ્રમુખ ડૉ. મનોજભાઇ સોલંકી, પ્રા. પ્રમુખ બાબુભાઇ ચૌહાણ તથા વિવિધ સંસ્થાના હોદ્દેદારોએ તેમને શ્રદ્ધાંજલી આપી હતી.

# શ્રી ક.ગુ.ક્ષ. વિધાર્થી ભવન - ભુજ





શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય વિધાર્થી ભવન - ભુજ મધ્યે આજ રોજ રાષ્ટ્રીય પર્વ ૨૬ જાન્યુઆરી અવસરે ક.ગુ.ક્ષ. કેળવણી મંડળ ના ઉપપ્રમુખ શ્રી વિનોદભાઈ ચૌહાણના હસ્તે ધ્વજ વંદન કરવામાં આવ્યું. આ અવસરે ભુજ ઘટકના વરિષ્ઠ વડીલો શ્રી વ્રજલાલભાઈ પરમાર તથા ગં.સ્વ. દયાબેન ચૌહાણનું ભુજ વિધાર્થી ભવનના પ્રમુખ શ્રી દિપકભાઈ ચૌહાણ તથા મંત્રી શ્રી ઉમંગભાઇ પરમારના હસ્તે સન્માન કરવામાં આવ્યું. શ્રી વિનોદભાઈ સાથે શ્રી બાબુભાઈ ચૌહાણ, શ્રીમતી અમિતાબેન સોલંકી, શ્રીમતી રીટાબેન ચૌહાણ, શ્રી જયસિંહભાઈ પરમાર, શ્રી સુરેશભાઈ પરમાર, શ્રી દિપકભાઈ ચૌહાણએ શુભેચ્છા પાઠવી. ભૂકંપની ૨૫મી વરસી નિમિત્તે ૨૬ જાન્યુ.૨૦૦૧ના રોજ અવસાન પામેલા આપણા સમાજના દિવંગતો ને શ્રદ્ધાંજલિ પાઠવવામાં આવી. ભુજ ભવનના યુવા અને સેવાભાવી કારોબારી સભ્યને તેમની નાળિયરવિધિ બદલ શુભેચ્છા પાઠવવામાં આવી. સારી એવી સંખ્યામાં રાષ્ટ્રપ્રેમી સમાજ બાંધવો ઉપસ્થિત રહ્યા.સંચાલન મંત્રી શ્રી ઉમંગભાઇ પરમારે તથા આભાર વિધિ ઉપપ્રમુખ શ્રી ઉમેશભાઈ ચૌહાણે કરી હતી. ઉપપ્રમુખ શ્રી ધીરેનભાઈ ટાંક તથા ભુજ બોર્ડિંગ ના વિધાર્થીઓ એ વ્યવસ્થા સંભાળી હતી.

# શ્રી બ્રહ્માણી માતાજી - નાગોર

નાગોર ગામના ચૌહાણ નુખના કુળદેવી શ્રી હંસવાહિની બ્રહ્માણી માતાજીના સાનિધ્યમાં **એકવીસમો પાટોત્સવ સંવત ૨૦૮૨ના વૈશાખ સુદ-૧૦, તા. ૨૬-૦૪-૨૦૨૬, રવિવારના રોજ ઉજવવામાં આવશે.** આથી સર્વે ગોઠી પરિવારોને ધર્મલાભ લેવાનું ભાવભર્યું આમંત્રણ આપવામાં આવે છે. વિશેષ માહિતી માટે **શ્રીમતી રમાબેન નિરંજનભાઈ ચૌહાણ - નાગોર, મો. ૯૫૩૭૮ ૧૦૭૭૮ નો સંપર્ક કરવો** તેમજ અન્ય માહિતિ માટે. **સમુહપ્રસાદના દાતા (૧) કિશોરભાઈ જીવરામભાઈ ચૌહાણ (ત્રિચિનાપલ્લી-તમિલનાડુ)**

વેબસાઈટ : nagorschauhan.weebly.com

પ્રસારણ નિહાળવા યુ-ટ્યુબ ઉપર
ChauhanParivarNagor

**મંત્રી - નિરંજનભાઈ કેશવજીભાઈ ચૌહાણ**
**મો. ૯૬૮૭૧૯૧૮૯૬**

# અનંતની યાત્રાએ...

ચાઇબાસા (અંજાર) નિવાસી શ્રી હિતેશભાઇ ખુશાલભાઇ જેઠવા (ઉ.વ.૫૮)નું તા. ૦૮-૦૧-૨૦૨૬ના રોજે અવસાન થયેલ છે.

કુમ્હારી નિવી શ્રીમતી નુતનબેન જેઠવા (ઉ.વ.૪૦)નું તા. ૨૪-૧૨-૨૦૨૫ના રોજે અવસાન થયેલ છે.

માધાપર (રેહા) નિવાસી ગં.સ્વ. હરીકુંવરબેન દામજીભાઇ વાઘેલા (ઉ.વ.૮૦)નું તા. ૨૩-૧૨-૨૦૨૫ના રોજે અવસાન થયેલ છે.

રાયગઢ (રેહા) નિવાસી ગં.સ્વ. દમયંતિબેન દેવજીભાઇ પરમાર (ઉ.વ.૮૦)નું તા. ૧૨-૧૨-૨૦૨૫ના રોજે અવસાન થયેલ છે.

માધાપર (હાજાપર) નિવાસી શ્રી અશ્વીનભાઇ નરશીભાઇ યાદવ (ઉ.વ.૬૪)નું તા. ૦૭-૧૨-૨૦૨૫ના રોજે અવસાન થયેલ છે.

નાગલપર નિવાસી શ્રી મોહનલાલ નરશીભાઇ ટાંક (ઉ.વ.૮૬)નું તા. ૨૬-૧૧-૨૦૨૫ના રોજે અવસાન થયેલ છે.

માધાપર (ખંભરા) નિવાસી શ્રી બલરામભાઇ નટવરલાલ ચાવડા (ઉ.વ.૬૬)નું તા. ૦૨-૧૨-૨૦૨૫ના રોજે અવસાન થયેલ છે.

અમદાવાદ (નાગલપર) નિવાસી શ્રી વલમજીભાઇ દેવરામભાઇ ચૌહાણ (ઉ.વ.૮૫)નું તા. ૧૩-૧૧-૨૦૨૫ના રોજે અવસાન થયેલ છે.

ચંદ્રપુર નિવાસી શ્રી રાજેન્દ્રભાઇ જીવરામભાઇ ટાંકનું તા. ૧૯-૧૨-૨૦૨૫ના રોજે અવસાન થયેલ છે.

ચંદ્રપુર નિવાસી શ્રી ચુનીલાલભાઇ ભવાનજીભાઇ ચૌહાણ (ઉ.વ.૯૩)નું તા. ૧૩-૦૧-૨૦૨૬ના રોજે અવસાન થયેલ છે.

રાઉરકેલા સીનુગ્રા નિવાસી શ્રી ખુશાલભાઈ મોહનભાઈ ચાવડા (ઉ.વ.૮૯)નું તા. ૩૦/૧૨/૨૦૨૫ના રોજે અવસાન થયેલ છે.

અંજાર નિવાસી અ.સૌ. મીતાબેન અરવિંદભાઇ મૈયાણી પરમાર

(ઉ.વ.૬૩)નું તા. ૧૯-૦૨-૨૦૨૬ના રોજે અસાન થયેલ છે.

અંજાર (માધાપર) નિવાસી શ્રી ભરતભાઇ છગનભાઇ સોલંકી (ઉ.વ.૭૪)નું તા. ૦૩-૦૨-૨૦૨૬ના રોજે અવસાન થયેલ છે.

અંજાર નિવાસી ગં.સ્વ. સાવિત્રીબેન જીવરામભાઇ સોલંકી (ઉ.વ.૯૪)નું તા. ૦૯-૧૨-૨૦૨૬ના રોજે અવસાન થયેલ છે.

અંજાર નિવાસી કેશવજીભાઇ મનજીભાઇ જેઠવા (ઉ.વ.૮૪)નું તા. ૨૧-૦૧-૨૦૨૬ના રોજે અવસાન થયેલ છે.

માધાપર (રેહા) નિવાસી શ્રી વૃજલાલ મોહનલાલ ચૌહાણ (ઉ.વ.૭૧)નું તા. ૧૯-૦૧-૨૦૨૬ના રોજે અવસાન થયેલ છે.

માધાપર (નાગોર) નિવાસી શ્રી મુળરાજભાઇ મોહનલાલ ચૌહાણ (ઉ.વ.૬૯)નું તા. ૨૦-૦૧-૨૦૨૬ના રોજે અવસાન થયેલ છે.

કુકમા નિવાસ શ્રી કાંતિલાલ રામજીભાઇ પરમાર (ઉ.વ.૮૭)નું તા. ૦૭-૦૨-૨૦૨૬ના રોજે અવસાન થયેલ છે.

માધાપર (કુકમા) નિવાસી ગં.સ્વ. કાશીબેન કરસનભાઇ ચૌહાણ (ઉ.વ.૯૭)નું તા. ૦૨-૦૨-૨૦૨૬ના રોજે અવસાન થયેલ છે.

પીપળોઇ-ખંભાત (સિનુગ્રા) નિવાસી ગં.સ્વ. જ્યોતિબેન હેમરાજભાઇ ચૌહાણ (ઉ.વ.૮૭)નું તા. ૦૩-૦૨-૨૦૨૬ના રોજે અવસાન થયેલ છે.

રાજકોટ (ગળપાદર) નિવાસી ગં.સ્વ. ગુણવંતીબેન મનહરભાઇ ચાવડા (ઉ.વ.૮૧)નું તા. ૨૬-૦૧-૨૦૨૬ના રોજે અવસાન થયેલ છે.

અમદાવાદ (કુકમા) નિવાસી શ્રી રણછોડભાઇ ડાયાભાઇ રાઠોડ (ઉ.વ.૮૪)નું તા. ૧૯-૦૧-૨૦૨૬ના રોજે અવસાન થયેલ છે.

અમદાવાદ (દેવળીયા) નિવાસી શ્રી સોહનભાઇ રણછોડભાઇ રાઠોડ (ઉ.વ.૬૪)નું તા. ૦૯-૦૨-૨૦૨૬ના રોજે અવસાન થયેલ છે.

અમદાવાદ (હાજાપર) નિવાસી શ્રી દિનેશભાઇ ભાણજીભાઇ યાદવ (ઉ.વ.૭૩)નું તા. ૧૦-૦૨-૨૦૨૬ના રોજે અવસાન થયેલ છે.

વિશાખાપટ્ટનમ (કુકમા) નિવાસી શ્રી પરસોત્તમભાઇ લાલજીભાઇ પરમાર (ઉ.વ.૭૮)નું તા. ૦૮-૧૨-૨૦૨૬ના રોજે અવસાન થયેલ છે.

નાગલપર (સિનુગ્રા) નિવાસી શ્રીમતી લીનાબેન દિનેશભાઇ ચૌહાણ (ઉ.વ.૫૫)નું તા. ૨૭-૦૧-૨૦૨૬ના રોજે અવસાન થયેલ છે.

કુકમા (રેહા) નિવાસી ગં.સ્વ. જયાબેન પુરૂષોત્તમભાઇ ચૌહાણ (ઉ.વ.૮૨)નું તા. ૧૩-૦૨-૨૦૨૬ના રોજે અવસાન થયેલ છે.

કુકમા નિવાસી ગં.સ્વ. કલાવંતીબેન કિશોરભાઇ પરમાર (ઉ.વ.૫૬)નું તા. ૧૯-૦૧-૨૦૨૬ના રોજે અવસાન થયેલ છે.

કુકમા નિવાસી ગં.સ્વ. મણીબેન માધવજીભાઇ પરમાર (ઉ.વ.૮૫)નું તા. ૨૫-૦૧-૨૦૨૬ના રોજે અવસાન થયેલ છે.


કુકમા (અંજાર) નિવાસી શ્રી મણીલાલ લાલજીભાઇ ચાવડા (ઉ.વ.૮૦)નું તા. ૦૭-૦૧-૨૦૨૬ના રોજે અવસાન થયેલ છે.

કુકમા (રેહા) નિવાસી ગં.સ્વ. જ્યોતીબેન દામજીભાઇ સોલંકી (ઉ.વ.૬૦)નું તા. ૦૫-૦૧-૨૦૨૬ના રોજે અવસાન થયેલ છે.

કુકમા (જાંબુડી) નિવાસી શ્રી જયંતિલાલ ગાંગજીભાઇ ચૌહાણ (ઉ.વ. ૭૭)નું તા. ૦૫-૦૧-૨૦૨૬ના રોજે અવસાન થયેલ છે.

કુકમા (ખંભરા) નિવાસી શ્રી હિંમતલાલ અમરશીભાઇ ચૌહાણ (ઉ.વ.૭૫)નું તા. ૦૫-૦૧-૨૦૨૬ના રોજે અવસાન થયેલ છે.

# ભાવપૂર્ણ શ્રદ્ધાંજલિ



## સ્વ. કાન્તિલાલ રામજીભાઈ પરમાર - કુકમા

**સ્વર્ગવાસ તારીખ : ૦૭/૦૨/૨૦૨૬, શનિવાર, મહાવદ–૬**

**(પૂર્વ પ્રમુખશ્રી, કચ્છ ગુર્જર ક્ષત્રિય સાર્વજનિક ટ્રસ્ટ)**

**નૈનં છિન્દન્તિ શસ્ત્રાણિ નૈનં દહતિ પાવકઃ ।**
**ન ચૈનં ક્લેદયન્ત્યાપો ન શોષયતિ મારૂતઃ ॥**

આપણા સમાજના સન્માનનિય અને સેવાભાવી બુઝુર્ગ વડીલ સ્વ. કાન્તિલાલ રામજીભાઇ પરમારને વિનમ્ર શ્રદ્ધાંજલિ.... સાર્વજનિક ટ્રસ્ટના પ્રમુખ તરીકે લાંબા સમય સુધી આપેલ સેવાઓ હંમેશા યાદ રહેશે. આર્થિક રીતે નબળા પરિવારો અને છાત્રોની સહાયના વિતરણમાં આપશ્રી હંમેશાં ચિંતિત રહેતા હતા. આપશ્રી તરફથી જીવનના અંતિમ શ્વાસ સુધી મળેલ માર્ગદર્શન હંમેશા અમોને પ્રેરણા આપશે.

પરમકૃપાળુ પરમાત્મા આપના દિવ્ય અને પવિત્ર આત્માને ચિરઃ શાંતિ પ્રદાન કરે તેવી પ્રાર્થના... ૐ શાંતિ... શાંતિ... શાંતિ...

**:: શોકમગ્ન ::**

| | |
|---|---|
| વિનોદભાઇ લીલાધરભાઇ ચૌહાણ | પ્રમુખ |
| મોહનલાલ કુંવરજીભાઇ ચૌહાણ | ઉપપ્રમુખ |
| વેલજીભાઇ નાનજીભાઇ ચૌહાણ | મંત્રી |
| વિનોદભાઇ કેશવજીભાઇ પઢિઆર | સભ્ય |
| રમેશચંદ્રભાઇ રણછોડભાઇ ચૌહાણ | સભ્ય |
| જયસિંહભાઇ અમૃતલાલ પરમાર | સભ્ય |
| હરિલાલભાઇ નાનજીભાઇ યાદવ | સભ્ય |

**શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સાર્વજનિક ટ્રસ્ટ**

**(રજી. નં. ઇ–૭૯૨/કચ્છ)**




KIA

Movement that inspires

## RATHOD KIA

**(3S-Sales, Service, Spares)**

Survey No. 916, 1496, Balitha, Vapi- 396191

TOYOTA

## RATHOD TOYOTA

**(3S-Sales, Service, Spares)**

**Vapi :** Survey No. 315/1, N.H.No.48,
Balitha, Vapi.
**Navsari :** Block No. 1064, Opp. Sai Mandir
Sisodra Ganesh, Navsari.







croma

in-store | online | mobile

India's leading Consumer Durables and
Electronics (CDE) retailer

## Rathod Chambers

Daman Road, Chala, Vapi- 396191

SANDY RESORT

Devka Beach, Daman - 396210
Mail : info@sandyresort.com
Website : www.sandyresort.com
Phone : 9727 223333




# Late **Amritlal V. Rathod**

Nitin A. Rathod - 9898 907750
Rajen A. Rathod - 9898 907744
Ashok A. Rathod - 9898 907740
Ashish A. Rathod - 9898 907747

**Residence : Rathod House, Near Tapi complex, Udwada (RS) Dist. Valsad, Gujarat - 396 185.**

# ભાવપૂર્ણ શ્રદ્ધાંજલિ



## સ્વ. ખુશાલભાઈ મોહનભાઈ ચાવડા

જન્મ તા. ૧૯/૦૩/૧૯૩૬ સ્વ.તા. ૩૦/૧૨/૨૦૨૫

મુળ ગામ : સિનુગ્રા

હાલ મુકામ : રાઉરકેલા (ઉડિસા)

नैनं छिन्दन्ति शस्त्राणि नैनं दहति पावकः ।
न चैनं क्लेदयन्त्यापो न शोषयति मारुतः ॥

અમારા સર્વશ્રેષ્ઠ માર્ગદર્શક, આધાર સ્તંભ, પ્રેરણા સ્ત્રોત એવા પિતાશ્રીને હૃદયપૂર્વક નમન. દેહથી ભલે દુર છે પરંતુ તમારા સંસ્કાર, હિંમત અમારી જીવનયાત્રામાં દરેક પડાવ પર પ્રકાશમય બની રહે છે.

તમારી યાદ જ અમારી શક્તિ અને તમારા આદર્શ જ અમારી દિશા છે. તમારી આત્માને અનંત તથા દિવ્ય શાંતિ પ્રાપ્ત થાય એવી પ્રભુ પાસે પ્રાર્થના...

ૐ શાંતિ... શાંતિ... શાંતિ...

**:: શોકમગ્ન પરિવારજનો ::**

| | |
|---|---|
| ગં.સ્વ. પુષ્પાબેન ખુશાલભાઈ ચાવડા | (પત્ની) |
| રાજેશભાઈ ખુશાલભાઈ ચાવડા | (પુત્ર) |
| કવિતાબેન અતુલભાઈ ચાવડા – ભુવનેશ્વર | (પુત્રવધુ–પુત્ર) |
| ડિમ્પલબેન કિશનભાઈ ચાવડા | (પુત્રવધુ–પુત્ર) |
| હિનાબેન હિતેશભાઈ વેગડ – સંબલપુર | (પુત્રી–જમાઈ) |
| હાર્દિક રાજેશભાઈ ચાવડા | (પૌત્ર) |
| રિશી રાજેશભાઈ ચાવડા | (પૌત્ર) |
| હૃદય અતુલભાઈ ચાવડા | (પૌત્ર) |
| કુશાગ્ર કિશનભાઈ ચાવડા | (પૌત્ર) |
| પ્રિયલ અતુલભાઈ ચાવડા | (પૌત્રી) |
| પાયલ હિતેશભાઈ વેગડ | (દોહિત્રી) |
| પ્રિયાંકા વિદ્યા શેખર | (દોહિત્રી) |

**સમસ્ત ચાવડા પરિવારના જયશ્રી કૃષ્ણ**


આપણા સમાજના સર્વે ભાઈઓ અને બહેનો માટે

**સુવર્ણ તક**

ભગવાન શ્રીમહાકાલની નગરી અને ભવ્ય તીર્થસ્થળ ઉજ્જૈન પધારતા દરેક સમાજજનો માટે અમારી હોટેલમાં

**ખાસ ૨૦% ડિસ્કાઉન્ટ**

ની સુવિધા ઉપલબ્ધ છે.
આ પાવન અવસરનો લાભ લઈ અમને સેવાનો અવસર આપશો.

**HOTEL Shrimmaya GROUP UJJAIN**

Freeganj, Ujjain (M.P.) ☎ 0734 2514402 📞 +91 79998 90676
Email : shrimmaya@outlook.com www.shrimmaya.com

**અન્ય વિશેષ સેવાઓ**

- દરેક પ્રકારની પૂજા-પાઠ
- મંગલ દોષ નિવારણ પૂજા / કાલસર્પ દોષ પૂજા
- ભસ્મ આરતી તથા અભિષેક દર્શન
- ઉજ્જૈન દર્શનની સુવિધા પણ ઉપલબ્ધ

ભગવાન શ્રીમહાકાલની કૃપા સર્વે પર વરસતી રહે



**Shrimm Tours & Travels**

- International & Domestic Packages
- Flight, Cruise & All Ticketing
- MICE & Foreign Education
- All Country VISA & Forex

📞 +91 99933 60753 ☎ 0734 42530174
www.shrimmaya.com Email : travels.mp@shrimmaya.com



## Surbhi Uniforms

Mundra's first professional uniform manufacturer catering to all types of industrial, corporate, school and hospitality uniforms with precision and quality.

**HARI GADHVI**
+91-88499 50576
Email : info@surbhiuniforms.com
Web : www.surbhiuniforms.com

Surbhi uniforms



## Surbhi Hotel

A legacy of serving with the highest regard for quality and comfort since 2007. Offering luxury with convenience, Hotel Surbhi is Mundra's premier choice for business and leisure stays.

Hotel Surbhi™ The Relief Home

**HOTEL SURBHI**
+91-99796 70996
Email : info@hotelsurbhi.com
Web : www.hotelsurbhi.com




## Saarvin Custom Clearance

Licensed custom's broker at Mundra port facilitating smooth and hassle free import and export cargo operations.

**NIGAM CHAVDA**
+91-99208 43135
Email : saarvincc@gmail.com

SAARVIN
CUSTOM CLEARANCE



Gayatri estate

## Gayatri Estate

Your Real Estate Dreams, Under One Roof. With a legacy since 1998, Gayatri Estate is Mundra's premier real estate developer and realtor. From residential projects to commercial spaces, we deliver trust, transparency, and timeless value.

**NISHANT CHAVDA**
+91-81419 06635

# SURBHI GROUP OF COMPANIES
## B.D. CHAVDA & FAMILY - MUNDRA KUTCH



*आत्मिय प्रियजन,*

मैं आपका किमती समय लेना चाहता हु मेरा परिचय देने हेतु, मेरा नाम *मितेष जे. खोडियार* है। मैं अल.आई.सी., मेडीक्लेम एवं जनरल बीमा पोलीसी के माध्यम द्वारा बचत करना, बच्चो की उच्च शिक्षा हेतु बचत, रीटार्यमेन्ट पेन्सन का आयोजन एवं इनकम टेक्समे लाभ हेतु लोगो की और उनके परिवारजनोकी मदद करता हु। मैं पिछले 15 वर्षो से लगभग 1800 जीतने लोगो की और उनके परिवारजनोकी मदद करता आया हु। जिसकी S.A.U.M 48 Cr. से अधीक है। मैं मेरे अनुभव द्वारा अपने समाजके लोगो का भविष्य सुरक्षीत करना चाहता हु। कृप्या मुजे आपकी सेवा का अवसर प्रदान करने का मोका दे।

**भविष्य सुरक्षा हेतु सुझाव**

- संपूर्ण परिवार सुरक्षा बीमा
- स्वास्थ बीमा केशलेश सुविधा के साथ
- जिवनभर आय की बचत योजना
- बच्चो की उच्च शिक्षा और विवाह कि बचत योजना
- स्पेश्यल कन्यादान बीमा योजना
- पेन्शन बीमा बचत योजना
- वाहन, मकान एवं दुकान का बीमा
- करोड़पति योजना
- विदेश यात्रा बीमा

*घर बेठे आनलाईन, पेपरलेश, टाईमलेश बीमा पोलीसी की सेवा अपलब्ध है।**

FINANCIAL PEACE PRODUCER
TRANSFORMING STRESS IN TO PEACE

LIC
भारतीय जीवन बीमा निगम
LIFE INSURANCE CORPORATION OF INDIA

MDRT®

Insurance for NRI & FNIO*

STAR Health Insurance
HDFC ERGO Take it easy!
IFFCO-TOKIO GENERAL INSURANCE Muskurate Raho

Subscribe to my

Plot No. 104/1, Chitrakut Society, Anjar (Kutch) 370110. +91 94298 15099 mitesh.khodiar@gmail.com
Facebook.com/insurancebimapolicy insurance_bima_policy YouTube @InsuranceBimaPolicy
Jd Mitesh J. Khodiar Gandhidham



॥ ઓમ શાંતિઃ ॥

# ભૂમિપૂજા એસ્ટેટ એજન્સી

**લેન્ડ ડેવલોપર્સ એન્ડ એસ્ટેટ એજન્ટ**

જમીન, વાડી, પ્લોટ, બંગલા લે-વેંચ માટે વિશ્વાસપાત્ર સ્થળ

કચ્છ જીલ્લાના કોઈપણ તાલુકામાં જમીન મળી શકશે



**બ્રહ્માકુમાર બાબુલાલભાઈ અરજણભાઈ પરમાર**
(ખંભરા)

ઉપપ્રમુખશ્રી, શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભા

Mob. 98252 97341

ઓફીસ : વિજયનગર, હોસ્પિટલ રોડ, ભુજ (કચ્છ) ફોન : Mo. 9537738640 (Deep)


Lighten Up Your Life...
Anil Khodiyar
+91 98252 36151
Sumeet Khodiyar
+91 98791 95121
Jigar Khodiyar
+91 98794 04009
Khodiyar Group
Khodiyar Engineering Works
Urja Engineering Company
Perfect Power System
Unique Power System
Electrical Contractors | Consultants | Engineers
Mfrs. Of : PCC, MCC, APFC, AMF, VFD, LDB, DG SET, ATS & Solar Panels
Authorised Importer
TENSE®
ELEKTRİK - ELEKTRONİK SAN. TİC. A.Ş.
LS ELECTRIC
Authorised Distributor
C&S electric
RR KĀBEL
Schneider Electric
socomec
Innovative Power Solutions
atandra
measure. protect. conserve
KRYKARD
APFC PANEL
Office & Works :- Shed No. L-46, 47, 48 & M-49, 50, G.I.D.C., Gandhidham (Kutch) 370201 Gujarat, India.
info@urjaengg.com, jigar@urjaengg.com www.urjaengg.com




UNITRON

*The Instrumentation People*



Vipin Rathod
Managing Director

**UNITRON INSTRUMENTATION PVT. LTD**

The leading Suppliers of Scientific and Material Testing Equipments in India.
Our major customers are Aerospace, Aeronautics, Automotive, Semiconductor, Steel, Foundry & Forge, Surface Coating Industry and Materials Research.

**Head Office:**
127/34, 7th Cross, 4th Main Road, Wilson Garden, Bangalore-560027
Tel: (080) 2227 5369, 2210 3752 Fax: (080) 2224 4717

Branch Offices : Chennai, Delhi(Gurgaon), Pune

Email- info@unitron.in
Web: www.unitron.in

SETU SAMAJ SANDESH - RNI NO. GUJ GUJ / 2008/25938
Published on March-2026
Postal Registration No. G-KCH-185/2026-2028 Posted at S.O. BHUJ on 2nd of Every Month.

|| જય સીયારામ ||



# 'સમાજરત્ન' શ્રી વિનોદભાઈ પુરૂષોત્તમભાઈ સોલંકી પરિવાર
# SHREE RAM GROUP OF INDUSTRIES

## શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય કન્યા છાત્રાલય – કુકમા (કચ્છ)

ટ્રસ્ટ રજી. નં. ૧૧૭૪ (કચ્છ) સ્થાપના : તા. ૩૦/૭/૧૯૯૪) પો. કુકમા (તા. ભુજ–કચ્છ) ૩૭૦૧૦૫, ફોન નં. (૦૨૮૩૨) ૨૭૧૩૫૪

આપના દાનની રકમ બેંક ઓફ બરોડા - માધાપર એકાઉન્ટ નં. 09460100003842 IFSC Code : BARB0KUKMAX માં જમા કરાવી શ્રી મોહનલાલ કુંવરજી ચૌહાણ મો. 9427767810 ને છાત્રાલયના સરનામે જાણ કરવાથી રસીદ મોકલી આપવામાં આવશે.

PAN NO. AABTS 4600 B

**દાન માટે અપિલ :-**

રૂા. ૫૦,૦૦૦/- કે તેથી વધુ દાન આપનાર મુરબ્બી દાતાશ્રી
રૂા. ૧૦,૦૦૦/- કે તેથી વધુ દાન આપનાર શુભેચ્છા દાતાશ્રી
રૂા. ૫,૦૦૦/- કે તેથી વધુ દાન આપનાર આશ્રય દાતાશ્રી
રૂા. ૪,૦૦૦/- નું દાન આપનાર પુણ્ય સ્મૃતિ ભોજન દાતાશ્રી તથા ખુશાલી ભોજન દાતાશ્રી
રૂા. ૨,૦૦૦/- નું દાન આપનાર આજીવન સભ્યશ્રી

આપનું દાન ૮૦-જી (૫) મુજબ આવકવેરા મુક્તિને પાત્ર છે

શ્રી ક.ગુ.ક્ષ. કન્યા છાત્રાલયમાં અભ્યાસ કરવા આવનાર તમામ કન્યાઓને કન્યા છાત્રાલય તથા મહાસભાના આદ. પ્રમુખ 'સમાજરત્ન' શ્રી વિનોદભાઈ પુરૂષોત્તમભાઈ સોલંકી પરિવારના સૌજન્યથી નિઃશુલ્ક પ્રવેશ આપવામાં આવશે.

**આપના વિનમ્ર**

'સમાજરત્ન' શ્રી વિનોદભાઈ પી. સોલંકી - પ્રમુખ
શ્રી જેઠાલાલ પી. પરમાર - ચેરમેન
શ્રી પ્રફુલ્લચંદ્ર કે. ટાંક - સલાહકાર પ્રમુખ
શ્રી રમેશચંદ્ર આર. ચૌહાણ - મંત્રી
શ્રી વિનોદભાઈ એલ. ચૌહાણ - ઉપપ્રમુખ
શ્રી વિનોદભાઈ કે. પઢિઆર - ઉપપ્રમુખ
શ્રી પ્રભુલાલ પી. પરમાર - ઉપપ્રમુખ
શ્રી મોહનલાલ કે. ચૌહાણ - માનદ્ વ્યવસ્થાપક
શ્રી રસીકલાલ પી. ચૌહાણ - સહમંત્રી
શ્રી ઉમંગભાઈ એમ. પરમાર - સહમંત્રી
શ્રી અનિલભાઈ ડી. ચૌહાણ - કોષાધ્યક્ષ
શ્રીમતી અનસુયાબેન જે. પરમાર - સહ વ્યવસ્થાપક

માલિક અને પ્રકાશક : પ્રમુખ શ્રી વિનોદભાઈ પુરૂષોત્તમભાઈ સોલંકી, જુનાવાસ, મેઈન બજાર, પો. માધાપર, તા. ભુજ (કચ્છ), માનદ્ તંત્રી શ્રી ડૉ. મનોજભાઈ પુરૂષોત્તમભાઈ સોલંકી, ચિંતન ફાર્મ, પો. કુકમા, તા. ભુજ (કચ્છ) મો. ૯૮૭૯૯૨૮૧૦૦ વતીથી, ગાયત્રી ગ્રાફીક્સ - અંજાર ખાતે તૈયાર કરાવી, મુદ્રક : શ્રી હરિ ઓફસેટ - ફર્સ્ટ ફ્લોર, નરનારાયણ ચેમ્બર, સ્ટેશન રોડ, ભુજ (કચ્છ) ફોન : (૦૨૮૩૨) ૨૨૬૦૦૭ ખાતે છાપ્યું અને એસ.ઓ. પોસ્ટ ઓફીસ : ભુજથી પ્રસિદ્ધ કર્યું.